॥ હરિ:ૐ ॥



# કૃપા

- પૂજ્ય શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટા
હરિ:ૐ
હરિ:ૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટા

## વિરચિત

# કૃપા


સંપાદક

**રમેશ મ. ભટ્ટ**



**હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત**

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** | **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૭૩ | ૧૧૦૦ | ત્રીજી | ૨૦૧૩ | ૧૦૦૦ |
| બીજી | ૧૯૯૨ | ૨૦૦૦ | ચોથી | ૨૦૧૭ | ૧૦૦૦ |

❑ પૃષ્ઠ : ૨૦ + ૧૨૮ = ૧૪૮

❑ કિંમત : **રૂ.** ૨૦/-

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

## (ચોથી આવૃત્તિ)

પૂ.શ્રીમોટાનો સંગ પામી ધન્યતાનો અનુભવ કરનાર, વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, પોતાના કાર્યના ભોગે પણ સુરત અને નડિયાદ બન્ને આશ્રમના વાર્ષિક હિસાબોને અંતિમ સ્વરૂપ આપી, સરકારી કચેરીઓમાં રજૂ કરવાની સેવા કરનાર, મૃદુભાષી, નખશિખ સજ્જન અને પૂ.શ્રીના કૃપાપાત્ર એવાં મુંબઈ સ્થિત

**શ્રી અનિલભાઈ મોહનલાલ શાહ**

તથા તેમનાં ધર્મપત્ની

**શ્રીમતી લતાબહેન અનિલભાઈ શાહને**

**'કૃપા'** પુસ્તકની આ ચોથી આવૃત્તિનું પ્રકાશન સમર્પણ કરતાં અમો આનંદ અને આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

તા. ૯-૭-૨૦૧૭
ગુરુપૂર્ણિમા
સં. ૨૦૭૩

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત

# ભાવાંજલિ

## (પ્રથમ આવૃત્તિ)

(અનુષ્ટુપ)

**વહાલા ઝીણાભાઈને ચરણે-**

આશ્રમની પહેલાંયે જેની પસંદગી થઈ,
કેવા કેવા તબક્કામાં તપશ્ચર્યા કર્યા કરી. ૧
નિર્મોહી પૂર્ણ નિર્લોભી, સદ્‌ભાવ ધારી જીવને,
જે જે મળે બધાંનેયે ચાહ્યા કરે ખરા દિલે. ૨
પ્રત્યેક કર્મને માટે શી તે તત્પરતા ધરે !
જેનું તેનું ચીંધ્યું કર્મ ઉત્સુક કરવા હૃદે. ૩
ભાગીને છૂટવા વૃત્તિ કશામાંથી ન એમને,
પૂરા ઉત્સાહી ખંતીલા મળેલાં કર્મને વિશે. ૪
ગમે ત્યારેય શા પોતે તૈયાર, સાબદા રહે,
નીરોગી, સાવ નિષ્ક્રોધી, કર્મની પટુતા દિલે. ૫
બધાંયે કર્મની કેવી શી આવડત એમને !
ના કશું કરવાની ના એમને મુખ નીકળે. ૬
આશ્રમ કાજ તો કષ્ટો કેવાં કેવાં સહ્યાં ચહી,
ફરિયાદતણો શબ્દ કાઢ્યો એક્કે ન મુખથી. ૭
જેના વિના કદી ચાલે નહિ આશ્રમ કો રીતે,
સાથે સાચવનારા શા બધાંનાય સ્વભાવને. ૮
જાત નીચોવી નાખી છે સમર્પણે જ ભાવથી,
જેને સમયની ટાંચ વર્તાતી જ કદી નથી. ૯
ગમે તે કામ છો સોંપો છતાં તત્પર શા સદા !
લેવા ઉપાડી પ્રેમેથી ને તે પાર ઉતારવા. ૧૦
સર્વને રાખવા રાજી પોતે શા વિજયી જ છે !
નિરભિમાની શા જેને, માનકેરી પડી ન છે ! ૧૧
સદાયે હસતા કેવા ! કર્મ વ્યાસંગમાં રમે,
નવરું બેસી ર્‌હેવાનું જેને કદીય ના ગમે. ૧૨

કશા વિશે ન ચિંતા છે, કશાની ચણચણાટી ના,
કોઈનુંયે નકારાત્મક પોતે બોલ્યા નથી કદા. ૧૩
'પ્રાણ આશ્રમના પોતે, છતાં પોતે ન કૈં જ છે,'
એ રીતે જીવતે વર્તે, પોતે નિઃસ્પૃહી સાવ છે. ૧૪
'મરતાંનેય કદી ક્હે ના મેર' એવા મનુષ્યને,
સંસારે વિરલા કોક ઝીણાભાઈ સમા મળે. ૧૫
પ્રતિષ્ઠા, કીર્તિની જેને સ્હેજે પડી નથી જગે,
સંબંધ આગવો પોતે બાંધવાનું ન તે ચહે. ૧૬
મહત્ત્વ આગવું ક્યાંયે પોતાનું દેખવા ન દે,
અન્યાય કેટલા કેવા પ્રેમે સહ્યા કરેલ છે. ૧૭
ખોટી રીતે થયા જેઓ ગુસ્સે તો એમના પરે,
તેવાની પર સદ્ભાવ, પ્રેમ તે નિત્ય ઠાલવે. ૧૮
વઢીને ધૂળ કાઢી છે ઝીણાભાઈની જેમણે,
સેવા એવાનીયે પોતે હર્ષે હર્ષે કરી જ છે. ૧૯
ભણ્યા ભલે ન છે પોતે, કિંતુ સાચું ભણેલ છે,
જીવન જે રીતે જીવે તે ભણતર, યોગ્ય છે. ૨૦
કળા, કુનેહ સૌ કર્મે, હોશિયારી બધી રીતે,
છતાં ચ્હેરા પરે એવું કળાયે છે ન કો' રીતે. ૨૧
કોઈને કૈં કહેવાની સ્પષ્ટ ચોખ્ખું ખરેખરું
-હિંમત તેમનામાં ના એવા છે સાવ શા ભીરુ ! ૨૨
વિનયશીલ, મર્યાદા ઓળંગે નવ કોઈની,
નમ્રતા એમના જેવી મળે ભાગ્યે જ કોકની. ૨૩
એવા મને મળ્યા પોતે સંભાળવા જ આશ્રમ,
એવાને ચરણે હર્ષે ધરું ભાવાંજલિ પદ. ૨૪

**- મોટા**

॥ હરિ:ૐ ॥

# કૃપાઅંશની ઝાંખી

## (પ્રથમ આવૃત્તિ)

સંવત ૨૦૨૮નો અષાઢ સુદ પૂનમ-ગુરુપૂર્ણિમાનો દિવસ છે.

'કૃપા'ના આ અવતરણ કાજે પૂજ્ય શ્રીમોટા હૃદયમાં, હૃદયથી હૃદયને પ્રાર્થના કરે છે. ગદ્‌ગદભાવથી પ્રાર્થના થયે જ જાય છે. તેથી, ભાવમસ્તીનો એક પ્રબળ વેગ પ્રગટે છે.

પણ એ સાથે જ અનેક રોગોથી ભરેલા પૂજ્ય શ્રીમોટાના શરીરમાં ઍસિડિટીની તીવ્ર બળતરાનો આરંભ થાય છે. એને શમાવવા જે કંઈ દવા લેવામાં આવી એથી એલર્જી થાય છે. હાથપગ પર સખત ખંજવાળ આવે છે.*

---

* - પૂ. શ્રીમોટાના એક મિત્ર શ્રી હરિએ કુંભકોણમ્‌થી એમના એક પત્રમાં મને આ અંગે જણાવેલી વિગત નીચે પ્રમાણે છે :-

But as a witness to the whole scene, I should say a few things quite frankly. The whole of "KRIPA" was written under the forcible stress of acidity-vigorous one indeed. Any ordinary human being would have made a hell of the whole thing apart from distrubing others in their work too. But, with Pujya Shri it was quite contrary! He was advocated some medicine for acidity; but, unfortunately it boosted the allergic effect; his whole body, including the tender portion of his lips, was experiencing an unbearable itching sensation! What of that, but unpertutbed, with usual quietness, with the same dynamic force, infallible, without any complaint or murmur, he went on writing the 'KRIPA'; as if he was symbolising the superb manoeuvre under on to the physical plane ! ! To have witnessed the Divine Drema was more than what one could learn from the writings. So, the defect is not with the witnessee but with the witness that it lies and in that case one has to be reminded often with the writings, and there it proves its supreme worth !

શરીરના આવા પ્રબળ વિરોધની પળે જ 'કૃપા' લેખનની ભાવમસ્તી કલમ પકડાવે છે અને સડસડાટ ચાલતી કલમ ચાર દિવસમાં તો કૃપા વિશે સમજાવા જેટલું લખી દે છે.

કૃપા વિષયક **આ** નિરૂપણ જ પ્રત્યક્ષ કૃપાઅંશ છે.

*　　　　　　　*　　　　　　　*

ઉપરની આ વિગત સહેતુક લખી છે, કેમ કે પૂજ્ય શ્રીમોટાએ કૃપાનાં સ્વરૂપની અને કાર્યની જે ઝાંખી આ પુસ્તક દ્વારા કરાવી છે, એનાં પ્રગટ રૂપોનો સંકેત ઉપરની હકીકતમાં છે.

કૃપા એ આત્મશક્તિ છે. **હરિ**ની લાડલી શક્તિ છે. આથી સર્વત્ર છે. વળી, એ શક્તિ પ્રગટ થઈ સક્રિય બને છે ત્યારે તે સાથે **હરિ** પણ અનુસ્યૂત હોય છે. એ કૃપાશક્તિનો ઉપયોગ આત્મકલાના વિકાસ કાજે જ થઈ શકે. કૃપાની આ કાજેની સહાય માટેનું સાધન પ્રાર્થના છે. પ્રાર્થનામાં આર્તતા અને આર્દ્રતાનું સાતત્ય જોઈએ. આવું સાતત્ય ઊંડી લગની કે રસ વિના આવી પણ ના શકે.

પૂજ્ય શ્રીમોટાએ કૃપા વિષયક વિવરણ લખવાનું સ્વીકાર્યું, પછી જેને વિશે લખવાનું હતું તે શક્તિ માટે પ્રાર્થના કરી. પૂજ્ય શ્રીમોટાના પરમ અનુભવના અખંડિતપણાને બુદ્ધિથી સમજી કે સમજાવી શકાય નહિ, તો પછી એવા અનુભવમાં કૃપાની સક્રિયતાને સમજવી આપણે માટે મુશ્કેલ છે. આમ છતાં પૂજ્ય શ્રીમોટા પ્રાર્થના બાબત જ્યારે પણ લખે છે ત્યારે એ પ્રાર્થના 'હૃદયમાં' થતી હોય છે. વળી, એ પ્રાર્થના પૂજ્ય શ્રીમોટા મોઢેથી-માત્ર શબ્દોથી કરતા દેખાતા નથી. પ્રાર્થના પણ 'હૃદયથી' થાય છે. તેમ જ એ પ્રાર્થના 'હૃદય'ને થાય છે. જે ભાવ પરમ કોટિએ પહોંચીને અખંડ બન્યો છે, એવા પરમ ભાવાનુભાવમાં પ્રતિષ્ઠિત આત્મનિષ્ઠની અભિવ્યક્તિ માટે 'શબ્દ' પોતે હંમેશાં ભાષારૂપ

જ બની રહેતો નથી. એ ‘વાણી’ને વ્યક્ત કરવા મથતો હોય છે. પૂજ્ય શ્રીમોટા જે ‘હ્દય’ને પ્રાર્થના કરે છે, એ હ્દય પ્રભુના પરમ અનુભવથી રસાયેલું છે. એટલું જ માત્ર નહિ, પણ પ્રભુરૂપ બનેલું છે. એને જે ‘હ્દય’થી પ્રાર્થના થાય છે, એ ‘હ્દય’ પણ પ્રભુનું છે. એમ હોવાથી જ પ્રાર્થના શક્ય બને છે. ‘હ્દય’થી ‘હ્દય’નો થતો પ્રાર્થના વહેવાર શબ્દાતીત જ હોય ! એથી એ ‘હ્દય’માં જ શક્ય બને છે. પૂજ્ય શ્રીમોટાની લેખનરીતિમાં ‘હ્દયને, હ્દયથી, હ્દયમાં’ એ જે શબ્દગુચ્છ આવે છે, એમાં પ્રત્યેક શબ્દ एक હોવા છતાં કક્ષાભેદે એ ત્રણેયના અર્થો ભિન્ન છે, એવી પ્રતીતિ કરવાની રહે છે.

આવા પ્રકારની પ્રાર્થનાના પ્રભાવથી કૃપાવિષયક જે વિવરણ થયું છે, એમાં પણ કક્ષાભેદે ‘કૃપા’ શબ્દ ભિન્ન ભિન્ન અર્થ છાયાઓ પ્રગટ કરે છે. ‘કૃપા’ શબ્દશક્તિનું પ્રાગટ્ય છે. એ વિષય કેટલો બધો અમૂર્ત છે, એ ‘કૃપા’ શબ્દ બોલનાર સૌ કોઈ બુદ્ધિથી સમજી શકે છે. એની એ અમૂર્તતાનું જે અનુભવદર્શન પૂજ્ય શ્રીમોટાને થયેલું એનું આમ શબ્દરૂપ આપવું – એ વિરલ ઘટના – પ્રાર્થના વિના કેવી રીતે અવતરી શકે ? પ્રાર્થનાના સાધનનો ઉપયોગ કૃપા પ્રાપ્તિ કાજે જરૂરી છે, પણ એ કૃપાશક્તિ આત્મકલાની આવી વિરલ અભિવ્યક્તિ કાજે જ અવતારી શકાય. કૃપા વિશેનો પાયાનો મુખ્ય વિચાર પૂજ્ય શ્રીમોટાએ આ સર્જન પ્રક્રિયાના પરિબળના આલેખન દ્વારા વાચક સમક્ષ મૂક્યો છે.

વળી, પૂજ્ય શ્રીમોટા કહે છે, કે કૃપા કોના પર રીઝે છે એનું ધોરણ પ્રાકૃતિક ભૂમિકાથી નક્કી ના થઈ શકે, કેમ કે ए તો આત્મશક્તિ છે. એનાં ધારાધોરણો પ્રકૃતિની ભૂમિકાથી ના સમજી શકાય. પોતાના જીવનધ્યેયને પામવા જેણે સતત પુરુષાર્થ કર્યો હોય, મથામણો અનુભવી હોય, સાહસો આદર્યા હોય, – આ બધું કરતાં કરતાં પણ વિકાસનો

અનુભવ ખોટકાતો જણાય ત્યારે હરિની કૃપા માટે ધા નંખાય છે. કૃપાશક્તિ આવા વિરલાને જ વરે છે. પૂજ્ય શ્રીમોટાએ 'કૃપા' લેખન કાજે પ્રાર્થના ભાવથી આવી પરમ શક્તિનું અવતરણ કરાવ્યું છે. આથી, 'કૃપા' વિષયક આ પ્રકારની સમજૂતી શક્ય બની છે.

**કૃપા ભૂમિકા જોયા વિના અવરતી નથી.** પૂજ્ય શ્રીમોટાએ કૃપાનાં અનેક લક્ષણો વર્ણવ્યાં છે. કૃપાશક્તિ પોતાને વિશિષ્ટ અને અલૌકિક રીતિથી પાત્રની ભૂમિકાને પારખીને અવતરે છે. આથી, કૃપાભાજન બનનાર વ્યક્તિને જીવદશાના માણસો એના યથાર્થરૂપમાં ઓળખી ના શકે, કેમ કે કૃપાભાજન થનાર વ્યક્તિ સંસારની વચ્ચે રહેતી હોવા છતાં સંસારનાં સર્વમાન્ય લક્ષણોથી અતીત રહીને પણ વર્તતી હોય છે. એના અંતરને-એની ભૂમિકાને-એના આધારને-માત્ર હરિ જ જાણે છે. આથી જ એવો માણસ હરિની શક્તિનો સ્પર્શ પામવાને યોગ્ય અધિકારી બને છે. આથી, દુન્યવી દૃષ્ટિએ પુણ્યશાળી વ્યક્તિ જ કૃપા પ્રાપ્ત કરે અને પાપી નહિ, એવી સીમારેખા કૃપાપાત્રતા નક્કી ના કરે, કેમ કે કૃપા પોતે જ અસીમ છે. પૂજ્ય શ્રીમોટા આ વિચાર સમજાવવા ધર્મરાજાનું ઉદાહરણ આપે છે. પ્રભુના વિરાટ અને વ્યાપક સ્વરૂપનાં દર્શન માટેની કૃપા ધર્મરાજા પર ના ઊતરી, કિંતુ અર્જુન એ કૃપાપાત્ર બન્યો !

જીવનધ્યેયની પ્રાપ્તિ કાજે કૃપાશક્તિની સહાય વિના ડગલું પણ ભરાતું નથી, પણ એ કૃપા સર્વપ્રકારના પુરુષાર્થ-શક્તિનો ઉપયોગ કર્યા પછી– 'નિર્બળ' બનાય ત્યારે કાર્ય કરે છે. પૂજ્ય શ્રીમોટા પારમાર્થિક વિકાસ કાજે સાધનાદિના અભ્યાસના સાતત્યનો પુરુષાર્થ સૂચવતા જ હોય છે, તો પછી સાંસારિક મનોદશામાં જીવતા અને પાર્થિવ સુખાનંદમાં રાચવા ઇચ્છનાર માટે 'કૃપા'ની માગણી એ કેવી રીતે યથાર્થ ગણાય ? હરિની શક્તિનો ઉપયોગ 'હરિ'ને પામવા જ

થઈ શકે. આથી, સંસારીઓના કૃપા વિશેનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણને 'શાક લેવા જતાં હીરો વેચે' એવા દષ્ટાંતથી તેઓશ્રી ઉપહસે છે. કૃપા વિશેની સામાન્યજનની માન્યતાનું નિરસન આથી વધુ બીજી કઈ સમર્થ રીતે થઈ શકે ?

'કૃપા' વિષયક આ પ્રકારનું લખવાનું કામ એ દેખીતી રીતે તો અક્ષરકાર્ય હતું, પણ જે વિષયની ગહનતાને સમજણની કક્ષાએ અવતારવાની હતી, એ કલાકાર્ય હતું. વળી, એ ગહન વિષય પણ આ ભાષા બોલનાર બહુજન સમાજની સમજણ સુધી પહોંચે એવી સરળ ભાષામાં અવતારવાનો હતો. પરમ અનુભવના ગૌરીશિખરે રહેલ આત્મનિષ્ઠને પ્રાકૃતિક જીવન જીવી રહેલા જીવદશાના લોકોની બૌદ્ધિક કક્ષાએ ઊતરવાનું હતું. અને એ પણ જીવોની હરિ પરત્વેની અભિમુખતા થાય એવા પરમ હેતુ ખાતર. એટલે જ 'કૃપા' લખવા કૃપા અવતારવા પૂજ્ય શ્રીમોટાએ પ્રાર્થનાનો આશ્રય લઈ કૃપા અવતારી.

પૂજ્ય શ્રીમોટાએ કૃપાનાં કાર્યની વિરલતાની અને લાક્ષણિકતાની કેટલીક રેખાઓ આ પુસ્તકમાં દોરી છે, પણ પૂજ્ય શ્રીમોટાના ભાંગી પડેલા શરીરથી, અને તે પણ એલર્જીથી હાથપગમાં સતત ખંજવાળ આવતી હતી તેવી સંપૂર્ણ વિરોધી દેખાતી પરિસ્થિતિમાં 'કૃપા' પુસ્તક લખાયું છે, એ જ કૃપાનાં કાર્યનું પ્રત્યક્ષ દર્શન છે.

કૃપાનાં પ્રત્યક્ષ દર્શનને માણવા માટે શ્રદ્ધાનું મહત્ત્વ પૂજ્ય શ્રીમોટા સ્વીકારે છે. આ પુસ્તકના અધ્યાય ૧૫ના ૬૦ થી ૭૩ સુધીના શ્લોકોમાં શ્રદ્ધા અને કૃપાનો સંબંધ કયા પ્રકારનો છે, એ પૂજ્ય શ્રીમોટાએ સમજાવ્યું છે. કૃપા અને શ્રદ્ધા વિષયની રૂઢિગત સમજમાં આટલું મિતાક્ષરી પણ વિશદ વિવરણ અવશ્ય પ્રકાશ પાડશે.

પૂજ્ય શ્રીમોટા કહે છે કૃપાપાત્ર થવા કાજે અભિમુખતા,

અભીપ્સા થવી જોઈએ. એ માટે ગરજ, રસ અને લગની હોવાં જોઈએ. એ ખાતર સાધનાભ્યાસમાં સતત, નિરંતર લાગેલા રહેવું જોઈએ, પણ આ સર્વ સાથે જો હૃદયમાં પ્રેમ ના હોય તો કશું જ બની શકતું નથી. પ્રાર્થનાભાવ પ્રેમ વિના કેવી રીતે સંભવી શકે ? પ્રેમ એ જ કૃપાદાન થવા કાજેની ભૂમિકા છે. પૂજ્ય શ્રીમોટાએ હરિદર્શનની પાત્રતા દર્શાવવા અર્જુનનું દૃષ્ટાંત આપ્યું, એ પાછળ પણ અર્જુનનો હરિ સાથેનો પ્રેમભર્યો સખાભાવ હતો એ જ સૂચવ્યું છે.

કૃપાપાત્રતાની ભૂમિકા પકવવા સત્સંગ, સત્પુરુષોની સોબત અને હૈયાના ભક્તિભાવથી કૃપાપાત્ર થયેલા एवा લોકની સેવાનું મહત્ત્વ દર્શાવાયું છે. આ પણ જીવનવિકાસના હેતુથી અને હૃદયના પૂરા ઉમળકાથી અને ભક્તિથી થવું જરૂરી છે. (અધ્યાય : ૧૪ શ્લોક : ૧૦૮ થી ૧૧૨)

પૂજ્ય શ્રીમોટાએ ‘કૃપા’ના અવતરણ કાજે કૃપાને પ્રેમભાવથી પ્રાર્થના કરી છે. હરિની એ લાડલી શક્તિનું તેઓશ્રીએ ગીત ગાયું છે. એ પરમ શક્તિનું સ્તવન-ગાન બાલભાવથી ગવાયું છે :-

‘કૃપાનો નાનલો સાવ સંપૂર્ણ બાળ તુચ્છ જે
—કૃપા વર્ણવવા ક્યાંથી એને તાકાત હોય તે ?’

પૂજ્ય શ્રીમોટાનો ‘કૃપા’ વર્ણવતાં જાગેલો બાલભાવ ‘નાનલો’ હોવા છતાં ‘સંપૂર્ણ’ છે. આ ઉલ્લેખ ખૂબ નોંધપાત્ર અને સૂચક છે. પૂજ્યશ્રીએ ‘કૃપા’ વર્ણવતાં કૃપાને ચાહવાની અને વહાલ કરવાની મસ્તીનો અણસાર કરેલો છે. ‘સંપૂર્ણ નાનલા બાળ’ને મા સાથે ગેલ કરવામાં જ કૃતાર્થતા હોય. એ પ્રકારનો ભાવ શબ્દાતીત છે. પ્રેમ-ભાવ અને એનું ગીત એ તો હૃદયનું જ ગુંજન હોય. એને શબ્દથી અજીઠું ના કરાય !

આમ છતાં 'કૃપા'ના ભાવને શબ્દમાં અવતાર્યો છે, એ કૃપા-અંશની ઝાંખી નથી શું ?

પૂજ્ય શ્રીમોટાના આ પ્રકારનાં લખાણમાંની ભાષાશૈલીની નોંધ લેવી જરૂરી છે. પૂજ્ય શ્રીમોટાએ જ કહ્યું છે, કે કાવ્ય લખવું એ એમનું પ્રયોજન નથી. અનુષ્ટુપ છંદ એમની વાણીને આકારી શકે એટલો સાધ્ય હોવાથી, અનુષ્ટુપની છંદોલયતા આવે એવાં આ તો 'જોડકણાં' છે, પણ આ જોડકણાંમાં આયાસવૃત્તિ નથી, તો પછી ભાષાની કોઈ સાહિત્યિક છટા પણ નથી, છટા ના હોવાથી એ ભાષાનું સાહિત્ય બનતું નથી એમ તો ના જ કહેવાય, પણ પૂજ્ય શ્રીમોટા પ્રયોજે છે એ પરંપરિત સાહિત્યની ભાષા નથી. જો કશી પણ પરંપરામાં રહેવું એ આત્મનિષ્ઠનાં લક્ષણનો વિરોધ હોય તો ભાષાની બાબતમાં એમ બને એમાં કોઈ પણ તદ્વિદ-(તજ્જ્ઞ)ને વાંધો ના હોવો ઘટે.

પૂજ્ય શ્રીમોટાની ભાષાશૈલીને સાહિત્યિક છટાવાળી ભાષા ભલે ના ગણીએ, કેમ કે એમની ભાષાશૈલીને ભાષા બોલતા-સમજતા સમાજના સમગ્ર વર્ગને સ્પર્શ કરવો છે. આથી, એમની ભાષા, શિષ્ટ-માન્ય સાહિત્યિક ભાષા ના બનતાં, જનસમાજની ભાષા બને છે. પૂજ્ય શ્રીમોટાની આ, તેમ જ અન્ય પદ્યકૃતિઓ ઝીણવટથી વાંચનાર પરખી શકશે કે પૂજ્ય શ્રીમોટાની 'વાત' જ અનુષ્ટુપનાં ચરણમાં સ્વાભાવિક રીતે જ – સહજ રીતે જ ઢળતી આવે છે. આથી, એમની ભાષાશૈલીને 'વાણી' કહેવામાં જ વધુ યથાર્થતા છે.

હવે, એ વાણી, ભાવપ્રદેશમાંથી આવે છે. વળી, આ કૃતિમાં તો સંપૂર્ણ 'નાનલા બાળ'ની વાણી છે. એવી સ્મૃતિભાવની અભિવ્યક્તિ વેળાએ જે બાલ-ભાવસહજ શબ્દો આવે છે, એમાં કોઈ સૂગ સેવે તો એ મૂળ ભાવને સ્પર્શવાનું ચૂકી જાય !

પૂજ્ય શ્રીમોટાનાં પદ્યલખાણોની મને તો આ વિશિષ્ટતા લાગે છે. અનુભવીના શબ્દો તો માત્ર એમના ભાવનું વાહન બને છે. એ ભાવના સંદર્ભમાં 'શબ્દો' માત્ર એના વાચ્યાર્થમાં જ ટકી રહેતા નથી. અન્ય કવિઓની જેમ કલ્પનાની ભાવાનુભૂતિમાં અભિવ્યક્તિ હોતી નથી, પણ પરમ ભાવાનુભાવનો અંશ માત્ર જ શબ્દમાં ગોપાઈને—છુપાઈને વ્યક્ત થતો હોય છે. અનુભવીની કળા આ પ્રકારની પણ હોઈ શકે.

પૂજ્ય શ્રીમોટાનાં આ લખાણનું સંપાદનકાર્ય પણ મને મળ્યું એને મારું સદ્ભાગ્ય સમજું છું. પૂજ્ય શ્રીમોટાના 'કૃપા' અંશ દર્શનની ઝાંખી સૌ કોઈ જિજ્ઞાસુઓને થતી રહો, એવી પ્રાર્થના.

ડિસેમ્બર, ૧૯૭૨

**રમેશ મ. ભટ્ટ**

હરિઃૐ

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

'કૃપા' ઉપર ભાઈશ્રી રમેશભાઈ ભટ્ટે મને લખવાને પ્રેર્યો. હરિનો તે પ્રેરણા હુકમ. લખાશે જ એવો ચેતનાત્મક આત્મવિશ્વાસ.

બૅંગ્લોરમાં શ્રી રમણભાઈ અમીન સાહેબને ત્યાં ચાર દિવસ નિરાંતે રહેવાનું હતું, ત્યારે લખાશે એવી ધારણા હતી. ત્યારે કૃપા માને પ્રાર્થના પણ કરી. શ્રી રમણભાઈએ મને કહ્યું પણ ખરું કે 'મોટા, તમે કૃપા વિશે લખવાના હતાને ?' મેં કહ્યું કે 'હજી એવો ભાવ પ્રગટતો નથી. જ્યાં સુધી એકધારું લખાયે જ જવાય, એવી ભૂમિકા જીવતી પ્રગટેલી ના અનુભવાય, ત્યાં સુધી કશું પણ ના સર્જાય. જીવનમાં એવી જીવતીજાગતી આદત જ પડી ગઈ છે, એટલે હવે તો કુંભકોણમ્ આશ્રમમાં જવાતાં જે થાય તે ખરું.'

તા. ૨૫-૭-૧૯૭૨ને દિવસે વહેલી સવારે ચાર વાગ્યે મોટરમાં બૅંગ્લોરથી અમે નીકળ્યા. બસોને દસ માઈલનો રસ્તો. મારાં વેદનાકારી દર્દનો ઈતિહાસ તો જાણીતો છે. તેમાં શરીરની વેદના કેટલી તીવ્ર અને ઉત્કટ હોય, તે તો જેને એવું થયું હોય તે જ જાણે.

તા.૨૫-૭-૧૯૭૨ના રોજ સવારે સાડા દસે ત્રિચિ પહોંચ્યા, જમ્યા અને પછી આરામ.

બપોર પછી બધાં મળેલાં સ્વજનોની ખબરઅંતર પૂછવામાં સમય પસાર થયો. તે દિવસે તો કશું જ ના લખાયું.

ગુરુપૂર્ણિમાનો સવારનો સમય તો પ્રવચનાદિમાં પસાર થયો. બપોરે આરામ.

અને પછીથી ઊઠ્યા બાદ મનમાં, મનથી હૃદયના ગદ્‌ગદભાવે હરિને પ્રાર્થના કરી : 'કૃપા ઉપર લખવા બુદ્ધિમાં સમજણ પ્રેરજે.' તે દિવસે મંગળાચરણ થયું તો ખરું. તે જ સાંજે સાડા પાંચ વાગ્યે તો ત્રિચિથી કુંભકોણમ્ આશ્રમે જવા નીકળ્યા હતા, રાત્રે આશ્રમે આવ્યા, સૂતા અને ઊઠ્યા બીજી સવારે. ત્યારે 'કૃપા' પરનો વેગ હતો એમ અનુભવાયું અને લખવા માંડ્યું.

ચોથે દિવસે લગભગ સાતસો ઉપરાંત કડીઓ લખાઈ. 'કૃપા' વિશે જેટલું સ્ફુર્યું તેટલું છે અને એના કરતાં વિશેષ કશું નથી, એવો દાવો હોય જ ક્યાંથી ? આ તો બિંદુમાત્ર જ ગણાય.

બી.એ.માં મારો મુખ્ય વિષય 'ગુજરાતી' હતો. ઈન્ટર સુધી સંસ્કૃતમાં સિત્તેર ટકા ઉપરાંત ગુણ મેળવતો. શ્રીહરિકૃપાથી ધારું તો સારું વિદ્વત્તાવાળું ગુજરાતી લખી શકાય, પરંતુ મારી નજર સમક્ષ તો સમાજની સમગ્રતાનો ઘણો મોટો ભાગ છે, જેઓ તદ્દન સામાન્ય છે. અભણ હોય તેવા પણ સમજી શકે, એવું લખવાનો મને મારા શ્રીસદ્‌ગુરુનો હુકમ છે અને તેનું હું પ્રેમભક્તિપૂર્વક પાલન કરું છું.

'કૃપા' પરનાં લખાણમાં, કૃપાનું હૃદય હોય અને તેની સંપૂર્ણ યોગ્યતામાં બધાંને સમજાવવાની માથાકૂટમાં ઊતર્યા સિવાય, સહજમેળે સમજી શકાય, તેવું લખવાનો હંમેશાં મારો જીવતોજાગતો આશય રહેલો હોય છે.

'કૃપા' ભલે છંદમાં - કવિતાના ઢાળમાં - લખાયું હોય, પરંતુ કાવ્ય નથી. કાવ્યના સૌંદર્યને સમજું છું. આ તો માત્ર જોડકણાં છે.કૃપાનું હૃદય જો સામાન્ય માનવી સમજી શકે, એટલું જો તે સરળ લખાયું હશે, તો મારી જાતને ધન્ય લેખીશ.

'ઉત્તમ કૈં કૃપામાં હો, તો કૃપામાનું તે જ છે,
દોષ, દોષ બધો મારો દેજો ઝાટકી ફેંકી જે !

પ્રત્યેક વર્ષે કુંભકોણમ્ આશ્રમમાં શ્રીહરિકૃપાથી કંઈક ને કંઈક નવા વિષય પરત્વેનું સર્જન થયા કરે છે, તે હરિની કૃપા છે.

'કૃપા'માં જે ક્લિષ્ટતા છે, તે આ મૂર્ખની છે. જે ઉત્તમોત્તમ છે તે શ્રીહરિનું છે. એ વિશે મેં ગાયું તો છે જ.

'મોટા વિરચિત' આવાં જે પ્રકાશનો બહાર પડ્યા કરે છે, તેના વેચાણમાંથી જે રકમ આવે છે, તે મોટાની અંગત હોતી નથી, તે તો આશ્રમને ચોપડે પરમાર્થે વાપરવા કાજે જમા થઈ જતી હોય છે. તેથી, મળેલાં સ્વજનો આવાં પ્રકાશનોને વેચવામાં પ્રેમથી મદદ કરતાં રહે, એવી મારી સ્વજનોને હૃદયની ખરેખરી પ્રાર્થના છે. એ નિમિત્તે સ્વજનો પણ પરમાર્થનાં કર્મમાં ભાગ લેતાં બનશે, તે એક સદ્‌ભાગ્યની હકીકત છે.

કુંભકોણમ્ આશ્રમમાં વહાલાં સ્વજનોએ જે સગવડ, સરળતા બક્ષીને લખવા તદ્દન સાવ મુક્ત રાખ્યો, તે કાજે તો કયા શબ્દમાં તેમનો આભાર માનું ?

કુંભકોણમ્, ત્રિચિનાં આપ્ત સ્વજનો જ્યારે આ જીવની કશી જ પ્રસિદ્ધિ ન હતી ત્યારે બહુ રીતે મદદ બક્ષ્યા જ કરેલી, તેને હું શ્રીહરિની કૃપાનું વ્યક્ત લક્ષણ અનુભવું છું.

અંતમાં, કૃપામાને ભક્તિભાવે હૃદયથી નમસ્કાર, પ્રણામો ધરી વંદી, નમું છું.

તા. ૧-૮-૧૯૭૨
કુંભકોણમ્ —**મોટા**
(કાવેરી માના સ્પર્શમાં)

હરિઃૐ

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ કુંભકોણમ્ આશ્રમમાં 'કૃપા' વિશે લખ્યું. એ બધા જ શ્લોકોને અધ્યાય પ્રમાણે ફાળવીને ગોઠવવાનું કામ શ્રી રમેશભાઈ ભટ્ટે કર્યું છે. 'કૃપા'નાં લખાણ અને પ્રકાશનનું નિમિત્ત પણ એ જ બન્યા છે. એમના સદ્ભાવભર્યા આ કર્મની અમે હૃદયપૂર્વક કદર કરીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાએ સાધકોને લખેલા પત્રોમાં કૃપા વિશે લખેલું તો છે જ, પણ એ બધું તે તે સાધકોના જે તે પ્રશ્નોને અનુલક્ષીને જ હોય. જ્યારે આ પુસ્તકમાં તો કૃપા વિશે સિલસિલાબંધ નિરૂપણ થયું છે. શ્રેયાર્થીને જીવનવિકાસના માર્ગમાં આ નિરૂપણ ઘણું જ માર્ગદર્શક બનશે એવી અમને શ્રદ્ધા છે.

પૂજ્ય શ્રીમોટાએ 'જિજ્ઞાસા', 'શ્રદ્ધા', 'ભાવ', 'નિમિત્ત' અને 'રાગદ્વેષ' વિશે જે પ્રકારનું લખ્યું છે, એ જ પ્રકારનું 'કૃપા' વિશેનું આ લખાણ છે. પૂજ્ય શ્રીમોટાનાં આ, અને બીજાં પુસ્તકો પણ જિજ્ઞાસુઓ ખરીદીને વાંચે એવી અમારી વિનંતી છે.

આ પુસ્તકનું મુદ્રણકાર્ય આદિત્ય મુદ્રણાલયવાળા ભાઈશ્રી મણિભાઈએ ત્વરાથી છતાં ભાવપૂર્વક કરી આપ્યું, એ બદલ અમે તેમનો આભાર માનીએ છીએ. વળી, આ પુસ્તકની પ્રેસકૉપીને અધ્યાપક શ્રી રતિલાલ સાં. નાયકે વાંચીને જોડણીની દૃષ્ટિએ સુધારી આપી, એ બદલ એમનો ઘણો જ આભાર માનીએ છીએ.

**નંદુભાઈ**
વ્યવસ્થાપક ટ્રસ્ટી,
હરિઃૐ આશ્રમ, નડિયાદ.

તા. ૧૫-૮-૧૯૭૨

હરિઃૐ

# નિવેદન (ચોથી આવૃત્તિ)

**'કૃપા'** શબ્દ સમાજમાં એટલો બધો પ્રચલિત છે, કે વ્યક્તિમાત્ર ડગલે ને પગલે 'કૃપા' શબ્દનો ઉલ્લેખ કરતો રહે છે. પણ કૃપા વિશે ઊંડાણપૂર્વકની સમજ ક્યાંયે વ્યક્ત થયેલી જણાતી નથી. જિજ્ઞાસુ સાધકોને માટે સરળ લાગતા સંસારવહેવારના શબ્દો જેવા કે પ્રેમ, મોહ, શ્રદ્ધા, ભાવ, કૃપા વગરેની ઊંડાણપૂર્વકની સમજ ક્યાંથી મેળવવી તે એક કોયડારૂપ પ્રશ્ન છે.

પૂજ્ય શ્રીમોટાએ શ્રીપ્રભુકૃપાથી આપણા સૌ ઉપર 'કૃપા' કરીને સંસારવહેવારમાં સરળતાથી વપરાતા ઉપરોક્ત તમામ શબ્દોનું વિસ્તૃત વિવરણ કરતા સાહિત્યનું નિર્માણ કર્યું છે, તે પણ તદ્દન સરળ ભાષામાં, સામાન્ય જન, અભણ પણ સમજી શકે એવી ભાષામાં લખીને પોતાના શ્રીસદ્‌ગુરુના હુકમનું પ્રેમપૂર્વક પાલન કર્યું છે. આ પુસ્તકમાં 'કૃપા' વિષય ઉપરની વિસ્તૃત છણાવટ કૃપા યાચતા જીવોને અનેરું માર્ગદર્શન આપી જાય છે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

તા. ૯-૭-૨૦૧૭ **ટ્રસ્ટીમંડળ,**
ગુરુપૂર્ણિમા હરિઃૐ આશ્રમ, સુરત
સં. ૨૦૭૩

## અનુક્રમ


| ક્રમ | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | ‘કૃપા’ અવતરણ | ૧ |
| ૨. | કૃપાઅસ્તિત્વ | ૭ |
| | કૃપા કોનાથી દૂર ? | ૧૨ |
| | કૃપા કોને વરે ? | ૧૮ |
| ૩. | કૃપા કાજે અનિવાર્ય | ૨૦ |
| ૪. | કૃપા કાજે અભીપ્સા | ૨૬ |
| ૫. | કૃપા અધિકાર | ૩૧ |
| ૬. | કૃપાનો આવિષ્કાર | ૩૬ |
| ૭. | કૃપાનો આધાર | ૪૪ |
| | કૃપા અને પ્રપત્તિ | ૫૧ |
| ૮. | કૃપા આકાર | ૫૪ |
| ૯. | કૃપા અપરંપાર | ૫૯ |
| | રસ | ૬૩ |
| ૧૦. | કૃપાનું કાર્ય | ૬૫ |
| ૧૧. | કૃપાનુભવ થતાં– | ૬૮ |
| ૧૨. | કૃપાની ગતિરીતિ | ૭૧ |
| ૧૩. | કૃપાની અકળ કળા! | ૭૬ |
| ૧૪. | કૃપા અનુભવ | ૭૯ |
| | કૃપાનો ભક્ત | ૮૮ |
| ૧૫. | સાવધાન ! | ૯૪ |
| ૧૬. | અનુભવ કથન | ૧૦૧ |
| | કૃપા અને શ્રદ્ધા | ૧૦૭ |
| ૧૭. | કૃપા आनंद | ૧૧૦ |
| ૧૮. | કૃપા અર્ચન | ૧૧૫ |
| | પરિશિષ્ટ : ઉદ્‌બોધન | ૧૧૯ |

**કૃપા**

❑

**પૂજ્ય શ્રીમોટા**

## ‘હું સર્વત્ર વિદ્યમાન છું.’

**- શ્રીમોટા**

‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

હરિઃૐ

## અધ્યાય : ૧

## 'કૃપા' અવતરણ

: અનુષ્ટુપ :

કૃપાનો નાનલો સાવ સંપૂર્ણ બાળ તુચ્છ જે—
કૃપા વર્ણવવા ક્યાંથી એને તાકાત હોય તે ? ૧

કેવો અછરતો યત્ન 'કૃપા'ને લખવાતણો,
કૃપાએ આ લખાવ્યું છે તો લખાયું જ કેવું સૌ! ૨

બાકી મારું ગજું આમાં કોઈ પ્રકારનું નથી,
વળી કવિત્વની વિદ્યા સંપૂર્ણ મુજમાં નથી. ૩

છતાં જ્યારે કહ્યું કો'કે, 'લખો મોટા ! કૃપા પરે',
આવડ્યું તેવું ત્યારે મેં ભરડી સર્વ માર્યું છે. ૪

ગાથા કૃપાની તો ગાતાં હૈયે અપાર હોંશ છે,
મળ્યો સત્સંગ તે ગાવા કૃપા એ તો કૃપાની છે.
નિમિત્ત જેમણે આપ્યું, ઉપકાર ઘણો થયો,
તો સમજાવવા મોકો કૃપાને જે મળ્યો જ શો! ૫-૬

ગાવાને શી કૃપાને તો બીડું જે ઝડપેલ છે,
બુદ્ધિ ઝાઝી ન એવી છે છતાં આરંભ્યું કર્મ તે. ૭

સૌથી પ્રથમ વંદીને કૃપાને પ્રાર્થના કરી,
દેવા પ્રકાશ બુદ્ધિમાં કૃપા વર્ણવવા પૂરી. ૮

કૃપાને કૈંક જાણી છે આછી પાતળી તો હ્રદે,
તેથી હિંમત ભીડીને લખી નાખી કૃપા શી તે! ૯

આડું જો ભરડાયું હો, ઊંધું જો વેતરાયું હો,
કાચું જો કૈં કપાયું હો, મા કૃપા માફી આપજો. ૧૦

હું બુડથલ સંપૂર્ણ કૃપાને શકું માપી શેં ?
કૃપા સંપૂર્ણ ગાવાને લાયકાત ન મારી છે ! ૧૧

જેવો તેવો છતાં આ તો કાચો પ્રયત્ન માત્ર તે,
શી આછી પાતળી મેં તો કૃપાને વર્ણવેલ છે! ૧૨

આ તો જોડકણાં માત્ર, એમાં કાવ્ય કશું ન છે,
મને સરળતા કેવી એમાં તો લખવા વિશે.
કાવ્ય સૌંદર્યની ભવ્ય છટા શોધી જડે ન તે,
શો અનુષ્ટુપ તો છંદ થવા વ્યક્ત મને ફળે !
એકધારું લખાયું આ ગયું કેવી કૃપાથી જે,
કૃપા આધાર સંપૂર્ણ લીધો તો આ લખાયું છે.
ક્યાંય ના ખચકાયો છું, ક્યાંય ના અટકાયું છે,
ચાલ્યા કરેલી છે સ્પષ્ટ લેખિની સોંસરી જ તે ! ૧૩-૧૬

વિચાર કરવા કૈંક થંભી છે ના કદી જરા,
સ્ફુર્યા જેમ ગયું તેમ, કૃપાથી તે લખાયું આ.
એને ફરી મઠાર્યું છે મેં તો જરાય ના જ તે,
જેમનું તેમ રહેવા તે દીધું છે જાણી જોઈને.૧૭-૧૮

મને આદેશ તો ચોખ્ખો કૃપાને લખવાતણો–
–કૃપાથી જે મળ્યો, તેને માથે પ્રેમે ચઢાવિયો. ૧૯

(શ્રી)સદ્‌ગુરુપૂર્ણિમા દિને 'કૃપા' મંડાણ જે થયું,
ચોથા તે દિવસે કેવું 'કૃપા' સંપૂર્ણ તે થયું. ૨૦

ભાવ અનુક્રમે એને સન્મિત્રે ગોઠવેલ છે,
એનો આભાર ના માનું મનમાં મનથીય તે.
એને જે કર્મ સોંપ્યું છે એને જ્ઞાન થવા હ્રદે,
તો ઉપકાર એ કાજે સન્મિત્રે માનવો ઘટે.
એ મિત્રે ખર્ચ આપ્યું છે થવાને આ પ્રકાશન,
લોક આગળ મૂકીને 'કૃપા'ને હું નમું પદે.૨૧-૨૩

વિદ્વાનો, સાક્ષરો આને વિચારીને જ વાંચશો,
કૃપા તો શી 'કૃપા' થાશે ઊંડા ઊતરશો જ જો. ૨૪

ગામડિયો ભણેલો છે શાસ્ત્રો થોથાં કશાં ન તે,
કૃપાએ તો છતાં કેવો ભણાવ્યો ગૂઢ વિષયે! ૨૫

વિચારવા નથી બેઠો, ઊગ્યું તેમ લખ્યે ગયો,
કૃપાની તો 'કૃપા' શી તે કૃપાનો ભક્ત પ્રીછતો ! ૨૬

જો કૈં સમજવા યોગ્ય મેળે લખાયું છે જ તે,
કૃપાની બલિહારી તે તેમાં સંપૂર્ણ તો ખરે. ૨૭

કૃપાના તત્ત્વમાંયે છે જે જે યોગ્ય પ્રકારનું,
કૃપાનું સર્વ તે જાણી, કૃપાની યોગ્યતા ગણો. ૨૮

જેમ આવ્યું, લખાયું તે, રાખ્યું જેમનું તેમ તે,
કશું કાઢી ન નાખ્યું છે, કૃપાની શી કૃપા જ તે ! ૨૯

કૃપા સંપૂર્ણ ગાવાને કૃપા વિજ્ઞાન સર્વ તે,
દર્શાવવા ન શક્તિ છે કૃપા સંપૂર્ણતાથી તે. ૩૦

કૃપાનું યોગ્ય વિજ્ઞાન શાસ્ત્ર સંપૂર્ણ પ્રીછવા
—શક્તિ જ્યાં કૈં ન મારી છે, શેં શક્તિ પછી સર્જવા ? ૩૧

થોડીક માત્ર ગાઈ છે હકીકત કૃપાની તે,
યોગ્ય અયોગ્ય તેને તો શ્રેયાર્થી તે વિચારશે. ૩૨

'ગ્રહી સાર કૃપાકેરો એમાં જે ફોતરાં જ છે
સદ્‌ભાવી ફેંકી તે દેજો' પ્રાર્થના એવી મારી છે. ૩૩

જો ભયંકર હો દોષ કૃપા વર્ણવવા જતાં,
અજ્ઞાની જાણી એવાંને દાખવજો ઉદારતા. ૩૪

જે અનુભવી સંપૂર્ણ પાછો વિદ્વાન યોગ્ય છે,
એવાંની પાત્રતા યોગ્ય કૃપાને લખવાપણે. ૩૫

એમાંનું તત્ત્વ મારામાં કૈં જરા સરખું ન છે,
મીંડું હું શો પૂરેપૂરો! છતાં મેં લીધું કર્મ તે. ૩૬

યોગ્ય કૈં ન્યાય સંપૂર્ણ કૃપાને ના કરી શક્યો,
મને તેનું જ છે ભાન યથાયોગ્ય પ્રકારનું. ૩૭

આવડ્યું તેવું મેં તોયે લખવા યત્ન જે કર્યો,
લખાયું કેટલું યોગ્ય શ્રેયાર્થી ન્યાય તોળજો. ૩૮

કૈંક મારા થકી બાકી મરાયું છે કૃપા વિશે,
વિવેક વાપરી યોગ્ય હાર્દ તારવજો ખરે. ૩૯

કૃપાને સમજ્યો જેવી, કૃપાને જેવી જાણી છે,
કૃપાને જેવી પ્રીછી છે, કૃપાને મ્હાલી જેવી છે,

અનુભવી કૃપાને તે કૃપા દર્શન જે થયું,
તેને હકીકતે પાછું કૃપાથી તે જ વર્ણવ્યું.૪૦-૪૧

ખાલી ખાલી ન ગાઈ છે કૃપાને મેં નકામી તે,
અનુભવી કૃપાને મેં, एने મસ્તીથી ગાઈ છે,
ઉપયોગ કરી एनो વારંવાર સ્તવી, લળી,
સ્વીકારી તે કૃપા થાવા મથાયું છે ચહી ચહી.૪૨-૪૩

કેટલાંયે બધાં પાસાં કૃપાનાં ક્ષેત્રનાં જ છે,
તેને વર્ણવવા પૂરી તાકાત મુજમાં ન છે.
જેવો તેવો અધૂરો આ ટૂંકો ટચ પ્રયત્ન છે,
એનો સદ્‌ભાવી તો યોગ્ય ગ્રહી સાર પિછાનશે.૪૪-૪૫

કૃપાને જેવી જાણી છે, પ્રીછી છે જે અનુભવે,
તે રીતે વર્ણવી एने, કૃપાપાત્ર થતાં હૃદે. ૪૬

કૃપાતણાં બીજાં એવાં પાસાં તો કેટલાંક જે,
તેને મેં સ્પષ્ટ કીધાં ના, કારણ એનું ઑર છે.
તે તે ઊર્ધ્વ પ્રકારે છે તે તે વર્ણવવા જતાં,
ઉચ્ચ ઉચ્ચ ભૂમિકામાં પ્રવેશવાનું થાય ત્યાં.
તેવું તો સમજાયે ના કોઈથી એવું તે બધું,
તેથી તે પડતું મેલ્યું, સુજ્ઞ દેશે ક્ષમા સહુ.
જેટલું જેટલું માત્ર કૃપા યોગ્ય બધું હતું,
તે જે સરળતાવાળું તે તે કૃપાથી છે લખ્યું.૪૭-૫૦

બાકી હજી ઘણાં પાસાં રહ્યાં વર્ણવવા ખરાં,
તે જાણી જોઈને બાકી રાખેલાં છે ખરેખરાં.
જેટલું સમજાયે ને ગ્રહી શકાય જેટલું,
તેટલું માત્ર ગાયું છે, અધૂરું રાખ્યું બાકીનું.૫૧-૫૨

કૃપાએ પ્રેરણા જેવી જેટલી પ્રેરી છે હૃદે,
તેવું ને તેટલું મેં તો સ્પષ્ટ તારવી ગાયું છે. ૫૩

કુપાત્રને કૃપાએ શો કૈંક પાત્ર બનાવીને,
બક્ષી થોડીક વિદ્વત્તા જેથી કૃપા લખાઈ તે. ૫૪

'જે કાળે ધર્મ જે આવે તેની બુદ્ધિ શી તે પળે
—કૃપા માડી સ્ફુરાવે છે!' એવી તે કરુણાળુ છે. ૫૫

કૃપા વિજ્ઞાનનું શાસ્ત્ર કોઈએ તે લખ્યું ન છે,
મારા જેવા કને આવ્યું કર્મ આ લખવાનું તે. ૫૬

સ્વીકારાવ્યું કૃપાએ તે પ્રેર્યો एणे જ ત્યાં મને,
કૃપામાં બુદ્ધિ પ્રેરાવી, एणे લખાવરાવ્યું છે. ૫૭

ઉત્તમોત્તમ એમાં જે બક્ષિસ તે કૃપાની છે,
જે જે કૈં દોષ તેમાં હો મારી મૂર્ખામીના જ તે. ૫૮

સદ્‌ભાવી, સજ્જનો જે છે જોશે ના દોષ સામુંયે,
હું લપડાક ખાવાને યોગ્ય સંપૂર્ણ છું ખરે. ૫૯

કૃપાથી ભાન જાગ્યું છે, કૃપાથી જ્યાં લખાયું છે,
કૃપાએ જ્યાં સુઝાડ્યું છે, કૃપાનું તેથી સર્વ છે. ૬૦

કૃપાથી આ લખાયું તે ફરી વાંચી ગયો નથી,
જેમનું તેમ રાખીને, મોકલ્યું છે ટપાલથી. ૬૧

વધારે તો કહેવું તે હવે ના કશું યોગ્ય છે,
કહ્યું છે તેટલું માત્ર પૂરતું બસ તે જ છે. ૬૨

卐

હરિઃૐ

## અધ્યાય : ૨

## કૃપા અસ્તિત્વ

: અનુષ્ટુપ :

સૂર્યનાં કિરણો જેમ પ્રકાશ આપતાં બધે,
સ્વાભાવિકપણે તેમ પાછાં તે વાસ્તવિક છે. ૧

ઓછાવત્તાપણું તેમાં ક્યાંયે કશું ન હોય છે,
સમતોલ બધાં પ્રત્યે એકધારાં પડ્યા કરે. ૨

અપવાદ વિના પોતે આપે પ્રકાશ સર્વને,
ઓછોવત્તો છતાં લાગે એમાં એનો ન દોષ છે. ૩

કૃપાનું પણ તેવું છે, સૂર્યનાં કિરણો સમું,
સ્વાભાવિકપણે પોતે બધાંની પર આપ છે. ૪

ભાન પ્રકાશનું થાય કિંતુ તેવું કૃપાનું ના,
સ્વીકારાત્મક ભૂમિકા તેને છે ભાન ત્યાં સદા. ૫

પથ્થર, વૃક્ષ ને માટી પશુ, પંખી, લીલોતરી,
માનવી આદિની પ્રત્યે કૃપા એક પ્રકારની. ૬

લાગે છે ઓછુંવત્તું જે કૃપાનો દોષ ત્યાં ન છે,
સૌ સૌની ભૂમિકા પેરે એને ઝીલ્યા હૃદે કરે. ૭

ઢેફાં પરે પડેલો જે વળી પથ્થરની પરે
—માનવી પર, તે સૌમાં કેવો ત્યાં ફેરફાર છે ! ૮

પ્રત્યેક પર તો પોતે પાડ્યા પ્રકાશ શો કરે !
પરિણામ છતાં સૌનું જુદું જુદું જ હોય છે. ૯

પ્રત્યેક પળ તો કેવી કૃપા સહજ રીતથી
—બધાંની પર છે પોતે! એનું અસ્તિત્વ આપથી. ૧૦

કરવાપણું ના એને, આપમેળે બધાં પરે
—સમતા ભાવથી પોતે સ્વયંસિદ્ધપણે જ છે. ૧૧

પ્રકાશનું પરિણામ પ્રત્યક્ષ વાસ્તવિક છે,
કૃપાનું પણ તેવું છે, જીવને વરતાય તે. ૧૨

કૃપા જો વર્ષતી હોય, ભીંજાવાપણું જો બને,
ટટારી જીવને કેમ પછી વર્તાતી છે ન તે ? ૧૩

પૂર્ણ શી પથરાયેલી કૃપા કેવી પડેલ છે !
એને શી કિંતુ હૈયાથી ખોડ પારખવાતણી ! ૧૪

શા અમર્યાદ વિસ્તારે કૃપા છે પ્રસરાયેલી !
વળી બધાં પરે કેવી છાયા ગૂઢ કૃપાતણી !
કૃપાને સ્પર્શવા કાજે દેખવા અર્થ આંખ જે
—જેનામાં તે ખીલેલી છે, પ્રીછવા તો સમર્થ તે. ૧૫-૧૬

અપ્રત્યક્ષ કૃપા શી છે છતાં પ્રત્યક્ષ પાછી છે !
બેઉ પાસાં થકી પાછું કૃપાનું તત્ત્વ ઑર છે. ૧૭

મહત્ત્વ કેટલું મોટું જીવન વિકસાવવા
-કૃપાનું જીવને મુખ્ય, સમર્થ શી ફળાવવા ! ૧૮

અનંત શક્તિ એનામાં છતાં તે શક્તિનું હૃદે
-કશું ભાન કૃપાને ના, સ્વાભાવિક શી શક્તિ તે! ૧૯

સૂર્ય હાજર પ્રત્યક્ષ રાત્રે હોવા છતાંય તે,
આપે છે અજવાળું ના, સત્ય દેખીતું તે ખરે,
તેવું અજ્ઞાનમાં પોતે હોવા હાજર તે છતાં
કૃપા વર્તાય છે તે ના, કબૂલે બુદ્ધિ તે સદા. ૨૦-૨૧

ભૂમિમાં બીજ હોવા છતાં તે કદીક ના ઊગે,
કૃપા વર્ષા થઈ ના છે તેનું કારણ માત્ર તે.
કૃપા વર્ષા થતાં કેવું નવું સર્જન થાય છે!
ધરતી મા નવા વેશે શી વિભૂષિત થાય તે! ૨૨-૨૩

'કૃપા હોવા છતાં પોતે કેમ વર્તાતી તે નથી,
કબૂલી તે શકે બુદ્ધિ તેવું કારણ દો ચહી.'
માલિકી લાખની હોવા છતાં ગાંડાપણું જહીં,
હોવા છતાંય માલિકી, તેને ભાન ન તેનું કૈં.
એવું કૃપાતણું જાણો અજ્ઞાનથી જ જીવને
-આવરાયેલ હોવાથી કૃપા વર્તાતી તે ન છે.૨૪-૨૬

જીવતું જાગતું હોવા છતાં ચેતન જીવને,
જેમ વર્તાતું તે ના છે, તેવું કૃપાનું જાણજે. ૨૭

અજ્ઞાનમાં પૂરેપૂરો કેવો છે રસ જીવને!
અસ્તિત્વ કારણે તે જ हरिનું ના જણાય છે. ૨૮

જેમાં મહત્ત્વ છે ભારે લગની, રસ, જીવને,
જણાયે મોખરે તે તે, બીજું ના કૈં જણાય છે. ૨૯

મોહમાં જે ફસાયેલો તેને મોહનું દર્શન
-થયાં કરે જ તે નિત્ય અનેક રીતથી દિલે,
મોહ વિના કશું એને બીજું અસ્તિત્વ ના સૂઝે,
હોવા છતાં કૃપા તોયે જાણે કોઈ કૃપા ન તે. ૩૦-૩૧

આંધળો કોઈ સંપૂર્ણ જે તે હોવા છતાંય તે,
તેને દેખાય ના, તેમ કૃપાનું જાણવું ઘટે. ૩૨

આપણે આપણી રીતે જે તે સમજીએ છીએ,
છે ના સમજવાની ત્યાં તૈયારી કો બીજી રીતે.
તો પછીથી બીજું જે છે તેને સમજવા હૃદે,
તૈયારી યોગ્ય સંપૂર્ણ જો ના, ના સમજાય તે.
હોવા છતાં જ પ્રત્યક્ષ તેમાં જ્યાં રસ કૈં ન છે,
કૃપા હોવા છતાં તેથી વર્તાય છે પછી ન તે. ૩૩-૩૫

બાળક હાથ જો હીરો, આવી પડેલ છે કદી,
કિંતુ એનું કશું મૂલ્ય તે તો સમજતો નથી,
તે ઘણો મૂલ્યવાળો શો છતાં અજ્ઞાનથી કરી
—હીરાને શિશુ તો માત્ર ગણે રમકડું ચહી.
એવું કૃપાનું તો જાણો, અજ્ઞાનથી જણાતી ના,
મોહ્યા સંપૂર્ણ અજ્ઞાને કૃપાનું ભાન તેથી ના. ૩૬-૩૮

જેનામાં ચિત્ત સંપૂર્ણ ચોંટે છે બધું તે વિશે
-દીવા જેવું જણાતું છે એ વાત શી પ્રસિદ્ધ છે!

છે સંસારની માયામાં ચોંટેલાં શાં મનાદિ તે !
તેથી કૃપાતણું ભાન સંસારીને થતું ન છે. ૩૯-૪૦

મેલા સાથે રમે કેવું બાળક ગેલથી ખરે,
શરીરે ચોપડે છે તે કદીક મેલું ખાય છે,
મેલું હોવા છતાં સ્પષ્ટ મેલાનું જ્ઞાન શિશુને
—નથી હોતું કૃપા તેમ અજ્ઞાની જાણતો ન તે. ૪૧-૪૨

જે છે રતાંધળો તેને દેખાતું દિવસે નથી,
હોવા છતાં જ શો સ્પષ્ટ! તેને જણાય ના કદી.
એવી રીતે કૃપા હોવા છતાં દેખાતી તે નથી,
કૃપાનો દોષ ના એમાં, દોષ માનવીનો તહીં. ૪૩-૪૪

ભૂમિ પેટાળમાં શી શી જુદી જુદી જ ધાતુ છે !
પેટ્રોલ જેવું કૈં કૈં છે, તે તે દેખાતું કૈં ન છે !
પરંતુ ખોદતાં ઊંડું તે તે આવતું હાથ છે,
કૃપા તેમ ન દેખાતી, છતાં ભાવે કૃપા શી તે ! ૪૫-૪૬

બુદ્ધિથી સમજાયેલું લાંબો કાળ ટકે નહિ,
ઊતરેલું ગળે તેયે લાંબું કૈં ટકતું નથી,
લાગ્યો હો સ્વાર્થ એવુંયે સ્વાર્થ હો ત્યાં સુધી ટકે,
કિંતુ અનુભવેલું હો જીવંત, ત્યાં સુધી નભે.
લાગતાં ભક્તિ પ્રત્યક્ષ જીવને તો કૃપા થતી,
તે કૃપા સાથ ના તૂટે, નિત્યે સાથે રહે નકી. ૪૭-૪૯

* * *

## કૃપા કોનાથી દૂર ?

ગતકડાં કર્યે ખાલી સધાય કર્મ કોઈ ના,
ફાંફાં મારે નકામો જે ઠેરનો ઠેર સર્વદા,
એવાંનો માત્ર તો દાવો ઉપરચોટિયો જ છે,
સો ગાઉ દૂર ભાગે છે કૃપા એવાથી જીવને. ૫૦-૫૧

રમત ખાલી, ખાલી જે જીવન સાથ તો કરે,
પાછા શા મનમાં માને 'મારી ધાડ રહ્યા જ છે!'
કરે છે છાવર્યા એમ પોતાને ખાલી ખાલી તે,
આઘી ને આઘી સુદૂર તેમનાથી કૃપા શી છે! ૫૨-૫૩

ઉધામા જેમના સર્વ છે ઉત્સાહ વિના બધા,
કશા ના કામના તે છે, તે ઉધમાતિયા જ શા!
મારે બાથોડિયાં માત્ર ને માને જગ જીતિયા,
એવાંથી તો કૃપા પોતે ભાગતી દૂર, દૂર ક્યાં! ૫૪-૫૫

જીવન ધ્યેય હેતુમાં એકાગ્ર જેનું લક્ષ ના,
વલણ, વૃત્તિ ને દૃષ્ટિ જેનાં ધ્યેય વળેલ ના.
એળે સમય ખોવાતાં જેને હાય થતી નથી,
એવાં અનાડીથી મુખ, કૃપા સંતાડી દેતી શી! ૫૬-૫૭

આમ તેમ ભમે જ્યાં ત્યાં મરણિયો ન ટેક છે,
યદ્વાતદ્વા જ ઠેકાણું પાર વિનાનું જેનું છે,
ઠરીઠામ કશામાંયે પૂર્ણ જે કો થતો ન છે,
કેવાં દુર્લભ એવાંને કૃપા દર્શન વેગળાં ! ૫૮-૫૯

જેની વિચારધારાનું ઠામઠેકાણું કૈં ન છે,
જેના પ્રમાદનો પાર અપરંપાર જીવને,

લીધેલાં કર્મમાં જેઓ આરપાર થતા ન છે,
દર્શન કરવાં તેનાં કૃપા ઇચ્છે કદી ન તે. ૬૦-૬૧

હાંસલ કરવા કર્મ લીધેલામાં પૂરેપૂરાં
-ઉદ્યમ, ખંત, ઉત્સાહ જેને દિલ ન છે ખરાં.
મારે ડાફરિયાં જ્યાં ત્યાં ને ઉધમાત જેહના,
તેના પરે ન દૃષ્ટિયે કૃપાકેરી પડે કદા. ૬૨-૬૩

ફીટી જવા જ સંપૂર્ણ જેને દિલ ન હામ છે,
જેનું નિશ્ચિત ના ધ્યેય, લાગ્યો પડેલ જે ન છે.
ઊંચાનીચા થતાં જેની નજર આમ તેમ છે,
કૃપાનું સ્વપ્નયે તેને આવવાનું કદી ન છે. ૬૪-૬૫

પૂરેપૂરો જ સંસારે નર્યો જે રાચતો રહે,
ને પાછી જ્ઞાનની વાતો અમથી અમથી કરે,
કશું નક્કરપણે કર્મ જેનાથી કશું થાય ના,
કૃપા તેને કશી રીતે આવે ના ઉપયોગમાં. ૬૬-૬૭

જેને શો સ્વાર્થ સંસારે જે ઠેકાણા વિના ભમે,
ને ભલીવાર તો જેનો કોઈ કર્મે કશો ન છે,
બુદ્ધિનો વળી ફાંકો છે, અભિમાન અપાર છે,
તેનાથી દૂર ભાગે છે કૃપા શી ક્યાંય વેગળે! ૬૮-૬૯

સમજણનું પોતાની છે ડહાપણ જેહને,
ડાહ્યો માની જ પોતાને વ્યવહાર કર્યા કરે,
પોતે માન્યું જ તે સાચું દૃઢ તે માન્યતા વિશે,
એવાંથી કેટલે દૂર કૃપા શી ભાગતી ફરે! ૭૦-૭૧

માનેલા આગ્રહોમાં શો સંપૂર્ણ જડ જે સદા,
મોહ, લોભ, વળી કામ જેને જીવન છે ઘણાં,
સંસારે અટવાયેલો ગૂંચાયેલો રહ્યા કરે,
મોઢું બતાવવા તેને કૃપા તૈયાર ના કદા. ૭૨-૭૩

પોતાને ફાવતું એવી શોધે સરળતા જગે,
જો અગવડ આવે જ્યાં અશાંતિ, ક્લેશ ઉદ્‌ભવે,
જે સંઘર્ષણથી નાસે વળી બીકણ સૌ રીતે,
એવાંથી ક્યાંયની ક્યાંય કૃપા તો વેગળી રહે. ૭૪-૭૫

અળશિયાંની પેઠે જે સંસારે શો પડી રહે!
પીર જે આળસુનો છે સંસારે રવડી મરે.
બીજાના દોષ જેને તો શા ઝપાઝપ તે સ્ફુરે!
એવાંનાથી કૃપા પોતે નાસતી ભાગતી ફરે. ૭૬-૭૭

નર્યો છે રસ બીજાનું જોવાને આડુંતેડું જ્યાં,
પોતાના કરતાં બીજાતણા વિચાર છે ઘણા,
ને બીજાનું જ જોવામાં પરોવાયેલ જે પૂરો,
તેવાથી તો કૃપા કેવી સંતાતી ફરતી સદા. ૭૮-૭૯

પોતે સમજણોમાં શો પોતાની મશગૂલ છે,
બીજું સમજવા તેથી જેની તૈયારી કૈં ન છે.
પોતામાં અટવાયેલા સંપૂર્ણ જે સડ્યા કરે,
કૃપા હોવા છતાં કેવી અદૃશ્ય તેમનાથી છે! ૮૦-૮૧

ઘડીમાં આમ ને તેમ પાછા શા ઘડીમાં કહીં !
ઠેકાણું જેમનું ના છે, કશો નિશ્ચય છે નહીં,

આદર્શ જીવને જેને કોઈ પ્રકારનો નથી.
એવાંઓને કૃપા ક્યાંથી શકે સાંપડી તે વળી ? ૮૨-૮૩

જેના વિચાર ક્યાંના ક્યાં અસંબદ્ધ જ ઊડતા,
વ્યવસ્થિત થયેલો જે પૂરો કોઈ રીતે જ ના,
પોતાના કરતાં જેઓ બીજાનું જ વિચારતા,
કૃપાની વાત તેવાંની યથાયોગ્ય નથી કદા. ૮૪-૮૫

પોતાનામાં પૂરેપૂરો અંતર્મુખ થયો ન છે,
પોતાના ધ્યેયની જેને કશી ક્યાંયે પડી ન છે,
આડોતેડો ગમે તેમ જીવને આથડ્યા કરે,
કૃપાની વાત તેવાંની યથાયોગ્ય કદી ન છે. ૮૬-૮૭

ઠામઠેકાણું જેના તે વિચારોનું નથી કશે,
એકધારું વહેવાનું જેના જીવનમાં ન છે,
આળપંપાળ ઊગે છે જેના તેના વિશે નરી,
કૃપાની વાત તેવાંની યથાયોગ્ય ન છે કદી. ૮૮-૮૯

ઘડીમાં આમ ને તેમ ક્યાં ક્યાં શો ઘડીમાં રમે !
યદ્વાતદ્વા રીતે કાળ જીવને ગાળતો રહે,
ક્ષુલ્લક શી નકામી તે વાતોમાં સબડ્યા કરે,
કૃપાની વાત તેવાંની યથાયોગ્ય કદી ન છે. ૯૦-૯૧

જેને જીવનના હેતુતણું જાગ્યું ન ભાન છે,
કૃપાના કરનારાની જેને યાદ જીવે ન છે,
સાવ ક્ષુલ્લક રીતે જે યદ્વાતદ્વા વિચારતા,
જેની વિચારધારાનું ઠેકાણું નવ एकમાં,

થાય જે પલમાં તોલા, માસા જે પલમાં થતા,
કૃપાની વાત તેવાંની યથાયોગ્ય નથી કદા. ૯૨-૯૪

પરંપરા વિચારોની વિશે ગૂંચાઈ જે જતા,
જુદી અનેક શાખામાં શા વહેંચાઈ જે જતા!
એકાગ્ર દિલ કેંદ્રિત જીવને જે નથી થયા,
કૃપાની વાત તેવાંની યથાયોગ્ય નથી કદા. ૯૫-૯૬

લાગે જે અટવાયેલા ક્યાંયે જેઓ ઠર્યા નથી,
જે બંધબેસતા ક્યાંયે હજી યોગ્ય થયા નથી,
શ્રદ્ધાવિશ્વાસ પોતામાં જેને જાગ્યાં પૂરાં નથી,
કૃપાની વાત એવાંની યથાયોગ્ય કદી નથી. ૯૭-૯૮

જેને ઝઝૂમવામાં તો ના યાહોમ થવાપણું,
જીવને નવ હોમાયા, જેઓ કશા વિશે ઊંડું,
જીવતું જ્ઞાન ના, તોયે વાતો જ્ઞાનની શી કરે !
કૃપાની વાત તેવાંની યથાયોગ્ય કદી ન છે. ૯૯-૧૦૦

જેઓ ઉકેલ ના લાવે સામે આવેલ પ્રશ્નનો,
કરે છે ગબડ્યા જેઓ વિના આદર્શ, રીત તો,
ધારાધોરણ નિશ્ચિત જેના જીવનનું નથી,
કૃપાની વાત તેવાંની યથાયોગ્ય કદી નથી. ૧૦૧-૧૦૨

પ્રમાદી, આળસુ હોવા છતાં, તેનું ન ભાન છે,
સ્વભાવ એમનો એમ જેને તો રાખવો જ છે!
પોતે જ્યાં છે જ તેમાંથી દિલ ના ચસવાનું છે,
કૃપાની વાત તેવાંની યથાયોગ્ય કદી ન છે. ૧૦૩-૧૦૪

ટીકા જે કરવા બેસી જાય બીજા બધાતણી,
પોતાનું શોધવા ઊંડું જેને કૈં જ પડી નથી,
બીજાનું કાંતવા ઊંડું જેનું તત્પર દિલ છે,
કૃપાની વાત તેવાંની યથાયોગ્ય કદી ન છે. ૧૦૫-૧૦૬

જેને ઊતરવા ઊંડું જીવનમાં તમા ન છે,
ગલ્લાંતલ્લાં નર્યાં જેના જીવને પરખાય છે,
ડોલંડોલા જ જેનું છે અંતરિયાળ જીવન,
કૃપાની વાત તેવાંની યથાયોગ્ય કદી ન છે. ૧૦૭-૧૦૮

ચીલેચલુ રીતે જેઓ જગે જીવન જીવતા,
જવાબદારી કૈં જેની તૈયારી ના સ્વીકારવા,
ભાવ ને શક્તિ, ગુણોમાં જેની મૌલિકતા ન છે
કૃપાની વાત તેવાંની મિથ્યા જાણવી નિશ્ચયે. ૧૦૯-૧૧૦

જીવને આમ ને તેમ જ્યાં ત્યાં શો ભટક્યા કરે!
નકામાય વિચારોમાં રમવા બેસી જાય તે.
પોતાનામાં કદી ઊંડો જેને રસ જરા ન છે,
કૃપાની વાત તેવાંની યથાયોગ્યપણે ન છે. ૧૧૧-૧૧૨

જ્યાં ત્યાં ડાફરિયાં મારે આમથી તેમ જીવને,
ઠરી ઠામ થવા જેને હૈયે એકાગ્રતા ન છે
કૃપાના કરનારામાં જેનું દિલ ભળ્યું ન છે,
કૃપાની વાત તેવાંની યથાયોગ્યપણે ન છે. ૧૧૩-૧૧૪

ઠેકાણુંયે વિચારોનું જેના કાંઈ કશું ન છે,
વાદળાં શાં વિચારોનાં જેના તો મનમાં ઘૂમે,

સ્થિરચિત્ત કશાનામાં જીવને ના થયેલ જે,
કૃપાની વાત તેવાંની યથાયોગ્યપણે ન છે. ૧૧૫-૧૧૬

મુડદાલ સમું જેઓ જીવન જીવતા જગે,
કૃપાની બૂમ તેવાંની મિથ્યા જાણવી નિશ્ચયે. ૧૧૭

ખાલી જે ભટકે માત્ર જેનું પ્રમાણ કોઈ ના,
પોતાને તે છતાં માને ભંડાર બુદ્ધિના સદા,
ફૂલેલાં તે ફરે કેવાં પોતાને ફાંકડાં ગણી!
એવાંઓને કૃપા કેવી નમસ્કાર કરે વળી ! ૧૧૮-૧૧૯

જીવને શાંતિને માટે જેને કૈં પરવા ન છે,
થવા કલ્યાણ પોતાનું જેને કશું ઊગ્યું ન છે,
જેને જીવનમાં સાર કશો ક્યાંયે ન તે જડે,
એવાંને સ્વપ્નમાંયે ના કૃપા દર્શન આપશે. ૧૨૦-૧૨૧

* * *

## કૃપા કોને વરે ?

જાગીને, હેતુને પ્રીછી, સાધવા હેતુ જે મથે
—વફાદારીથી સંપૂર્ણ શ્રમ અથાગ જે કરે,
ને જેમાં ભક્તિ જાગીને કૃપા આશ્રય જેહને,
એવાં માત્ર ફળાવે છે ધારેલો હેતુ જીવને,
તેવાંને શી કૃપા નિત્યે છે સાથોસાથ જીવને !
જવી પડે કૃપાને ના ખોળવા ક્યાંય એમને. ૧૨૨-૧૨૪

દાવાનળ સમો અગ્નિ શો સળગેલ જીવને !
જીવન ધ્યેય તો એવાં માત્ર ફળાવતાં ધપે,

સર્વ ભાવે, બધી રીતે જવા હોમાઈ તત્પર,
તેવાંને શી કૃપા પોતે વારી વારી વરે દિલ. ૧૨૫-૧૨૬

જવા સંપૂર્ણ ખોવાઈ જેની તૈયારી જીવને,
જેને હર્ષ સમર્પાતાં ઊછળે, ત્યાં કૃપા જ છે. ૧૨૭

ધ્યેયની લગની કેવી! ખંતનો નહિ પાર છે,
મથી મથી, કડીતોડ મસ્ત જે સાધના વિશે,
અખંડાકાર છે તેમાં સંપૂર્ણ આરપાર છે,
તેને જ માત્ર ધાઈને કૃપા ઉમળકે વરે. ૧૨૮-૧૨૯

* * *

કોનાથી દૂર ભાગે છે ? કોને કોને કૃપા વરે ?
તે તે બતાવ્યું છે સ્પષ્ટ કૃપાની તે કૃપા થકી.
કાંતવા ઝીણું ઝીણું તે એવી શક્તિ ન મુજમાં,
કૃપાની બલિહારીથી લખાયું છે કૃપાથી આ. ૧૩૦-૧૩૧

卐

હરિઃૐ

## અધ્યાય : ૩

## કૃપા કાજે અનિવાર્ય

: અનુષ્ટુપ :

બહુ વાર કૃપાની જે કરે વાતો શી હોંશથી!
છતાં પડી રહેલા જે, કૃપાને જાણતા નથી. ૧

સૂર્યપ્રકાશથી જેવું પ્રત્યક્ષ પરિણામ છે,
તેવું કૃપાનું છે નિશ્ચે, ઘટે જાણવું જીવને. ૨

પ્રકાશ જેમ શી પોતે કૃપા તો આપમેળ ત્યાં
—વહ્યા કરંતી છે ! કિંતુ ભક્તિ વિના પ્રિછાય ના. ૩

પસંદગી કૃપા પોતે પોતાના પાત્રની કરે,
એવાંને પછી સંપૂર્ણ વરી લે છે કૃપા શી તે ! ૪

કૃપા પસંદગી પોતે યદ્વાતદ્વા કરે ન તે,
હોય ધોરણ એનુંયે, લક્ષણો વળી નિશ્ચયે. ૫

કૃપા પસંદગી પૂર્ણ કેવી રીતથી તે કરે ?
કોઈથી તે પૂરેપૂરું સમજાતું નથી હૃદે. ૬

હરિને માનતા ના જે છતાં તેના પરે કૃપા
—પૂરી તો હોય છે કિંતુ દેખાતી ના તહાં,
છોડી દે છે ન તેવાંને કૃપા કોઈ પ્રકાર ના. ૭

સદંશ જીવમાં, એને પાંગરવાની જે કળા
—કૃપાથી ઊગતી ર્‌હેતી પારમાર્થિક શી કૃપા ! ૮

સભાનતા કૃપાકેરી એ દિશામાં વળેલ જે,
પ્રત્યક્ષ ત્યાં કૃપા પ્રેમે એને જીવન નિત્ય છે. ૯

બહુને સાંભળેલાં છે : 'અમો પરે કૃપા શી છે !'
કિંતુ સભાનતા એની વર્તાતી મુદ્દલે ન તે. ૧૦

કૃપાને માગવાની ના, તે આપોઆપ નિત્ય છે,
માત્ર અભિમુખતા તેની પ્રત્યે જાગેલી જોઈશે. ૧૧

કૃપા પરત્વેનું મુખ ફેરવાયેલ હો પૂરું,
કૃપા હરિતણી ત્યારે શી હાજરાહજૂર છે ! ૧૨

આમંત્રવી પડે એને કદાપિ નવ જીવને,
અભીપ્સા તે પરત્વેની જલ્યે, વર્તાતી ખુદ તે. ૧૩

જો મુલાયમ સંપૂર્ણ કૃપા આધાર યોગ્ય છે,
કૃપા ત્યાં કરવા લાગે પોતાનું કર્મ આપ તે. ૧૪

લાખોની માલિકી હોવા છતાં, માનવી જીવને
—ગાંડો બનેલ જો હોય, તેને તેનું ન ભાન છે. ૧૫

એવું કૃપાતણું જાણો, કૃપા પ્રત્યે સભાનતા
—હોયા વિના, કદાપિ તે શકે ભજવી ભાગ ના. ૧૬

કૃપાપાત્ર થવા યોગ્ય અભીપ્સાનું મહત્ત્વ છે,
ઉત્કટ અગ્નિની પેરે ગરજ ભભૂકે હૃદે. ૧૭

અભીપ્સા જાગવા અર્થે અનુશીલન જીવને
—પરિશીલન ભાવોનું કૃપા અર્થે થવું ઘટે. ૧૮

અભીપ્સા જેની કૈં ના છે, પોતે હોવા છતાંય તે
—વર્તાશે ના કદી જાતે એવી લજામણી શી તે ! ૧૯

અભીપ્સા જાગવા અર્થે જરૂરી અભિમુખતા,
તે પ્રગટાવવા અર્થે સાધનો પ્રાર્થનાદિ શા ! ૨૦

ઉત્કટતા હૃદે તીવ્ર પ્રચંડમાં પ્રચંડ છે,
અભીપ્સા એવી જાગે જ્યાં, કૃપા અનુભવે જ છે. ૨૧

શાંત ને સ્વસ્થ સંપૂર્ણ પ્રસન્ન ભૂમિકા થતાં,
કૃપાની શક્તિ આધારે શી અવતરતી તદા ! ૨૨

ભૂમિકા યોગ્ય સંપૂર્ણ થયા વિના કશુંય તે
—પાકતું ના ભૂમિમાંયે એવું કૃપાનું જાણજે. ૨૩

લાગ્યા વિના પૂરેપૂરી ગરજ તે કૃપાતણી
—અભીપ્સાયે ન આધારે જાગી કૈં શકતી નથી. ૨૪

સર્વ આધાર સંપૂર્ણ પોતાના આપણા પરે,
એવાં તો આપણે છીએ જાણવું તે ઘટે હૃદે. ૨૫

ખાલી ખાલી જ તે માત્ર યદ્વાતદ્વાપણે મુખે
—બબડવાથી, આધારે કૃપા પ્રેરાય ના ખરે. ૨૬

આર્તતા આર્દ્રતા પૂર્ણ જેને કૃપાની માટ છે,
તેનું કૃપા કરે કામ આપમેળે જ જીવને. ૨૭

વિના શરણાગતિ કોઈ પાળી હુકમ ના શકે,
સ્વીકારાત્મક ભૂમિકા જો ના, તો ના કૃપા ઝરે. ૨૮

વાતાવરણ સંપૂર્ણ પોતાને વર્તવાતણું
—કૃપા પોતે શી માગી લે ! જીવે તે આપવું રહ્યું. ૨૯

થવા આધારને યોગ્ય કૃપા સર્વ કર્યા કરે,
બતાવવાપણું એને ક્યાંયે ના કશું હોય છે. ૩૦

કૃપા પડે ન ઊંચેથી એ તો આધારમાં જ છે,
સ્પર્શાવા એનું અસ્તિત્વ તમોને કેવું લાગ્યું★ છે ? ૩૧

પેટ્રોલ ભૂમિમાં પોતે સ્વયંભૂ જે રહેલ છે,
થવા પ્રત્યક્ષ તે અર્થે રચનાની જરૂર છે. ૩૨

ખાલી ખાલી બૂમો માર્યે જેમાં ઊંડાણ કૈં ન છે,
ના તાલાવેલી ને જેમાં રંગઢંગ કશા ન છે,
'કૃપા, કૃપા' કર્યે માત્ર જેમાં ભાવ કશો ન છે,
કૃપા ત્યાં કર્મ પોતે ના કરવા શક્તિમાન છે. ૩૩-૩૪

રહેલું તેજમાં રૂપ કિંતુ વર્તાતું તે નથી,
મહત્ત્વે મોખરે તેજ થતાં, વર્તાય રૂપશ્રી. ૩૫

થવા દેવા કૃપાને જો કૃપાનું કર્મ જીવને
—સૌ સાનુકૂળતા એવી આધારે તમ અર્પજે. ૩૬

---

★ - સળગ્યું.

ઊંડામાં ઊંડું સંપૂર્ણ લાગ્યા વિના ખરેખરું
—આધારમાં કૃપા અર્થે, કૃપા ડોકાય ના પૂરી. ૩૭

વળી આધારનો પૂરો લેવાનો કબજો કૃપા
—પોતે તત્પર નિત્યે છે સ્વાભાવિકપણે સદા. ૩૮

કબજો આપવા કાજે અભીપ્સા યોગ્ય કિંતુ ના,
કૃપા બિચારી શી રીતે કરી કામ શકે ત્યહાં ? ૩૯

બીજમાં વૃક્ષ સંપૂર્ણ સૂક્ષ્મમાં સૂક્ષ્મ કેવું છે !
એને ઉગાડવા, મોટું થવા, યત્ન થવો ઘટે. ૪૦

તેવુંયે તો કૃપાનું છે, આધારે તે છતી થવા
—અભીપ્સા માત્ર અગ્નિના જેવી હોવી ઘટે ત્યહાં. ૪૧

ઉત્કટ લગની હૈયે અગ્નિ જેવી જગાડવા,
જીવન ધ્યેય જાગેલું જોઈશે હોવું દિલમાં. ૪૨

ધ્યેયની દિલ સંપૂર્ણ નિશ્ચિતતા થયા વિના,
તાલાવેલી વિના લાગ્યા, કૃપા વર્તાય ના કદા. ૪૩

નિરાવલંબી હોવા તે છતાં આધાર સૂક્ષ્મ છે
—કૃપાને નિજનો કેવો પોતાના પર હોય જે ! ૪૪

આવવાપણું એને ના, એની પ્રત્યક્ષ હાજરી
—સર્વોપરી જ સંપૂર્ણ ના કો એની બરાબરી. ૪૫

કૃપાનાં ક્ષેત્રનું યોગ્ય સંપૂર્ણ ચિત્ર જીવને,
તે ઉપસાવવા અર્થે મથે, તેને કૃપા જ છે. ૪૬

પ્રદેશ જે કૃપાનો છે મા'લવા તે વિશે હૃદે,
ઉત્કટ તેવી આકાંક્ષા તે અર્થે જે મથ્યા કરે,
સતત એકધારો ત્યાં એકનો એક જે હૃદે,
તેવાંને શ્રીકૃપા પોતે શી વરમાળ અર્પશે ! ૪૭-૪૮

એને કેટલું ચાહો છો વિચારી તે જુઓ વળી,
પાત્ર એને થયા વિના કૃપા પોતે વરે નહીં. ૪૯

નર્યા ક્ષુલ્લકમાં માત્ર રાચે એવા જ વિષયે,
તેવાં કૃપાની તો વાત કરવા યોગ્ય છે ન તે. ૫૦

છતાં એવાં થકી પાછી કૃપા ભાગી ન જાય છે,
કૃપા તટસ્થ ત્યાં સાક્ષીરૂપે છૂપી શી હોય છે ! ૫૧

卐

હરિ:ૐ

## અધ્યાય : ૪

## કૃપા કાજે અભીપ્સા

: અનુષ્ટુપ :

ઊર્ધ્વનાં ક્ષેત્રમાં પૂર્ણ જ્યાં અવતરવા હૃદે,
ઉત્કટ તો અભીપ્સા ત્યાં ઘટે શી હોવી જીવને ! ૧

અભીપ્સા અગ્નિના જેવી જ્યાં ધગ્ધગતી અંતરે,
કૃપા ઉમળકાથી ત્યાં કેવી અવતરતી નીચે ! ૨

વ્યક્ત થવા કૃપાને તો અભીપ્સા શી જરૂરી છે !
ઉગાડવા અભીપ્સાને સાધનો પ્રાર્થનાદિ છે. ૩

કૃપાને પામવા કાજે પ્રચંડમાં પ્રચંડયે
—અભીપ્સા દિલ જેને જે કૃપા જીવતી ત્યાં જ છે. ૪

કૃપાને ખોળવાની ના, કૃપા પ્રત્યક્ષ આપ છે,
સૌ સાનુકૂળતા એને દેતાં કૃપા ભળાય છે. ૫

શી સાનુકૂળતા સર્વ કૃપાને યોગ્ય આપવી !
અભીપ્સા દિલ જાગેલી જ્ઞાન એનું જ આપતી. ૬

અભીપ્સા ભભૂકે તીવ્ર ઉત્કટમાં શી ઉત્કટ !
સ્વાર્થ તે અર્થ લાગેલો સંપૂર્ણ જોઈશે દિલ. ૭

અભીપ્સાની ભૂમિકામાં કૃપા અવતરતી સદા,
તે વિના કોઈ ઉપાયે કૃપા પ્રેરાતી ના કદા. ૮

કૃપા સભાનતા હૈયે ઊંડે જેને ઊગેલ છે,
તેવાંને શી કૃપા પોતે ઊર્ધ્વે ઊંચકી લૈ જશે. ૯

કૃપાને પામવી જો હો યથાર્થ ભાવથી હૃદે,
'પમાય કેવી રીતે તે' જાણી લેવું બધું ઘટે. ૧૦

કૃપાને પામવા અર્થે તપશ્ચર્યા જરૂરની,
એમ ને એમ તો લોક ખાલી માગે કૃપા વળી. ૧૧

પુરુષાર્થ કર્યા વિના કશું ના મેળવાય છે,
તો પછીથી કૃપા કેમ કશું કર્યા વિના મળે ? ૧૨

સંબંધ હજીયે પૂર્ણ કેળવાયેલ જ્યાં નથી,
માગતા ફરવું કેવું બેહૂદું લાગતું વળી ! ૧૩

ઉત્કટ સ્વાર્થ તો લાગ્યા વિના જીવનમાં ઊંડો,
તે વિશે ત્યાં પ્રવેશાવું અશક્ય તે પ્રમાણવું,
આસક્તિ હરિમાં લાગ્યે વ્યસન ભક્તિનું થયે,
ત્યારે ઉત્કટ તો સ્વાર્થ અગ્નિ શો તે ભભૂકશે ! ૧૪-૧૫

કૃપાને પામવા કાજે ભક્તિ જ્યારે ઊગે હૃદે,
ખરો તે યોગ્ય છે કાળ તે અનુભવવા ખરે,
ઓશિયાળી કૃપા છે ના ભક્તિનીયે છતાં કશી,
સંકળાયેલ તો સાથે છતાં સ્વતંત્ર આપથી.૧૬-૧૭

જીવન ધ્યેય, આકાંક્ષા પ્રજ્વલતી હૃદે થતાં,
એકલક્ષે પરોવાતાં હેતુના ભાનથી તદા,
એકાકાર થવાતાં ત્યાં દિલમાં ભાવ મો'રતો,
તેવી તે ભૂમિકામાં છે કૃપા પ્રત્યક્ષ તુર્ત તો. ૧૮-૧૯

ખુલ્લે ખુલ્લું જ સંપૂર્ણ થવાતાં હરિપાદમાં,
કૃપા પ્રત્યક્ષ પોતે છે એને તો વાર છે જ ના. ૨૦

એની સન્મુખ સંપૂર્ણ છતા તો આપણે નથી,
પછી કેવી રીતે પૂરી કૃપા દેખાય આપથી ? ૨૧

બધી રીતેથી સંપૂર્ણ થતાં ત્યાં નગ્ન જીવને,
ધસીને દોડી આવીને કૃપા દે ઝટ દર્શન. ૨૨

સાધનો જે થતાં હોંશે નવાં સાધન સાંપડે,
તે તે સર્વ થતાં ર્‌હેતાં શક્તિ પાંગરતી જશે,
શક્તિને ઉપયોગે તે લેતાં લેતાં જ જીવને
—ભાવ શો બઢતો જાય કૃપા ત્યાં છતી થાય છે ! ૨૩-૨૪

એકલગ્ન, હૃદે મગ્ન હરિમાં જ્યાં થતાં જતાં,
કૃપા શી પડખે ત્યારે પ્રવર્તેલી કરે રહ્યા. ૨૫

કૃપાનું પૂર્ણ સામર્થ્ય વર્તાતું થતું જીવને,
ઈંદ્રાસન નર્યું ત્યારે ઈંદ્રનું પણ ડોલશે. ૨૬

સન્મુખ જીવતા જે છે કૃપા સામે અનુભવે
—કૃપાના જે ચમત્કાર ઊલટું સૂલટું કરે. ૨૭

કૃપાને વાર કોઈ ના વાર આપણને જ છે,
પછી પાછાં બૂમો કેવી આપણે મારીએ છીએ !

શી છે તત્પરતા ને તે જોતાં તો આપણે નથી !
ફરિયાદ પછી શાને 'તે અવતરતી નથી.'૨૮-૨૯

ન્યોછાવરી શી સંપૂર્ણ વારી વારી જતાં હૃદે
—થતાં હરિપદે જ્યારે કૃપા ત્યાં વારી જાય છે ! ૩૦

જીવન ધ્યેય આદર્શતણી લગની ઊગીને
—લગનીના રસે હૈયે તલ્લીન જ્યાં થવાય છે,
એવી એકાગ્રતા યુક્ત તલ્લીનતા થતાં હૃદે,
કૃપા યોગ્ય ભૂમિકાને થતાં, કૃપા શી પાસ છે ! ૩૧-૩૨

કૃપા પોતે છતી તે છે કિંતુ ના આપણે છતા,
છતા થવાની તૈયારી કોઈની જીવને ન ત્યાં. ૩૩

કૃપા હોવા છતાં સાથે ઓળખતા કૃપા નથી,
મોટામાં મોટું આશ્ચર્ય એના જેવું બીજું નથી. ૩૪

કૃપાની હાજરી કેવી પ્રત્યક્ષે શી અદીઠ છે !
કૃપાને જાણવા કોને એવું તલસંત દિલ છે ? ૩૫

કૃપાને પ્રીછવા ઝાઝી ના દરકાર કોઈને,
કૃપાની તો પડી ના છે જીવને કદી કોઈને,
પછી કૃપા કઈ રીતે પ્રવેશી તો શકે હૃદે ?
બારે દ્વારે જ વાસેલાં તાળાં જ્યાં મજબૂત છે. ૩૬-૨૭

બેપરવા જ સંપૂર્ણ કૃપા પ્રત્યે બધાય છે,
કૃપા ત્યાં શું કરી કાંઈ શકે । ઉત્તર આપજે. ૩૮

આડુંતેડું કૃપા પોતે જોવા બેસે ન કોઈનું,
ભૂમિકા માત્ર તો एને ખપ કેવો જરૂરનો ! ૩૯

ઘાંચીના બેલની પેઠે ઠેરના ઠેર હોવું તે,
પાછી કૃપા તહીં હોવી એમ માનવું વ્યર્થ છે. ૪૦

ગમે તેવો ભલે હોય, એનામાં કિંતુ પાણી જો,
કૃપાને એટલું માત્ર પૂરતું યોગ્ય જોઈતું. ૪૧

કેવું ઉપરનું તે છે સારું, ખરાબ કેટલું
—જરૂરી ના કૃપાને તે જુએ છે માત્ર માંહ્યલું. ૪૨

યોગ્ય પાત્ર કૃપા માત્ર સ્વતંત્ર શોધવા શી છે !
મૌલિક કોઈ ને કોઈ રીતે પોતે છતાં ત્યાં છે ! ૪૩

પ્રકૃતિના સ્વભાવે જ્યાં મર્યાદાઓ અપાર છે,
સમર્થ તોડવા એને કૃપાનો પાત્ર યોગ્ય તે. ૪૪

કૃપા ખુલ્લી થવા કાજે શાં કેટલાંય કારણો !
તેમાંનું મુખ્ય તો એક અભીપ્સા ખાસ જાણજો. ૪૫

અભીપ્સા જાગવા કાજે તેવાં ગરજ, સ્વાર્થ જ્યાં
—લગની, તીવ્ર આકાંક્ષા લાગતાં તે સ્વરૂપ ત્યાં. ૪૬

કૃપા નોતરવા ક્યાંયે જવાનું નથી જીવને,
અભીપ્સા તેવીથી પોતે શી અવતરતી આપ તે ! ૪૭

કાર્યક્ષેત્ર કૃપાનું જે મૂળે, જીવન ગૂઢ જે,
જીવને છાનુંમાનું તો અણજાણ્યે થયે જશે. ૪૮

કિંતુ એનો કશો લાભ ઉપયોગે ન આવશે,
હશે અસ્તિત્વ એનું તે છતાં કોઈ ન જાણશે. ૪૯

卐

હરિઃૐ

## અધ્યાય : ૫

## કૃપા અધિકાર

: અનુષ્ટુપ :

ઊર્ધ્વ જીવનના માર્ગે કૃપાનો ઉપયોગ છે,
તે અવતારવા અર્થે કૃપા સાધન યોગ્ય છે. ૧

જ્યાં પુરુષાર્થ કોટિયે કોઈ રીતે ન ફાવતો,
ઉપયોગ કૃપાનો ત્યાં યોગ્ય પ્રકારનો તદા. ૨

સામર્થ્ય જેટલું હોય દેતાં વાપરી સર્વ તે,
છતાં જો કારી ના ફાવે ત્યાં કૃપા ઉપયોગ છે. ૩

પુરુષાર્થ થતા ર્‌હેતા ર્‌હેતો ઉપાય બાકી ના,
છેક હારી પૂરા જાઓ ત્યાં કૃપા બૂમ પાડજો. ૪

ચાલ્યું ત્યાં સુધી ભાવ શક્તિ સંપૂર્ણ જીવને
—યોગ્ય વાપરતાં જ્યારે છતાં બેસી જવાય છે,
પુરુષાર્થ કશો કામ જ્યારે તે લાગતો નથી,
થતાં નિર્બળ સંપૂર્ણ કૃપાનું કામ તે ઘડી. ૫-૬

વાપરી હામ દેવાતાં છતાં મથ્યા જવાતું છે,
ફરી ફરી ઘણું ભારે મથતું હોય તોય તે
—ઊંચે અવાતું ના હોય મથતાંય પડાય છે,
'બળ નિર્બળનું રામ' ત્યારે ખરેખરું જ તે. ૭-૮

જીવને શક્તિ જે હોય સર્વસ્વ સર્વ હામથી
—ઉત્સાહ, ખંત ઉદ્યોગે વપરાતાં જતાં મથી,
ચાલ્યું એટલું તે સર્વ કરી જોતાં ફવાય ના,
ત્યારે કૃપાનું તો ક્ષેત્ર ખુલ્લું તે થાય છે તહાં. ૯-૧૦

જીવને વ્યવહારો સૌ તમારી રીત રાખીને,
વર્તવાનું સ્વભાવેથી જીવને માન્યતા રીતે,
સ્વભાવ જેમના તેમ રાખીને જીવવું જ છે,
ને પાછી શી કૃપા માગો થવું શક્ય કદી ન તે. ૧૧-૧૨

'ઐહિક સુખ પ્રાપ્ત્યર્થે' કૃપા માગવી વ્યર્થ છે,
ભૌતિક વ્યવહારાર્થે કૃપા ઈચ્છો' ન યોગ્ય તે. ૧૩

સંસારી જીવને કાંઈ ઈચ્છા ફળાવવા કશી,
ઉપયોગ કૃપાનો તો થવો, યોગ્ય જરા નથી. ૧૪

'જરા તરા વિશે માગે કૃપા' એ તો નકામું છે,
'શાક લેવા હીરો વેચે' એવા સંસારી મૂર્ખ છે. ૧૫

પરિચય થયા વિના જેમ માગી શકાતું ના,
તેમ શો ગાઢ સંબંધ થતાં, માગવું ઠીક ત્યાં,
એવો હૃદય સંબંધ હરિ સાથે થયા પછી,
જે તે કૈં માગવું ઈષ્ટ, તે વિના ઈષ્ટ તે નથી. ૧૬-૧૭

સંબંધ દિલનો ઊંડો ચેતના સાથ જીવતો
—એકધારો પૂરેપૂરો થતાં, માગી તમે શકો. ૧૮

કિંતુ જે ભક્ત સંપૂર્ણ હરિનો જ થયેલ છે,
એવાં તો બાળની જેમ ગમે તેવું હરિ કને
—માગવાને અધિકાર પામેલા હોય જીવને,
દાખલો એમનો લેવો ના યોગ્ય કાજ આપણે. ૧૯-૨૦

કૃપા રેઢી પડેલી ના एને મેળવવા ભલા,
સંબંધ કેળવાયા તે વિના, મગાય ના કૃપા. ૨૧

કૃપા મેળવવા ઊંડો સંબંધ દિલનો ખરો,
હરિ સાથે થવા કાજે હરિમાં દિલ જોડજો. ૨૨

જો સરાવવું હો કર્મ કૃપાના સાધને પૂરું,
કૃપાના કરનારાની સાથે સંબંધ બાંધજો. ૨૩

પરિચય થયેલો હો ગાઢ સંબંધ હો ભલે,
ગમે તેવું છતાં માગ્યે, શક્ય ના મળવાનું તે. ૨૪

જેમાં તેમાં કૃપા માત્ર પરે આધાર સર્વ છે,
એવાં તો માત્ર સંપૂર્ણ યોગ્ય પાત્ર જ ભક્ત છે. ૨૫

એવા થયા વિના બીજા જે કોઈ એમ બોલતા,
તેમનું બોલવું તેવું મિથ્યા સર્વ પ્રકારમાં. ૨૬

શ્વાસોશ્વાસ હરિનામાં જેના, પળ પ્રત્યેક છે,
એવાં તે એકલા માત્ર કૃપા આધાર પાત્ર છે. ૨૭

કૃપા, કૃપા બૂમો મોટી એવાં જે પાડનાર છે,
સંબંધ હરિ સાથેનો કિંતુ તેવાંતણો ન છે,
એવાંની એવી બૂમો તો કૃપાની વ્યર્થ જાય છે,
કૃપા ફળવવી જો હો કરો સંબંધ ગાઢ તે. ૨૮-૨૯

હરિનો દિલ સંબંધ જામતાં, જામતાં હ્રદે,
ચેતનાત્મક સંપૂર્ણ થતાં, તો શી કૃપા ફળે ! ૩૦

હૈયાની પ્રાર્થનામાં જ્યાં આર્તતા, આર્દ્રતા ઊંડી
—છે રણકંતી જીવંતી કૃપા અર્થ સરાવતી. ૩૧

તે વેળા કિંતુ તો ભક્ત સંપૂર્ણ જે થયેલ છે,
ખૂબ જાતે મથ્યા કેડે હરિને સાદ દે હ્રદે. ૩૨

તમારે મથવું છે ના, શ્રમ લેવો કશો નથી,
ઝાઝું ઝઝૂમવાનુંયે જેને પાલવતું નથી,
જોખમ ખેડવા પૂરું જોમ વાપરવું ન છે,
એવાંની સૌ કૃપાબૂમો નીવડવાની વ્યર્થ છે. ૩૩-૩૪

'જેના પ્રમાદનો પાર નથી' એવાં જનો જગે,
'પાડ્યા કરે કૃપા બૂમો' કેવી શરમ વાત તે ! ૩૫

પોતાનો જે પડેલો છે એવા સ્વભાવને પૂરો
—યોગ્ય મઠારવા જેનું હૈયું સંમત છે ન જો,
'જેવું જે જેમ છે તેમ' રાખીને જીવને સદા,
પાડનારાં કૃપા બૂમો એવાં માનવી તો ઘણાં. ૩૬-૩૭

કૃપા મેળવવાની સૌ રીત જે શી શી હોય છે,
જાણવા દરકારેયે જેને દિલ કશી ન છે,

નર્યા સંસારમાં પૂરાં રચ્યાંપચ્યાં રહેલ છે,
એવાં કૃપા બૂમો પાડે આપે કેટલું કામ તે ? ૩૮-૩૯

પાકો સંબંધ સંપૂર્ણ થતાં, કૃપા મગાય જે,
શક્યતા ફળવા એને જીવને યોગ્ય હોય છે. ૪૦

'કૃપાથી જો સરે કામ' એવું જો ઇચ્છતાં જ હો,
કૃપાના કરનારાની સાથે સંબંધ કેળવો. ૪૧

ભક્ત પૂર્ણ થયા કેડે ગમે તેવુંય સૌ તમે
—કૃપાને પ્રાર્થી હૈયાથી જે તે માગ્યા કરો ભલે. ૪૨

卐

હરિ:ૐ

## અધ્યાય : ૬

## કૃપાનો આવિષ્કાર

: અનુષ્ટુપ :

જુદા જુદા પ્રકારો છે કૃપાની વ્યક્તતાતણા,
જુદી જુદી ભૂમિકામાં જુદા પ્રકાર તેતણા. ૧

વૃક્ષમાં પ્રાણ પ્રત્યક્ષ, જેથી ખીલ્યા કરે જ તે,
કૃપાથી એવું પ્રત્યક્ષ જીવન પાંગર્યા કરે. ૨

પ્રકાશ શો જુદો જુદો જુદા પદાર્થની પરે !
શો એકસરખો પોતે પરિણામે જ ભેદ છે ! ૩

માટી, પથ્થર ને વૃક્ષ, પશુ, પંખી બધાં પરે
—પ્રકાશનું પરિણામ પ્રત્યક્ષ જુદું જુદું છે. ૪

ઝીલે છે કાચ જે રીતે જેવો પ્રકાશ, તે રીતે
—બીજા કોઈ ન ઝીલે છે બુદ્ધિથી સમજાય છે. ૫

જે રીતે જેવી ભૂમિકા તે રીતે ત્યાં કૃપા શી છે !
કિંતુ જાગૃતિ જેને છે, તેને પ્રત્યક્ષ લાગશે. ૬

ગંગાને ઝીલવા પાત્ર યોગ્ય માત્ર જ શિવ છે,
ગજું બીજાતણું ના છે કૃપાનું પણ તેવું છે. ૭

કૃપા સત્કારવા પાત્ર જીવને સર્વ બાજુથી
—થવાનું રહ્યું સંપૂર્ણ કૃપા તો વરશે નકી. ૮

યદ્વાતદ્વા ગમે તેને વરી પડે કૃપા ન તે,
એની નજરમાં ખૂંપે જે કો, તેને વરે જ તે. ૯

'નજરે ખૂંપવા એની કઈ રીતની યોગ્યતા
—રહી સાંપડવી,' તેની થવી ઘટે વિચારણા. ૧૦

કૃપા શી હરિનો અંશ ! હરિના ગુણધર્મ જે,
—થતાં પ્રાપ્ત, કૃપા પોતે એવાંને વરશે હ્રદે.
જેને કૃપા વરે તેનું સર્વ કલ્યાણ થાય છે,
કૃપાપાત્ર થવા કાજે કૃપાથી વર્તાયું છે. ૧૧-૧૨

કૃપા અવતરે છે જ્યાં કૃપા ના એકલી હશે,
કૃપાનો સ્વામીશ્રી પોતે સાથો સાથ હયાત છે. ૧૩

જાણ્યામાં મન સ્વપ્નેયે ન્હોતું, પ્રત્યક્ષ થાય જે,
જીવન સાબદું કેવું કૃપાથી મસ્ત થાય છે. ૧૪

લક્ષ્મીથી કર્મ તો થાય શક્તિથી યંત્ર ચાલતાં,
કૃપાની પણ શક્તિથી ગતિ થાય વિકાસમાં. ૧૫

હરિમાં દિલ જેનું છે તેને નિરંતરે સદા
—કૃપા ભીંજાવી શી દે છે ! ભેદાવાં પડળો બધાં. ૧૬

નિરાધાર પૂરેપૂરા યોગ્ય બધી રીતે થતાં,
દર્શન કેવું પ્રત્યક્ષ થયાં તે કરતું તદા. ૧૭

‘કૈં સરખોયે જો છે આશ્રય તે કશાતણો,
ત્યાં સુધી તો કૃપા પાસે ઢૂકતી નથી,’ જાણજો. ૧૮

કૃપાને શરતો ના છે છતાંયે શરતો શી છે !
પોતાનાને પિછાણીને વા’રે તેની કૃપા ચઢે. ૧૯

સામર્થ્ય ઝીલવા પૂર્ણ જેનામાં સૌ ખીલેલ છે,
તેનામાં ઊતરી પોતે માગ્યા વિના બધું કરે. ૨૦

ચઢાવે ગિરિ પંગુને, મૂગાંને બોલતો કરે,
જડ, બોથડ જેવાને શો વિદ્વાન કૃપા કરે ! ૨૧

જીવનના ખૂણાઓને સીધા કેવા કૃપા કરે !
અનુભવ્યા વિના કોને એની ખબર ના પડે. ૨૨

કૃપા અવતરતાં પહેલાં ઊથલપાથલો મહા
—કેટકેટલી તો થાય માત્ર જાણે જ વિરલા. ૨૩

અંધાધૂંધી, મહાઆંધી, વિઘ્ન, મુશ્કેલી, ગૂંચમાં,
કૃપા જેવો બીજો સાથી દુર્લભ મળવો તહાં. ૨૪

બાંય તો પકડે જેની એકવાર કૃપા જ જો,
પડખે તેની પ્રત્યક્ષ જીવતી જાગતી શી તો ! ૨૫

કૃપા જેના પરે થાતી જાય વારી શી તે પરે !
કસોટી ને પરીક્ષાયે તેની શી થાય જીવને ! ૨૬

કેવી શીતળતા મુગ્ધ ચંદ્ર જેવી કૃપાની છે !
ઝિલાવા ઘા છતાં તેના છાતી વજ્રની જોઈશે. ૨૭

ભલભલાતણા છક્કા છૂટી શા જાય જીવને !
ભયંકર તબક્કામાં કૃપા સંગાથી સાથ છે. ૨૮

ભૂલાં છોને પડેલ હો ક્યાંય માર્ગ ના સૂઝતો,
ત્યાંયે કૃપા ચઢી સ્હાયે દર્શાવે સ્પષ્ટ માર્ગ તો. ૨૯

સંપૂર્ણ અટવાયા હો બહેર બુદ્ધિ થાય જ્યાં,
કૃપા ઓચિંતી શી યોગ્ય પ્રકાશ પાડતી તદા ! ૩૦

કેવા કેવા પ્રદેશોમાં ભુલભુલવણી જ છે,
તેમાં તરાવવા યોગ્ય માત્ર કૃપા શી પાત્ર છે ! ૩૧

બારે વાંસ ડૂબ્યાં જ્યાં હો આરો ના બચવા કશો,
એવી વેળા કૃપા કેવું કરે અદ્ભુત કર્મ શું ! ૩૨

નિરાશા કારમી ઘોર જીવને આવી જ્યાં પડે,
ધૂંધળી ધૂંધળી ત્યારે દિશાઓ સર્વ થાય છે,
સૂઝે ના જીવને ત્યારે કશુંયે રચનાત્મક,
એવી વેળા કૃપા કેવું પ્રેરતી પ્રેરણાત્મક ! ૩૩-૩૪

અંધારામાંહી ઓચિંતો લિસોટો તેજનો કૃપા,
તારનારી કૃપા માત્ર અજ્ઞાનેથી શી જ્ઞાનમાં ! ૩૫

કૃપાપ્રવાહ ગંગાનો જીવને જે વહ્યા કરે,
જેને સ્પર્શે કૃપા તેને પવિત્ર શો બનાવી દે ! ૩૬

કૃપા થવાથી તો કેવો અજબ પલટો થવા,
નવા જૂની થતી કૈંક વાવાઝોડાં થતાં તદા. ૩૭

ઊથલપાથલો કેવી ગુલાંટ મારતી નરી !
પેદા થયા કરે, કેવો ઉત્પાત તે મચાવતી ! ૩૮

આંધળાને કૃપા આંખો આપે છે તે અનોખી શી !
દીવા જેવું બધું સ્પષ્ટ આરપાર બતાવતી. ૩૯

જે તે સર્વ પ્રસંગોમાં કૃપાનો હાથ જે જુએ,
તેવાંનો પાર બેડો છે એને નિશ્ચિતતા વરે. ૪૦

કૃપા વિના ન ચાલે છે જેને જરાય જીવને,
કૃપા તેવાંની સંગાથે સદાકાળ રહ્યા કરે. ૪૧

યોગક્ષેમ કૃપા કેવું શ્રેયાર્થીનું ચલાવતી !
શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ આધાર કૃપાનો માત્ર આપથી. ૪૨

કૃપાનાંયે સ્વરૂપો શાં જુદાં જુદાં અનેક છે !
છતાં પાછાં બધાંયે તે एकના કેંદ્રમાં જ છે. ૪૩

દિવ્ય પ્રકારનાં કેવાં ઐશ્વર્ય ને વિપુલતા
—વૈભવ જીવને અર્પે કૃપા પ્રસન્ન તો થતાં. ૪૪

અગાધ ઉદધિ મોટો પાર તરી જવા, ‘હૃદે,
—કૃપા અપાર શક્તિ છે’, આવે અનુભવે પથે. ૪૫

કૃપાની મૈત્રીથી કેવો શ્રેયાર્થી શ્રેષ્ઠ મર્દ છે !
મળવા જેવું જે કૈં છે મળેલું તે કૃપાથી છે. ૪૬

‘ઊર્ધ્વના માર્ગનું શ્રેય, કૃપા પોતે શી બક્ષશે !’
આત્મવિશ્વાસ એવો છે જેને, તેને તરાવશે. ૨૭

ભરોસો દિલ સંપૂર્ણ જેને બેઠો જ છે હૃદે,
—કૃપા પરે, સદા તેવો સંગ્રામે શો ઝઝૂમશે ! ૪૮

ભીડવા બાથ આકાશ લેવા આકાશ આપમાં,
જીવને દે કૃપા ટેકો આકાશ ઝળકાવવા. ૪૯

કૃપાની જે ભૂમિકા છે જેમાં ફાલતી છે કૃપા,
જેમાં મા'લી શકે પોતે જેમાં છે મસ્ત શી કૃપા !
એવા પ્રદેશમાં પૂર્ણ પ્રવેશ જ્યાં થતો રહે,
વરે ઉમળકાથી ત્યાં કૃપા આપણને ખરે. ૫૦-૫૧

હરિનું અંગ તો પોતે કૃપા છે પરમેશ્વરી,
એવાં તે ક્ષેત્રમાં જ્યાં હો કૃપા સાક્ષાત ત્યાં ખરી. ૫૨

હરિના દેશમાં જેની આકાંક્ષા મા'લવાતણી,
પુરુષાર્થથી તેમાં જે ઝૂઝે, તેને કૃપા મળી. ૫૩

કૃપા ના એમની એમ કોઈનેય વરે કદી,
વરવા અર્થ તો એને ચા'વી પડે જ ભક્તિથી,
જવું પડતું સંપૂર્ણ વારી વારી કૃપા પરે,
દઈ દૈએ પૂરેપૂરું દિલ, ત્યારે કૃપા વરે.૫૪-૫૫

સમર્પાઈ જતાં પૂર્ણ પ્રેમભક્તિથી જીવને
—મનન ચિંત્વને મસ્ત કૃપાના એકલા વિશે,
કૃપાના એકલા માત્ર વિચારે મશગૂલ છે,
કૃપા વિના બીજું કાંઈ જેને દિલ ન હોય છે,
જેનામાં ઇશ્ક સંપૂર્ણ કૃપા પરત્વે છે, હૃદે,
તેવાં તે એકલાને જ કૃપા પ્રેમથી શી વરે ! ૫૬-૫૮

કુરબાન કરી દેવા કૃપા અર્થ બધી રીતે,
હૈયે ઉમળકાનો શો ઉછાળો ભવ્ય ઊછળે !

કૃપાના એકલા માત્ર પરોવાઈ વિચારમાં,
ઝંખ્યા કરે કૃપાને જે, તેને કૃપા વરે તદા.૫૯-૬૦

થવા પસંદગી પાત્ર કોણ ? કૃપા જ પારખે,
કૃપા અર્થેનું સંપૂર્ણ જેનું દિલ કૃપા વિશે,
નિત્ય નિત્ય કૃપામાં જે અખંડિત જીવ્યા કરે,
વારી વારી જઈ તેને કૃપા ભાવથી શી વરે ! ૬૧-૬૨

નિત્ય નવો નવો કેવો મૌલિક તે પ્રદેશ છે,
જેનાં તે અજવાળાંની તોલે તેજ ન કોઈ છે,
સ્વયંભૂ જે પ્રકાશે છે પોતાની મેળ વિશ્વમાં,
પોતાનામાં પડેલી છે એવી કૃપા છૂપી સદા. ૬૩-૬૪

જીવદશાની સંપૂર્ણ જેની પ્રકૃતિ, તે જીવે
—તેનું તે બદલવામાં શૌર્ય દાખવવું ઘટે,
ઊઠે પ્રકાશી સંપૂર્ણ કૃપા, એવી દશા થવા,
જીવને મથવાનું છે પૂરેપૂરું ચહી સદા. ૬૫-૬૬

અલૌકિક કૃપાનો છે દેશ અવનવો જ શો !
પહોંચ્યા ત્યાં વિના કેમ કૃપાને ઓળખી શકો ? ૬૭

જીવનપલટો પૂર્ણ એવે પ્રદેશ પ્હોંચવા
—શો કેટકેટલો યોગ્ય થવો જરૂરી ત્યાં જવા,
કૃપા સત્કારવા અર્થે, કૃપાને વરવા હૃદે,
'કેવી તત્પરતા યોગ્ય કેટલી ?' પ્રીછવી ઘટે. ૬૮-૬૯

ઊર્ધ્વ દિવ્ય પ્રદેશો જે તેમાં પ્રવેશવા જતાં
—કેવું ભારે નડે, ત્યારે કૃપાનો ઉપયોગ ત્યાં. ૭૦

ઊર્ધ્વ આરોહણે કેવા પ્રશ્ન અટપટા ઊગે !
સામાન્ય જાતના ના તે એનો ઑર પ્રકાર છે !
એને ઉકેલવા પાછું અપરંપાર તે ભલે
—મથાતું હો, ફળાતાં ના, ત્યાં કૃપા ઉપયોગ છે. ૭૧-૭૨

ઊર્ધ્વપ્રદેશની સૂક્ષ્મ શી અટપટી ભૂમિકા !
ત્યારે તેમાં ટકાવાને ત્યાં ઉપયોગી શી કૃપા ! ૭૩

ઊર્ધ્વપ્રકારના ભાવતણા દેશ વટાવીને
જવા પાર કૃપાનો શો સહારો ઉપયોગનો ! ૭૪

હરિમાં પૂર્ણ એકત્વ તે અનુભવવા હૃદે,
કૃપા આશ્રય સંપૂર્ણ મહત્ત્વનો ખરો ખરે. ૭૫

આકાશતત્ત્વ ભૂમિકા જ્યારે પાકી ગયેલ છે,
ત્યારે કૃપાતણું સાચું મહત્ત્વ પરખાય છે. ૭૬

હરિનો ભાવ પામ્યાથી કૃપાને ઓળખાય છે,
માહાત્મ્ય કેટલું મોટું કૃપાનું, ત્યાં જણાય છે. ૭૭

卐

હરિ:ૐ

## અધ્યાય : ૭

## કૃપાનો આધાર

: અનુષ્ટુપ :

વરવા ઝંખતો પ્રેમ ઉત્કટ કેટલો તહાં ?
આપણી ખાટલે ખોડ તેથી વર્તાતી ના કૃપા. ૧

વરવાપણુંયે એને કશુંયે ના રહેલ છે,
રહેલી તે તમોમાં છે જાણતા તોય છો ન તે. ૨

એને ઓળખવા અર્થે જીવને યત્ન કૈં ન છે,
છતાંયે વરવા આશા રાખવી દિલ વ્યર્થ છે. ૩

કેવી રીતે વરે પોતે હોવા છતાંય દિલ તે ?
એને તો વરવાનીયે તૈયારી જ્યાં કશી ન છે. ૪

મહત્ત્વાકાંક્ષી સંપૂર્ણ કૃપાને વરવા હ્રદે,
જેનું છે દિલ જાગેલું, પ્રત્યક્ષ ત્યાં કૃપા શી છે ! ૫

એને પ્રકાશવા યોગ્ય ભૂમિકા આપતાં જતાં,
કેવી કેવી ભભૂકે છે વર્તાતી જતી આપમાં. ૬

વેલને જેમ આધાર ચઢવા અર્થ જરૂરી છે,
કૃપાને ખીલવા કાજે યોગ્ય આધાર જોઈશે. ૭

એક વેળા પૂરેપૂરો યોગ્ય આધાર અર્પીને
—જોઈ લો, શી કૃપા ત્યારે કૂદકે ભૂસકે ખીલે ! ૮

મનમેળ થયા વિના એકદિલ ન થાય છે,
તેવુંયે તો કૃપાનું છે જાણી લેવું ઘટે હૃદે. ૯

પ્રીછી લે છે કૃપા પોતે યોગ્યતા વરવા શી તે !
લાયકાત શી સંપૂર્ણ કેટલી વરવાની છે ? ૧૦

આપણે આપણું જોવું કેટલા યોગ્ય આપણે ?
તમન્ના કેટલી કેવી ? ને તે તપાસવું હૃદે. ૧૧

નર્યોયે શંભુમેળો હો યદ્વાતદ્વા બધુંય છે,
છતાં જો ઈચ્છતા હો કે, 'પોતાને તે કૃપા વરે.'
પાપીમાં પાપીને છેક કૃપા કેવી વરેલી છે,
એવો શો દાખલો દેતાં જાણ્યા છે કેટલાંકને. ૧૨-૧૩

ધોરણ જે કૃપાનું તો યોગ્ય પસંદગીતણું
—પ્રકૃતિ ક્ષેત્રાથી ઉચ્ચ ઊર્ધ્વનું તે પ્રમાણવું,
કૃપા એ પ્રકૃતિ ક્ષેત્રાતણું કોઈ ન અંગ છે,
પુષ્પની જેમ સુવાસ કૃપા હરિનું અંગ છે. ૧૪-૧૫

ધોરણ માનવી બુદ્ધિતણાં સર્વ નિરર્થક,
છતાં શાં માનવી પાછાં જીવદશાનું વર્તન
—પોતાની માન્યતા પેરે બીજા પ્રત્યે કર્યા કરે,
સાચા હોવાની તેવાંની શક્યતા ના, છતાંય તે

—ઠેરના ઠેર શાં ર્હે છે ! ફાંકો શો બુદ્ધિનો છતાં
—ધરે છે માનવી એવાં ! બુદ્ધિની બલિહારી ત્યાં. ૧૬-૧૮

બતાવવા જ પોતાનું પોતે તત્પર ના કદી,
સામે તત્પરતા પૂર્ણ બતાવાતાં પૂરેપૂરી,
સામાની વ્યક્તતા એવી વર્તાતાં, પછી આપથી
—કૃપા ખુલ્લી થવા મંડે, एवी તે વ્યવહારથી. ૧૯-૨૦

દર્શાવી દે ન પોતાનો ખજાનો સૂક્ષ્મ જે બધો,
જે થતો જાય પોતાનો, તેને દર્શાવતી ખરું,
પોતાનો તે થયેલાની કૃપાને ખાતરી થતાં,
કૃપા પોતે વરી તેને આલિંગે પ્રેમથી તદા. ૨૧-૨૨

કૃપાને પાત્ર સંપૂર્ણ યોગ્યતાયુક્ત તો થવા
—તત્પરતા હ્રદે કેવી ઉમળકાની દિલમાં ?
સામે તમે કૃપા પાસે કેટલા તે પ્રમાણમાં,
કૃપાને એવી સાબિતી આપવી પડશે તહાં.૨૩-૨૪

યાહોમ ઝંપલાવીને ફના થવા જ સૌ રીતે,
જેને લ્હે એવી જીવંતી તેવાંને શી કૃપા વરે ! ૨૫

ઉમળકો હ્રદે ઊંડો કૃપા કાજે ઊઠેલ જે,
રીઝવવા કૃપાને તે પ્રયત્નો કરતો રહે,
—છાના રહી શકે ના તે, કૃપા જ્યારે પ્રસન્ન છે,
કૃપા પોતે જ હૈયાના ઉમળકાથી ત્યાં વરે. ૨૬-૨૭

કૃપાને ઝંખી ઝંખીને કૃપાને વરવા હ્રદે
—ઉત્સાહ કેટલો ઊંડો કેવો ઊછળતો જ છે ?

આપણું પાસું તે યોગ્ય સંપૂર્ણ કેટલુંક છે ?
તપાસી જોઈ લેવાનું સંપર્ણ રાખવું ઘટે. ૨૮-૨૯

કેટલો કેટલો ભાવ ઊછળ્યા કરતો હૃદે,
ઓળંગી સર્વ મર્યાદા કેટલો બા'ર તે કૂદે,
ઉછાળા મારી મારીને કિનારા સ્પર્શતો જ જો,
કૃપા પોતાની મેળે તે દોડી સામે વરી જશે. ૩૦-૩૧

કૃપાની તત્પરતા છે, કિંતુ તૈયાર કેટલાં
—હૈયાથી આપણે કેવાં ? કૃપા લે જાણી આપમાં,
જાણ્યા વિના કદી પોતે સામે ના ડગલું ભરે,
પરીક્ષા કરનારી શી ! કૃપા ઉસ્તાદ એવી છે ! ૩૨-૩૩

કૃપાને માટ શી ઉષ્મા ચેતનવંતી દિલ છે ?
ઊછળે કેટલું હૈયું ? કેવું છે તલપાપડ ?
ફના થવા કૃપા અર્થે ન્યોછાવર થઈ જવા
—ધોધ ઊછળતા જેવી તૈયારી કેટલીક છે ? ૩૪-૩૫

થનગનતું હૈયું તે એકરાગથી તન્મય
—કૃપાના ચિંત્વને મસ્ત કેટલું છે ભર્યું દિલ ?
સમર્પાઈ જવાને છો તૈયાર કેટલા હૃદે ?
પાર ઊતરતાં એમાં વરી ત્યાં તે કૃપા શી તે ! ૩૬-૩૭

દિલમાં થતું કૈં કૈં તો કૃપાને ચિંત્વતાં ઊંડું,
તેમાં ભીંજાઈ સંપૂર્ણ જવાને કેટલાં જ છો ?
થવા એકત્વ હૈયામાં કૃપા સાથેની ભૂમિકા
—એકવાર કરી દેતાં, કૃપા તૈયાર આપ ત્યાં. ૩૮-૩૯

તલસાટ તમારામાં ઉછાળા મારતો હૃદે
—કેટલો છે કૃપા માટે, મેળે જણાઈ એ જશે !
મારતાં જો હશો બાલાં, પરખાઈ જવાનું છે,
યદ્વાતદ્વા કશું ચાલે નહિ, કૃપાની આગળે. ૪૦-૪૧

પ્રચંડ પૂરના જેવો કૃપા ખાતર વેગ છે,
નાચતું કે કૂદંતું છે ને દિલે ઊછળાટ છે,
જવા ભુસાઈ સંપૂર્ણ કૃપા કાજે પૂરેપૂરા,
કૃપા તો દોડી આવીને ભેટી લેવા શી તત્પર ! ૪૨-૪૩

‘જેને કૃપા વરે પોતે તે કેવો થઈ જાય છે,
કૃપાને વરવા કૈં ના આપણે કરવાનું છે,’
એવા ખ્યાલો ભરેલા જે સાવ મિથ્યા બધાંય તે,
એની મેળે કૃપા પોતે ભૂમિકા વિણ ના વરે. ૪૪-૪૫

‘કોની, કેટલી ને કેવી ભૂમિકા યોગ્ય જીવને
—વરવા યોગ્ય સંપૂર્ણ કૃપાને અર્થ અંતરે.’
કોણ નક્કી કરે એને ? કૃપા તે કરનારી છે,
ખ્યાલ તે પણ ખોટો છે, ગરજ ના કૃપાની છે. ૪૬-૪૭

ઇચ્છા, ગરજ ને સ્વાર્થ કોઈ પ્રકારનાં કશાં
—કૃપાને તો નથી હૈયે ઊગેલાં મૂળથી ખરે,
ગરજ, સ્વાર્થ ને ઇચ્છા તમારે હોય જો હૃદે
—કૃપાને વરવાકેરાં તૈયાર થવું આપણે. ૪૮-૪૯

કૃપાની વાત છોડી તે મૂકી દેજો સમૂળગી,
કૃપાને કરવાનું જે હશે, તે ખુદ આપથી,

કિંતુ જો વરવા માટે તલપાપડ દિલ છે,
વરવા કેટલા તીવ્ર બતાવી આપજો હ્દે. ૫૦-૫૧

કૃપા પરે બધું છોડી દીધેલું હોય જો ખરે,
તેનાંય લક્ષણો યોગ્ય વર્તાવાં દિલ તો ઘટે,
મોઢેથી કહ્યું તેવું તો ચાલવાનું કશું નથી,
તાલાવેલી કૃપાને તો વરવા કેટલીક શી ! ૫૨-૫૩

જાણી શકાતું સંપૂર્ણ કૃપાનું આપણાથી ના,
લેવું તપાસી પોતાનું તેથી તો નિજ હાથમાં,
પરીક્ષા આપણી યોગ્ય કરી લેવાની આપણે,
કેટલાં વરવા યોગ્ય કૃપાને, નાણી લો હ્દે. ૫૪-૫૫

નર્યા જીવદશામાં જો પડી ર્‌હેવાનું રાખીને,
'કૃપા પસંદગી પોતે કરી લેશે જ આપણી',
મિથ્યા તેવું જ માન્યાથી કશું ના વળવાનું છે,
વરે કૃપા શી રીતે તે જો યોગ્ય નવ આપણે. ૫૬-૫૭

હજી કોઈકમાં પૂર્ણ એકાગ્ર ને પૂરેપૂરાં
—થયેલાં ના, કૃપાને ત્યાં ફાંફાં સૌ વરવાતણાં.
કૃપા તત્પરતાવાળી, ઉત્સાહ વરવા જ છે,
આવવા બાથમાં એની શો તલસાટ દિલ છે ? ૫૮-૫૯

કૃપા પોતાની તો મેળે સામેથી ભૂમિકા ન જો
—કદી તે વરવા ના'વે શરમાળ કૃપા શી તો !
નખરાં કરતાં એને આવડે કોઈ રીત ના,
રીઝવવાની સે'જેયે કૃપાને પડી છે જ ના. ૬૦-૬૧

‘તો પછી પૂર્ણ તૈયારી કૃપાની વરવા સદા,’
સાબિતી એની સંપૂર્ણ શી રીતે આપણી તહાં ?
તમારા દિલની ઈચ્છા ભૂમિકા એવી હોય જો,
બોલ્યાચાલ્યા વિના પોતે વરી લે છે કૃપા શી તો ! ૬૨-૬૩

દુષ્ટમાં દુષ્ટ પાપીને કૃપા પોતે વરેલ છે,
પ્રસિદ્ધ ઈતિહાસે છે અનેક દાખલાય તે.
આપણને વરી છે ના કૃપા જો, જાણી લો હૃદે
—આપણી ભૂમિકા ના છે, કૃપાનો દોષ ત્યાં ન છે. ૬૪-૬૫

‘ભલેને કેટલાયે તે કાળ છોને વહ્યા કરે,
કિંતુ કૃપા શી પોતાની મેળે વરવા જ આવશે,’
એવાયે ખ્યાલમાં પૂર્ણ એકાગ્ર કોણ જીવને ?
એકાગ્ર તો થયા વિના કશા વિશે, ન તે મળે. ૬૬-૬૭

દુષ્ટમાં દુષ્ટ પાપીના જેવાં શું આપણે નથી ?
કે વરવા કૃપા ના’વે સામે, આપણને ચહી ?
દુષ્ટમાં દુષ્ટ પાપીએ મર્યાદા સર્વ તોડી છે,
‘તોડવા સર્વ સંકોચ, મર્યાદા’ શક્તિ એની છે! ૬૮-૬૯

અદ્‌ભુત કોઈ ન્યારી તે રીતની શક્તિ પૂર્ણ છે,
અનોખો સર્વથી જુદો જેને કોની પડી ન છે,
અતીત કોઈ રીતેથી ન્યારું જીવન જે જીવે,
ભૂમિકા પ્રીછીને એને ચહી દિલ કૃપા વરે. ૭૦-૭૧

રાગદ્વેષાદિ જેવા સૌ ઝઘડા માનસિક છે,
મૂળગા એ ભુસાયા છે હરિની ભક્તિમાં પદે,

કામક્રોધાદિ જેના સૌ હરિપદે ગળેલ છે,
એવાં તે માત્ર તો યોગ્ય દયાપાત્ર જ જીવને. ૭૨-૭૩

બધા પ્રકારના સર્વ છોડી આધાર જે પદે,
ઢળે શરણ સંપૂર્ણ તેવાં કૃપા અનુભવે. ૭૪

જેનો આધાર સંપૂર્ણ એકમાત્ર હરિ પરે,
હરિ વિના ન જેને છે સંકલ્પ ને વિકલ્પયે,
સોએ સો જ ટકા જેનાં મનાદિ તો વળેલ છે
—હરિના પાદમાં, તેને શ્રીહરિની કૃપા મળે. ૭૫-૭૬

* * *

## કૃપા અને પ્રપત્તિ

કૃપામાં ને પ્રપત્તિમાં થોડોક ફેરફાર છે,
ભક્તિમાં કૈં પુરુષાર્થ તેવું પ્રપત્તિમાં ન છે,
પ્રપત્તિમાં કૃપા માત્ર કેવી નીતરતી ઝરે !
પ્રપત્તિમાં જ સંપૂર્ણ પ્રેરાયેલા હરિ થકી
કૃપા તેમાં શી સંપૂર્ણ આપમેળે ઝર્યા જતી. ૭૭-૭૮

મનાદિ કરણોકેરા સૌ પ્રાકૃતિક ધર્મને
—પૂરેપૂરાં ત્યજાતાં જ્યાં ઉદ્‌ભવે શરણાગતિ. ૭૯

શરણાગતિ સંપૂર્ણ જીવને ઓતપ્રોત છે,
કૃપાપ્રસાદ તેવાંના જીવને નિત્ય નિત્ય છે. ૮૦

જેમાં તેમાં બધાંનાંમાં કૃપા દર્શન એહને,
થતાં સર્વ પ્રસંગોમાં કૃપા વર્તાય જેહને. ૮૧

કૃપા વિના બીજો કોઈ સહારો છે ન એહને,
કૃપા પરે જ તે જીવે શો કૃપા ભક્ત પાત્ર તે ! ૮૨

પ્રપત્તિ યોગ્ય સંપૂર્ણ કૃપાપાત્ર જ ભૂમિકા,
પ્રપત્તિ એમની એમ કોઈની પાકતી જ ના. ૮૩

કૃપાપાત્ર થયેલાં જે સંપૂર્ણ રીતથી હૃદે,
પછી ના કૈં જ તેવાંને રહ્યું છે કરવાનુંયે. ૮૪

હરિની પ્રેરણાથી જે જીવને સર્વ કર્મ તે,
કૃપાકેરા ઈશારાથી કરે કૃપાનશાથી જે. ૮૫

સર્વાર્પણ વિના યોગ્ય ને પ્રેમ સર્વવ્યાપક
—કદીયે સંભવે છે ના, ભક્તિ કૃપા અલૌકિક. ૮૬

* * *

કૃપા શક્તિથી તો કેવું જીવન પાંગર્યે જતું,
તે અનુભવ પ્રત્યક્ષ ઊગ્યે, કૃપાનું પારખું. ૮૭

કૃપા પ્રપાતની શક્તિ અપરંપાર હોય છે,
પ્રવેશે ભૂમિકા દિવ્યે મેળે જીવન ઊર્ધ્વયે. ૮૮

નિરાગ્રહી, અનાસક્ત પૂરેપૂરા થયા વિના
—કેમેયે કરતાં, પૂર્ણ કૃપા અનુભવે જ ના. ૮૯

સંપૂર્ણ કોટિની ઉચ્ચ કેળવાયા વિના ઊંડા
—સંપૂર્ણ નમ્રતા યોગ્ય, કૃપા ડોકાય ના કશી. ૯૦

ભક્તિના ભાનથી પૂર્ણ તત્પરતા સભાનતા,
જાગતાં દિલ, ત્યારે ત્યાં આપ પ્રત્યક્ષ શી કૃપા ! ૯૧

આત્મવિશ્વાસ સંપૂર્ણ શ્રદ્ધા ભાવે દૃઢાય જ્યાં,
સક્રિય જીવતો થાતાં કૃપા દર્શન થાય ત્યાં. ૯૨

એકવાર કૃપા રાજી થઈ જેને વરે હૃદે,
તેવાંને તે તરાવીને આરપાર લઈ જશે. ૯૩

પ્રસન્નતા કૃપા તોલે કોઈની આવી ના શકે,
આશુતોષ કૃપા શી જે પ્રસન્ન ઝટ થાય છે. ૯૪

કૃપાને વરવા યોગ્ય ભૂમિકા દિલ આપજો,
કૃપા શી ભૂમિકા માગે દર્શાવું છું કૃપાથી હું. ૯૫

કોઈ ને કોઈ ક્ષેત્રે જો આરપાર જવાનું જે
—સર્વ ઓળંગી દેવાને મર્યાદા, જો ખમીર છે,
કૃપાને એટલું માત્ર પૂરતું બસ યોગ્ય છે,
કૃપાની એ જ છે માત્ર ભૂમિકા વરવાની તે. ૯૬-૯૭

એવી જો આપવા હામ કૃપા તત્પર ત્યાં જ છે,
કિંતુ એવાં જ તો વીર ભાગ્યે કો’ વિરલા જ છે. ૯૮

卐

હરિઃૐ

## અધ્યાય : ૮

## કૃપા આકાર

: અનુષ્ટુપ :

કૃપા તો ઈશ્વરી તત્ત્વતણો પ્રત્યક્ષ ભાવ છે,
નીતરે છે હરિમાંથી હરિનો આર્દ્રભાવ તે. ૧

હરિનો કરુણાભાવ વહેતો જે અમાપ છે,
કરુણાના પ્રતાપેથી કૃપાસ્વરૂપ નીપજે. ૨

શિવકેરી જટામાંથી ગંગા વહેતી કેવી તે !
તેવી રીતે હરિમાંથી કૃપાગંગા વહેતી છે. ૩

કૃપાને હરિનું કેવું ભાવે એકત્વ હોય છે !
થતાં કૃપા 'મળ્યા જેવું હરિને' લાગતું હૃદે. ૪

હરિનો હાથ પ્રત્યક્ષ કૃપામાં સ્પર્શતો ઊંડો
—કેવો તે દિલ હૂંફાળો લાગતો ભક્તને ભલો. ૫

હરિભાવે જ સંપૂર્ણ એકાકાર થવાય છે,
ત્યાં શું કૃપાનું પ્રત્યક્ષ સ્વરૂપ પરખાય છે ! ૬

સંસારી સર્વસામાન્ય કૃપાના ભાવને હૃદે
—શકે ના સમજી યોગ્ય કૃપા કેવી સમર્થ છે ! ૭

કારીગર કૃપા પોતે સમર્થ સૌ પ્રકારથી,
ઘડવા યોગ્ય પોતાને તત્પર દિલ હોંશથી. ૮

જ્યાં લવલેશ કિંતુ છે ના અવકાશ કો રીતે,
બિચારી ત્યાં કૃપા થૈને લાચાર છૂપી ગૂઢ છે. ૯

કૃપા કોઈની દાસી ના એને ગુલામી ના ખપે,
બક્ષે સ્વતંત્રતા એવી કૃપા ખુશમિજાજી છે. ૧૦

કૃપા જે શીખવે તેવું કોઈ શીખવી ના શકે,
કૃપા તાલીમ જે યોગ્ય દે, શી તાલીમબાજ છે ! ૧૧

કૃપા મૌલિકતામાંનું ભાવનું સૂક્ષ્મ સર્જન,
કૃપા પોતે શી ભાવાર્થે હરિ સંતોષ દર્શન. ૧૨

કૃપા હોવા છતાં શક્તિ લાગે તે તેવી તેમ ના,
છતાં ટટારી, ખુમારી, મસ્તી, ખબરદારી ત્યાં. ૧૩

'કૃપા' એ શબ્દ પોતે તો શો નારીજાતિવાચક !
કિંતુ શક્તિ કૃપાની તો અશક્ય શક્ય સર્જક ! ૧૪

કૃપા વિજ્ઞાનનાં એવાં નિષ્ણાત પૂર્ણ જે ખરાં,
તેવાં જ માત્ર પ્રીછે છે કૃપા, યોગ્ય સ્વરૂપમાં. ૧૫

બાકી બીજાં બધાં બૂમો કૃપાની ખાલી મારતાં,
વ્યર્થતા તેમની કેવી તોયે તે ના પિછાણતાં. ૧૬

ઊંડાણ કેટલું ઊંડું માપ્યું મપાય ના કદી,
વિસ્તાર તેવું લંબાણ, કૃપામાં અવધિ નથી ! ૧૭

ભરી વિવિધતાથી ને વિસ્તારથીય શી ભરી !
પાર વિપુલતાથી શી કૃપા સોહામણી નરી ! ૧૮

કૃપાને જાણવું જુદું, કૃપાથી જીવવું જુદું,
ને અનુભવવું જુદું, કૃપામાં મા'લવું જુદું. ૧૯

સમજવી કૃપા માત્ર કામ તે લાગશે નહીં,
ઉમેરાતાં ઊંડો ભાવ કૃપામાં, કામ દે તહીં. ૨૦

કૃપામાં સ્વાર્થ લાગ્યાથી ભાવ તે સ્ફુરતો જતો,
જાગે પ્રત્યેકમાં પ્રાણ જોતરાતાં જ ભાવ તો. ૨૧

ગમે તેવી ભલે ગૂંચો, અથડામણ કારમી,
મુશ્કેલી, વિઘ્નમાં સાથી કૃપા ખબરદાર શી ! ૨૨

ચેતન અંગનું પોતે કૃપા અંગ ખરેખરું,
તેથી કૃપા સ્વયંભૂ છે, તેથી કૃપા સ્વતંત્ર શું ! ૨૩

જેના પરે કૃપા છે તે મર્દમાં મર્દ, શૂર છે,
કૃપાના હામની તોલે કોની આવી ન હામ તે. ૨૪

કૃપા મર્દાનગીમાં શી શૂરવીર અગાધ છે !
સંગ્રામે સામનો આપે કૃપા શી કુસ્તીબાજ છે ! ૨૫

કશાથી ડોલી ના જાય દે નમાવી ન શિર તે,
ટટાર માથું રાખી તે ઝઝૂમ્યા કરતી ઝૂઝે. ૨૬

લડતાં લડતાં મસ્ત કૃપા તો હારતી ન છે,
કશાથી હાર ના પામે કૃપા મસ્તાની ઑર છે. ૨૭

કૃપા મર્દાનગી પ્રેરે પ્રેરાવે શૌર્ય અદ્‌ભુત,
જીવને ગુણ ને ભાવ શક્તિ કૃપાથી સર્વ છે. ૨૮

પ્રેમભક્તિ વિશે શૂરા મર્દમાં મર્દ જે પદે,
કૃપાનું તત્ત્વ તે માત્ર પિછાની શકતા હૃદે. ૨૯

કૃપાની પ્રેરણાઓ શી અલમસ્ત ઝર્યા કરે,
કૃપાને સથવારો તો હરિનો બસ માત્ર છે. ૩૦

ઓતપ્રોત હરિમાં તે કૃપા શી પરમેશ્વરી !
કૃપાની શક્તિના જેવો જેનો જોટો કશો ન છે. ૩૧

પ્રભા શ્રીહરિની પોતે કૃપા શ્રીદરબાર છે,
છાયા ના માત્ર, હૈયું છે શ્રીહરિનું કૃપા શ્રી તે,
શોભા શ્રીહરિની ભવ્ય દિવ્યતા શ્રીકૃપા જ છે,
શ્રીદરબારની ચાવી કૃપા પ્રત્યક્ષ મુખ્ય છે. ૩૨-૩૩

ઉષા છડી શી પોકારે સૂર્યની શા રુઆબથી !
કૃપા શ્રીહરિ સૌંદર્યછટા સોહામણી રૂડી. ૩૪

ભભકદાર લાલી શી ઉષાની રંગથી ભરી,
છાયા પ્રકૃતિના વિશે શ્રીહરિની ખરેખરી. ૩૫

રસ શો જળને લીધે સુવાસ તેમ પૃથ્વીથી,
કૃપા તેમ હરિમાંથી હરિની કેવી લાડલી ! ૩૬

કૃપા સમજવાની ના, કૃપાને પ્રીછવાની ના,
તે અનુભવવાની છે કૃપાને મા’લવાની છે. ૩૭

સ્વરૂપ છે કૃપાકેરાં અનંત શા પ્રકારનાં !
‘સર્જનશક્તિ’ તેમાંનું કૃપાસ્વરૂપ એક ત્યાં. ૩૮

મહામોંઘું કૃપા જેવું ભક્તિનું હથિયાર તે,
જેના છે આશ્રયે આખો સમુદ્રયે તરી જશે. ૩૯

તે ભવદરિયે નાવ ડૂબતાને કૃપા સમી
-તારનારી બીજી કોઈ શક્તિ જીવનમાં નથી. ૪૦

કૃપા તો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ઉત્તમોત્તમ સાધન,
શ્રેયાર્થી મથતો, તેના ટેકામાં લાગતી ખપ. ૪૧

મૂળ જીવનનું તત્ત્વ તે અનુભવવા કૃપા,
હરિને પામવા કાજે સંપૂર્ણ યોગ શી કૃપા ! ૪૨

卐

હરિઃૐ

## અધ્યાય : ૯

# કૃપા અપરંપાર

: અનુષ્ટુપ :

સદંશ* જીવમાં જે છે, સદ્‌ભાવ, સદ્‌રુચિય જે,
એવા સદ્‌ગુણનો ભાવ કૃપાનો અંશ જાણજે. ૧

ઈતબાર કૃપાને તો કશાનો કાંઈયે ન છે,
કૃપાની ભક્તિ સંપૂર્ણ થતાં, ત્યાં ઈતબાર છે. ૨

એકવાર થતાં સ્પર્શ કૃપાનો જીવને તદા,
કૃપાની ઝંખનાનો શો સમુદ્ર ઊછળે ચહી. ૩

કૃપા સાક્ષાત એમાંથી પ્રગટે આપ, આપથી.
કૃપા રહસ્યની ગાથા કૃપા થાવા જ ગાઈ શી ! ૪

સ્વયંભૂ શી કૃપા પોતે સ્વતંત્ર સર્વથી જ તે !
આલંબન કશું એને કોઈ પ્રકારનું ન છે. ૫

---

* સદ્‌અંશ (સત્‌નો અંશ)

જો આલંબન છે એને, એને પોતાનું નિશ્ચયે,
કૃપા પોતે પ્રવર્તે છે, કૃપા આધારથી હૃદે. ૬

ખરેખરી કૃપા થાતાં ત્યાં પ્રભાવ કૃપાતણો
—પડ્યા વિના રહે કેમ ? ફીટે છે સૌ દળદર. ૭

વૃત્તિ જો ઊપજે છે તો તેની અસર થાય છે,
અસર તો પછી કેમ કૃપાની નવ થાય તે ? ૮

કૃપાની શી સ્પૃહા તોલે કોઈનીય સ્પૃહા ન છે,
છતાં નિઃસ્પૃહી સંપૂર્ણ એવી કૃપા અમાપ છે. ૯

દેવા યોગ્ય બધું દે છે ઉદાર તે અપાર છે,
પછાડી ખીણમાં નાખે, ચઢાવે તે કદી ઊંચે. ૧૦

અગાધ પાર વિનાની અપરંપાર શક્તિ છે
—કૃપાની, જીવને જેની તોલે આવે કંઈ ન તે. ૧૧

કૃપા તે કલ્પના ના છે, અસ્તિત્વ છે હકીકતે,
અસ્તિત્વ જો હરિનું છે, કૃપા તો હરિ સાથ છે. ૧૨

કૃપા સ્વતંત્ર સંપૂર્ણ પોતાના વિષયે શી છે !
નિરાલંબ છતાં પોતે પૂર્ણ સ્વરૂપમાં જ છે. ૧૩

પ્રત્યક્ષ હરિની છાયા કૃપા સંપૂર્ણ કેવી છે !
ચરણામૃત પીવાનું મળે કૃપાથી જીવને. ૧૪

કૃપા જેને વરે પોતે, તે કેવો હોય જીવને ?
અઢળક મળે લક્ષ્મી ઓચિંતી, તે જણાય છે,
એવું કૃપાનું તો નિશ્ચે જાણી લેવું ઘટે ખરે !
કૃપાપાત્ર થતાં, કેવી કાયાપલટ થાય છે ! ૧૫-૧૬

પાપીમાં પાપી ને દુષ્ટ ભલે માનવી કોઈ છે,
એવાંનેયે વરી છે તે પ્રસિદ્ધ તે થયેલ તે. ૧૭

કૃપા જેને વરે તેવાં જીવને પલટાય તે,
ગુણ ને ભાવ તેનામાં કેવા ઉદ્‌ભવ થાય છે ! ૧૮

શક્તિ, મર્દાનગી ભવ્ય ઊછળી, ઊછળી બઢે,
આકાશ બાથમાં લેવા ઉદ્યત, મસ્ત હોય છે. ૧૯

અનોખો સર્વથી પોતે જીવનમસ્તી એની શી !
આરપાર થવા કેવો છલાંગો મારતો મથી ! ૨૦

પ્રકાશ પડતાં તેનું સંપૂર્ણ ભાન અંતરે
—થાય છે આપમેળે, ને સૌ વ્યવહાર થાય છે. ૨૧

કોઈ ને કો પ્રવૃત્તિમાં પરોવાય જનો જગે,
એવી રીતે કૃપા થાતાં કૃપાપંથે પળાય છે ૨૨

આછીપાતળી તો માત્રા કૃપાની જીવને કદી,
કદીક સ્પષ્ટ વર્તાતી કદીક મોળી લાગતી,
તેજના તે લિસોટાના જેવી કદીક સ્પર્શતી,
બિંબાકારે કૃપાતેજે જીવને શી પ્રવર્તતી ! ૨૩-૨૪

કૃપાના વર્તુળે જ્યારે જીવતાં હોઈએ છીએ,
ત્યારે વર્ચસ્વ હૈયામાં ઘણું ભારે કૃપાનું છે. ૨૫

કૃપાનો માત્ર આધાર એકલાનો જ જેહને,
કૃપાના ચિંત્વને માત્ર અખંડાકાર જે જીવે,
કૃપાના કારણે જે કો હરિને જીવતો કરે,
તેવાંને શી કૃપા તારે ! શાં ભાગ્યશાળી જીવ તે ! ૨૬-૨૭

કૃપાના હાર્દમાંથી જે હરિને ચિંતવે ઊંડું,
કૃપાસંબંધથી ભાવે હરિ જો જીવતો થતો,
કૃપાસામર્થ્ય સંપૂર્ણ થશે તે પુરવાર તો,
કૃપાઅનુભવે ભવ્ય જીવવાનું કૃતાર્થ શું ! ૨૮-૨૯

કૃપા ના બોલી જાણે છે જીવને કરવાનું જે
—કરી સંપૂર્ણ તે નાખી ત્યારે કૃપા બતાવશે. ૩૦

તત્ત્વનું તત્ત્વ જે મૂળ તેનું પ્રત્યક્ષ લક્ષણ,
એવાં અનેકમાંથી તો કૃપા શી એક લક્ષણ ! ૩૧

કૃપાપ્રસાદ તો ભવ્ય ઉદધિ તારનાર છે,
કૃપા મળ્યાથી તો કેવી હૈયે પ્રસન્નતા બઢે ! ૩૨

કૃપાથી પાડવા કામ મસ્ત મર્દાનગીનું છે,
કાચાંપોચાં કદી એને પામી ના શકનાર છે.
સાહસો જોખમો કેવાં કારમાંય ભયંકર,
કૃપાના આત્મવિશ્વાસે પાર થવાય જંગલ. ૩૩-૩૪

કૃપા આધાર લૂલો ના ટેકો શો મજબૂત છે !
આરપાર કરાવી તે દેવા તત્પરતા શી છે ! ૩૫

કૃપા નોંધારી તે ના છે ચલાવ્યા કરવા પથે,
—કૃપા જેવો જ સંગાથી પડ્યા પોબાર તેહના. ૩૬

કૃપા સર્વ દિશા પ્રત્યે જોનારી દક્ષ સર્વદા,
આલંબન કૃપાનું છે જેને, કેવો સમર્થ ત્યાં ! ૩૭

જેમાં તેમાં બધાંનાંમાં ભાવ મુખ્ય મહત્ત્વનો,
ભાવને કારણે માત્ર કૃપા શી શક્તિમાન તો ! ૩૮

કૃપા પરાવલંબી તે કોઈ કાળે થતી ન છે,
સ્વતંત્ર સ્વાશ્રયી પૂર્ણ કૃપાની શક્તિ દિવ્ય છે, ૩૯

પાપાચારથી સંપૂર્ણ ભલે ભરેલ માનવી,
તેવાંનીયે કૃપા પોતે ભૂમિકા કેવી લે પ્રીછી !
આપમેળે કરી લે છે પૂર્વપિછાણ તો કૃપા,
સહજ તે કૃપાકેરું વલણ વાસ્તવિક ત્યાં. ૪૦-૪૧

* * *

## રસ

રસ, ભક્તિ વિના કેમે જીવને લાગી ના શકે,
સ્મરણ, પ્રાર્થનાભાવ કીર્તનાદિ જરૂરી તે,
તે નિરંતરના ભાવે એકરૂપ થતાં હૃદે,
હરિમાં રસ લાગંતાં કૃપા પ્રત્યક્ષ થાય છે. ૪૨-૪૩

જાણવા, મા'લવા ભાવે જીવનમાં કૃપા હૃદે,
ભક્તિનો ભાવ સંપૂર્ણ જાગતાં, રસ સાંપડે,
હરિમાં રતિને લીધે ઉત્પન્ન રસ થાય જે,
નિષ્પન્ન રસથી થાય ભાવ તેને પ્રમાણજે. ૪૪-૪૫

આસક્તિમાંથી ઉત્પન્ન વ્યસન તો થઈ જતું,
રતિ વ્યસનને લીધે નિષ્પન્ન રસ થાય શું !
રસથી ઊપજે હૈયે ભાવ તે સત્ય પ્રીછજે,
ભાવમાંથી કૃપા પોતે ફૂટે છે આપમેળ તે. ૪૬-૪૭

સંસારે, વ્યવહારે તો, 'અતિ'ને ત્યજવું રહ્યું,
કિંતુ તે ભાવના ક્ષેત્રે 'અતિ' મહત્ત્વનું ઘણું. ૪૮

‘અતિ’ તે એકલું માત્ર ભાવના ક્ષેત્રાને વિશે
—પૂરતું ના પૂરેપૂરું, સાતત્ય ‘અતિ’ જોઈશે. ૪૯

જીવતુંજાગતું પાછું યોગ્યતા, પૂર્ણતા વિશે
—હેતુ સચોટતાવાળું એવું તે ‘અતિ’ યોગ છે. ૫૦

卐

હરિઃૐ

## અધ્યાય : ૧૦

## કૃપાનું કાર્ય

: અનુષ્ટુપ :

જામતાં, જામતાં ઊંડો હૈયામાં ભાવ તદ્‌રૂપે
ત્યારે કૃપા કરે કેવાં મહાન કર્મ જીવને !
ઉચ્ચ ને ઊર્ધ્વનાં કર્મતણો પ્રકાર ભિન્ન છે,
તેવાં કર્મતણી ઑર ન્યારી મહાનતા શી તે !
પ્રકાર કર્મનો તેવા અનોખો કાંઈ સૂક્ષ્મ છે,
સૂક્ષ્માતીત વળી કર્મ તેવા પ્રદેશનુંય જે,
તેમાં ખરેખરી ત્યારે કૃપાનું કર્મ હોય છે,
કૃપા વિના ભૂમિકા તે થવી દોહ્યલી પાર તે. ૧-૪

કૃપાને પામવા કાજે પુરુષાર્થ ભગીરથ
—જીવને કરવા જેને ઉત્સાહ, ખંત, ઉદ્યમ,
અપાર હામ ને જુસ્સો, હૈયે સંપૂર્ણ ધીરજ,
કૃપા તે માત્ર તેવાંને વરી લે ખુશીમાં દિલ. ૫-૬

જીવનકેરી ઉત્ક્રાંતિ થવા, કૃપાની શક્તિની
—જરૂર કેટલી મોટી અનિવાર્ય નરી બધી. ૭

સાક્ષાત કેટલી કેવી પ્રત્યક્ષ જીવતી કૃપા !
અનુભવ વિના એનો આવે ખ્યાલ ના દિલમાં. ૮

શા ભયંકર ગંભીર ફાંસલા ઊર્ધ્વમાર્ગમાં !
કૃપા કરાવવા પાર સમર્થ સર્વ રીતમાં. ૯

ફસામણી ભૂમિકાઓ ઊર્ધ્વમાં કેવી કેવી છે !
પાર તરાવવા તેથી કૃપા માત્ર જ પાત્ર છે,
પંથ સુઝાડવા યોગ્ય પંથે ધપાવવા કૃપા
—માત્ર એકલી તો એવી પૂરી પડી શકે સદા. ૧૦-૧૧

જવાતાં પડી ભુલાવે સૂક્ષ્માતીત પથે રખે,
સહારો દિલ લેવાતાં કૃપાનો, કામ થાય તે. ૧૨

શાં આક્રમણ આવે છે ઊર્ધ્વપંથે ભયંકર !
કૃપાની પ્રાર્થના હૈયે થતાં, તે વીખરાય છે. ૧૩

જીવન અટવી વિશે બિહામણી, ભયંકર
—કેવી પગથીઓ આવે, છક્કા છૂટી જતા દિલ. ૧૪

ચમત્કાર પ્રત્યક્ષ પારમાર્થિક જીવને
—કેવાં ડગ ભરાવે તે અદ્ભુત, ગૂઢ શી રીતે ! ૧૫

નમાલાં છો ભલેને હો પૂરેપૂરાં બધી રીતે,
કૃપા આશ્રય કિંતુ જો એનેયે મર્દ તે કરે. ૧૬

કૃપા બોલી જ ચાલીને કશું ગાજી વગાડીને
—એને તો વરવાકેરી આદત એવી કૈં ન છે. ૧૭

એકવાર પ્રયોગે જ્યાં કૃપા શક્તિતણું બળ
—હૈયે અનુભવાતું ત્યાં ફોરી ઊઠે જ જીવન. ૧૮

સાધનાભ્યાસમાં ઊંડું થવાતાં ઉગ્ર, અંતરે,
કૃપા ત્યારે શી મો'રે છે ! કળા, ખૂબી જણાય છે. ૧૯

કૃપાનો આશરો હૈયે લેતાં સંપૂર્ણ ભાવથી,
કૃપા તો પકડી લે છે આપણો હાથ શો ચહી ! ૨૦

કૃપા કદી ન દે છોડી સ્વીકાર્યું જેહને હૃદે,
ભાવ જે હરિ પ્રત્યેનો ભોજન તે કૃપાનું છે. ૨૧

ભાવ વિના કૃપા પોતે હાલી ચાલી શકે ન તે,
કૃપા ને ભાવ બન્નેનો સહકાર પરસ્પરે. ૨૨

લીલુંછમ હરિયાળું જીવન તે બનાવતી,
ઠંડક આંખને આપે વાળે ટાઢક દિલથી. ૨૩

જીવનક્રાંતિ સંપૂર્ણ કરાવ્યા કરતી ધપે,
સંક્રાંતિ વચગાળાને ટકવા દે કૃપા ન તે. ૨૪

પરિપૂર્ણ કરાવ્યા તે વિના કૃપા ચૂકે ન છે,
અધૂરું ના મૂકી દે છે કૃપા નિશાનબાજ છે. ૨૫

કૃપાની મસ્ત બલિહારી અનુભવે જણાય છે,
પાસાં કૃપાતણાં એવાં છે બહુવિધ જીવને. ૨૬

卐

હરિઃૐ

## અધ્યાય : ૧૧

## કૃપાનુભવ થતાં—

: અનુષ્ટુપ :

કૃપા અવતરેલી છે જેનામાં જીવને હૃદે,
નૂર ને તેજ એવાંનાં કૃપાનાં કોઈ ઑર છે ! ૧

જેનામાં છે કૃપા, તેવાં માનવીતણું જીવન
—ચીલેચલુ કદાપિ ના ગતિ આશ્ચર્યકારક ! ૨

સ્વભાવ મૂળનો એવાં માનવીનો ખરો જ જે,
તેવા સ્વભાવમાંયે તો ફેરફાર પ્રવર્તશે. ૩

અદ્‌ભુત, ગૂઢ જે દિવ્ય વિષય છે કૃપાતણો,
તે વિશે જ્યાં પ્રવેશાતાં કૃપા મળેલ જાણજો. ૪

દારૂતણા નશાથી શાં જનો ઉન્મત્ત થાય છે !
તો પછીથી કૃપા થાતાં છાનું ર્‌હે કેમ જીવને ? ૫

ચમત્કારિક શી શક્તિ ઉછાળો દિલ મારતી !
કૃપા ના ખાલી છે બાંગ પ્રત્યક્ષ ફળદાયિની. ૬

ભરોસો, આત્મવિશ્વાસ અનંતાનંત જીવને

—કૃપાના બળથી જાગે, શો સચેતન થાય તે ! ૭

સુવાસ, સુરભિ જેમ ઉદ્‌ભવે પુષ્પમાંથી જે,
જાણી લેવું જ તે રીતે હરિમાંથી કૃપાનુંયે. ૮

ગરમી અગ્નિમાં જેવી આપોઆપ શી હોય છે !
હરિની વ્યક્તતા ગૂઢ કૃપા એ રીત સૂક્ષ્મ છે. ૯

ભીનાશ જળમાં સ્પષ્ટ મેળે તે પરખાય છે,
વાસ્તવિક કૃપા તેથી હરિમાં તો ભળેલ છે. ૧૦

પ્રકાશ સૂર્યમાંથી જે સહજ નીકળ્યા કરે,
સ્વાભાવિક રીતે તેમ કૃપા હરિથી ઉદ્‌ભવે. ૧૧

તેજ, આકાશ ને પૃથ્વી પ્રત્યક્ષ જળ ને હવા
—એને મેળવવાનાં ના, સ્વયં અસ્તિત્વ તે બધાં. ૧૨

કૃપાનું પણ તેવું છે : એને મેળવવાપણું
—રહેતું ક્યાંય ના, ए તો પ્રત્યક્ષાપણું एહનું. ૧૩

તો પછીથી કૃપા કેમ સહુથી પરખાય ના ?
તે અભિમુખતા પૂર્ણ તેનામાં તે ખીલેલી ના. ૧૪

જેનું મુખ ફરેલું છે હરિ પ્રત્યે સમૂળગું,
મહત્ત્વે મોખરે જેને હરિ, કૃપા ફળે જ શું ! ૧૫

ફૂટી નીકળતું હોય કૃપાસૌંદર્ય જીવને,
કેવા જુદા જુદા ભાવે પ્રભાવિત થવાય છે ! ૧૬

ભુલામણી ભૂમિકામાં કૃપાનો સાથ જેહને,
એવાં નિશ્ચિત સંપૂર્ણ સદા જીવનમાં પથે. ૧૭

નિર્ણયશક્તિ ને પાકી શક્તિ નિશ્ચયની ઊંડી,

આપમેળે કૃપાસ્પર્શે કર્મયજ્ઞો સ્ફુરે ખરી. ૧૮

કૃપાનો સ્પર્શ જ્યાં હોયે ચાતુર્ય ને ચકોરતા,
ખીલ્યાં જતાં જ મેળે શાં એવા એવા ગુણો બધા. ૧૯

નવું જોમ, નવો જુસ્સો, નવાં સાહસ, હિંમત–
કૃપા જેમાં થતાં, જન્મે નવાં દૃષ્ટિ પરાક્રમ. ૨૦

ઉદ્યમ, ખંત, ઉત્સાહ, નવી ચાલ, નવી ગતિ,
શાં શાં કૃપાથી જન્મે છે ! ચમત્કાર શક્તિ શી ! ૨૧

કૃપાના ભક્તને યોગ્ય કર્મકૌશલ પૂર્ણ શું !
કેવું કરાવતી મેળે સ્થળકાળ યથાર્થનું. ૨૨

નવી દિશા, નવું જ્ઞાન, દૃષ્ટિ, શક્તિ, નવાં નવાં,
કૃપાથી જીવને જન્મે યથાર્થ શા પ્રકારનાં ! ૨૩

આત્મવિશ્વાસ સંપૂર્ણ શ્રદ્ધા શી પ્રેરણાત્મક !
કૃપામાંથી જ જન્મે છે જ્યોત શી માર્ગદર્શક ! ૨૪

કૃપા જ્યારે પ્રકાશે છે નવપલ્લવતું જ સૌ,
સૌંદર્ય-પ્રતિભા-છાંટ, છટા, શોભાથી શોભતું,
જૂનું, સંપૂર્ણતામાં શો નવો વેશ સજે બધો !
નવા જીવનનાં એવાં પ્રમાણો ઊગતાં જ સૌ. ૨૫-૨૬

કૃપાને માત્ર જાણ્યાથી પ્રીછ્યાથી ના કશું વળે,
તે અનુભવવાથી તો શું કૃપામૃત તે મળે !
કૃપામૃત પીવાકેરો શો ઓડકાર ખરેખરો !
સંતોષ દિલ સંપૂર્ણ થયાનું, તે પ્રમાણનો. ૨૭-૨૮

卐

હરિઃૐ

## અધ્યાય : ૧૨

## કૃપાની ગતિરીતિ

: અનુષ્ટુપ :

કૃપાની શક્તિનો ખ્યાલ સાચેસાચો ન કોઈને,
કૃપા પોતાનું કર્તવ્ય કર્યા કરતી જીવને. ૧

સ્વાભાવિક ગતિ કેવી થવા સાકાર વૃત્તિની !
તેવી રીતે કૃપાનીયે જીવને ગતિ છે ખરી. ૨

ગતિ ના થંભવું જાણે થવા પ્રગતિ તે મથે,
ઓછાવત્તાપણું જેવું વૃત્તિમાં, તેમ તે દડે. ૩

જેમ જેમ કૃપા પ્રત્યે બઢે છે અભિમુખતા,
તેવી સભાનતા ફોરે કૃપાની જીવને તદા. ૪

છાનીમાની ન બેસી રહે વળીને ગૂંચળું કૃપા,
કૃપા પોતાનું તો કર્મ જાણતી કરવું સદા. ૫

સ્વીકારાત્મક તો કિંતુ ભૂમિકા જ્યાં ન હોય છે,
કૃપા પણ શી ત્યાંયે છે ! કિંતુ ના ઓળખાય તે. ૬

કૃપાને જ્યાં મળે યોગ્ય સંપૂર્ણ સાનુકૂળતા,
આપોઆપ ખીલે છે ત્યાં અદ્‌ભુત રીતથી કૃપા. ૭

શો અવતરવાકેરો કૃપાનો તો સ્વભાવ છે !
સહજ વાસ્તવિકે ને સરળ નૈસર્ગિક છે ! ૮

કિંતુ આધાર તે અર્થે સ્વીકારાત્મક યોગ્ય ના,
હોવા છતાં તહીં સુધી કૃપા પોતે જણાય ના. ૯

ફાવે જે રીત પોતાને તેવી રીતની ભૂમિકા
—જ્યાં સંધાયેલ સંપૂર્ણ, આપોઆપ કૃપા શી ત્યાં ! ૧૦

શબ્દ આકાશમાં હોવા છતાં વર્તાય ના કદી,
એવી રીતે કૃપા પોતે અદીઠ, ગૂઢ, સૂક્ષ્મ શી ! ૧૧

પોતે હોવા છતાં, તેને લાયક જો થયા ન છો,
દેખાવાની નથી પોતે લાગે વર્તાતી શેં પછે ? ૧૨

યદ્વાતદ્વાપણે કાંઈ કૃપા તો કરતી નથી,
શી વ્યવસ્થિતિ સંપૂર્ણ કરવાની હોય છે વળી. ૧૩

કૃપા તો વર્તશે આમ એવું ચોક્કસ ધોરણ,
કૃપાનું કોઈએ ના છે, શી અલૌકિક, નૌતમ ! ૧૪

પસંદ કરવો કોને કૃપા તેમાં સ્વતંત્ર છે,
પ્રકૃતિ રીતનું કોઈ ધારાધોરણ ત્યાં ન છે. ૧૫

હકીકતો કૃપાની તો દિવ્ય એવી અલૌકિક
—છે ભૂમિકાની, જે સાથે મેળ પ્રકૃતિને ન છે. ૧૬

ઊર્ધ્વ પ્રકૃતિથી એવા સત્પુરુષ સોબતે,
સેવામાં દિલ જેનું છે તેની ભક્તિથી ભાવ છે,
એવાં ચેતેલની ભક્તિથી સેવા જે થયેલ છે,
તેના સંતોષમાંથી તે કૃપા ઊગતી જીવને. ૧૭-૧૮

કૃપાના તંત્રના સર્વ નિયમ, કાયદા બધા
—હરિની ચેતનામાંથી, પ્રકૃતિ શી ગુલામ ત્યાં ! ૧૯

કૃપાને માનવી કેવા સ્વચ્છંદી ને મનસ્વી તે
—ધારી, પાછા પ્રમાણે તે માની લે છે જ આખરે ! ૨૦

પોતે માનેલ જે રીતે ધારાધોરણ જીવને,
કૃપાને ન્યાય તે રીતે માનવી આપતા જ છે. ૨૧

કાળધોરણ પૃથ્વીનું સોમથી સાવ જુદું છે,
જુદું મંગળથી પાછું જુદું જ બુધનુંય છે. ૨૨

તેવી રીતે કૃપાનું જે ધારાધોરણ હોય છે,
પ્રકૃતિધોરણે તેને સરખાવાય શી રીતે ? ૨૩

જુદા જુદા ગ્રહોમાં શો કાળ જુદો જુદો જ છે !
કાળ શો એકનો એક ! તેમાં ના ફેરફાર છે. ૨૪

પરંતુ સ્થળસંજોગ પ્રમાણે કાળ શા જુદા !
તેવું કૃપાનુંયે, તેને બદલાવાપણું જ ના. ૨૫

જેવી જેવી ભૂમિકા છે તેવી તેવી રીતે જ તો
—કૃપા વર્તતી લાગે છે, બાકી કૃપા શી એક છે ! ૨૬

એકબીજાની સંગાથે મૈત્રી જ્યાં છે પરસ્પરે,
જોવાના દોષ ના ત્યાં, જ્યાં મૈત્રીસંબંધ ગાઢ છે.
મૈત્રીસંબંધને મુખ્ય મહત્ત્વ જીવતું હ્દે
—મૈત્રી શી રાખતી હોય તેવું કૃપાનું હોય છે. ૨૭-૨૮

કૃપાનું જ્યાં ઠરે હૈયું કૃપાને જ્યાં પ્રસન્નતા,
કૃપા તેમાં જ સંપૂર્ણ ઠરીને મા'લતી સદા,
પોતાનાં ક્ષેત્રનું કર્મ કૃપા શી કરતી ત્યહાં !
એવાંને શી કૃપા પોતે લાવતી નિજ દેશમાં ! ૨૯-૩૦

પૂર્ણ સ્વતંત્રતા જ્યાં છે કૃપાને યોગ્ય રીતની,
કૃપા ત્યારે શી મા'લીને કરે કર્મ, શી મસ્તીથી !
શી મુલાયમ ભૂમિકા કૃપાને જહીં લાગતી
—કૃપાને કરવા કર્મ મોકળી છે ગતિવિધિ. ૩૧-૩૨

એવાંની પ્રકૃતિની જ્યાં રોકટોક ન છે કશી,
જ્યાં કૈં શંકા કુશંકાઓ, તર્ક દલીલ ના ઊંધી,
સ્વીકારાત્મક તો પાછી આવકારાત્મક હ્દે
—જેની એવી ભૂમિકા, ત્યાં કૃપા નર્તતી મસ્ત તે. ૩૩-૩૪

બોલાવ્યાથી ન તે આવે, આમંત્રવાથીયે કૃપા,
આવે છે તે કદીયે ના કઢંગી એવી શી કૃપા !
કૃપાને ઝંખી ના હોય એને તેડું દીધું નથી,
એને રીઝવવા કોઈ ના ઉપાય કદી કર્યા,
ચાલ્યો એવો ઊંધો હોય કદીક ત્યાં કૃપા ઠરી,
શા ઈતિહાસમાં એવા પ્રસિદ્ધ દાખલા સહી ! ૩૫-૩૭

આમ કે તેમ નિશ્ચિત ધારાધોરણ કોઈ ના,
છતાં કૃપાનું મેં તોયે લખ્યું, સ્ફુરેલ જેમ ત્યાં. ૩૮

એક મેં સ્પષ્ટ જાણ્યું છે 'ભૂમિકા નિજ અર્થની
–પોતે કરી શકે કર્મ સૌ પ્રકારની છૂટથી
–કૃપાને જોઈએ માત્ર,' કૃપાને તે છતાં ખરે,
રડ્યાખડ્યા જ શા માત્ર કૈં અપવાદ હોય છે ! ૩૯-૪૦

કૃપા કેવી રીતે સ્હાય કરે, તે સમજાય ના,
હૈયાનો ગાઢ જ્યાં ભાવ તેમાં તેજસ્વી શી કૃપા ! ૪૧

પોકાર પાડતાંમાં તો હોશિયાર થવાય છે,
કૃપાનો દૃઢ નિર્ધાર ચઢિયાતો બધાંથી તે. ૪૨

રાચતાં, રાચતાં ભાવે નશો જીવન શો ચઢે !
જીવનસોડમાં ત્યારે કૃપા લપાતી શી રમે ! ૪૩

હરિઃૐ

## અધ્યાય : ૧૩

## કૃપાની અકળ કળા !

: અનુષ્ટુપ :

જીવદશાતણો પૂર્ણ માનવી નિજ બુદ્ધિ જે
—ડહોળાયેલી જેની તે તેથી માપી શકે ન તે. ૧

તો પછીથી કૃપાને તો માનવી જાણી શેં શકે ?
જાણવું હો, કૃપાક્ષેત્રે એણે ઊતરવું પડે. ૨

ઊતર્યા વિણ સંપૂર્ણ ઊંડામાં ઊંડું અંતરે
—કૃપાને પ્રીછવાકેરો મિથ્યા પ્રયત્ન જાણજે. ૩

લાયકાત વિના યોગ્ય જાણવા જવું કોઈને,
કોઈ એના સમી બીજી મૂર્ખામી નવ જીવને. ૪

જેને છે જાણકારીની એવી કળા ન જીવને,
ગતાગમ કશી યોગ્ય એવાંને ક્યાંથી હોય જે ? ૫

કૃપાનો ન્યાય સંપૂર્ણ તોળવા યોગ્ય આપણે
—લાયક કોઈ રીતે ના છાના મરવું યોગ્ય છે. ૬

કેવી રીતે કૃપા કામ લેતી છે તે કળાતણી
—જાણકારી યથાયોગ્ય કોઈ માનવીને નથી. ૭

પાપીમાં પાપીને જ્યારે કૃપા પોતે વરેલ છે,
એમનું એમ તે ના છે, ભૂમિકા યોગ્ય એની છે. ૮

ગમે તેટલુંયે ઊંડું ખોદતાં, જ્યાં કશું ન છે,
કશું નીકળવાનું ના, જાણી તે લેવું નિશ્ચયે. ૯

વસ્તુ કઈ કઈ છૂપી નીચે પડી રહેલી જે,
જે જાણકાર છે યોગ્ય તેને તે વર્તી લે ખરે. ૧૦

એવી રીતે કૃપા પોતે ભૂમિકા પાપીનીય તે,
પ્રીછીને ઓળખી કાઢી એને શો નિજનો કરે ! ૧૧

શું શું ભરેલું નીચે છે સંપૂર્ણ ભોમિયો જ જે
—આપકળાથી તે તે સૌ ઓળખી સહુ શોધી લે. ૧૨

પ્રકૃતિ પરનો દેશ કૃપાનો છે ખરેખરો,
કૃપાને મા'લવા તે શી ભૂમિકા પક્વ યોગ્ય તો ! ૧૩

છતાં પાછી કૃપા કેવી નિમ્ને અવતરતી પથે,
પોતાને કરવા જેવું જ્યાં લાગે, તેમ વર્તશે. ૧૪

નાલાયક પૂરેપૂરો હોવા છતાંય જીવને
—કદીક તોય એવાંને કૃપા સ્વીકારી કેવી લે ! ૧૫

કિંતુ કેવી કૃપાને તે સંપૂર્ણ જાણકારી છે
—પૂરી યોગ્ય પ્રકારે જે કોનામાં શું ભરેલું છે ? ૧૬

સર્વ કૈં કરવા યોગ્ય, કૃપા પૂરેપૂરી શી છે !
યદ્વાતદ્વા ભલે લાગે કિંતુ તેવું ન કૈં જ છે. ૧૭

કૃપા તો હરિનો અંશ, તેથી સંપૂર્ણ યોગ્યતા
—સોળે કળાથી એની છે તેમાં સંશય કાંઈ ના. ૧૮

કૃપાને વરવું જો હો પ્રકૃતિના પ્રદેશથી
—ઊર્ધ્વક્ષેત્રે પ્રવેશાવા પુરુષાર્થ થજો ચહી. ૧૯

સ્વતંત્ર ને સ્વયંભૂ છે મૌલિક ને અલૌકિક
—કળા કૃપાની તે કેમ વર્તે જણાય ના દિલ ! ૨૦

કૃપા છે ભોમિયો જેને સંપૂર્ણ જાણકાર છે,
તેવાં જ માત્ર શા પાત્ર કૃપાને યોગ્ય પ્રીછવે. ૨૧

કૃપાના શા ચમત્કાર જે કૃપાનો જ ભક્ત છે
—તેને જીવનમાં કેવાં નિમિત્ત પ્રગટે જ તે ! ૨૨

જોડાયેલી જ સાથે છે કાર્યકારણ શૃંખલા,
બાકી ના છે ચમત્કાર કોઈ કશા પ્રકારના. ૨૩

અનંતાનંતગામિની કૃપા ગૂઢ અગાધ છે,
શરણાગતિ સંપૂર્ણ જેને કૃપાની, શો તરે !
કૃપા ના જેવી તેવી છે સમર્થમાં સમર્થ તે,
કૃપા સખી હરિની શી સંગાથિની હંમેશ છે ! ૨૪-૨૫

卐

હરિ:ૐ

## અધ્યાય : ૧૪

## કૃપા અનુભવ

: અનુષ્ટુપ :

સંસારી માનવી મિથ્યા 'કૃપા, કૃપા' વદ્યા કરે,
તેનાથી વળવાનો ના દી કૈં કદીય જીવને. ૧

કેટલીવાર બોલે છે 'કૃપા, કૃપા' શું શબ્દમાં !
કૃપાના સ્વામીની હૈયે છતાં છે ના સભાનતા. ૨

દે છે મદદ જો કો'ક શી કદરદાની હ્રદે !
જાગતી છે કૃપાકેરું કેટલું તેવું થાય છે ? ૩

'કૃપા શી જીવને મારે વારંવાર થયેલ છે,'
બોલતા એવું જાણ્યા છે જીવને કેટલાકને.
'કૃપાના કરનારાનું મહત્ત્વ કેટલું ઊંડું,
થઈ કૃપાથી જાગ્યું છે ?' હૈયે તે અવલોકવું. ૪-૫

કદરદાની ઊંડી જો થઈ હોય ખરેખરી,
મહત્ત્વ તો વિના જાગ્યા કદાપિ તે રહે નહિ. ૬

આપણા બોલવાથી તો પ્રિછાઈ જઈએ ખરા,
બોલવું વિણ વિચાર્યા નકામું જાણવું સદા.

કૃપાને એવી રીતે જે પોકારે ખાલીખાલી તે,
તેમનામાં ભલીવાર આવવાનો કશો ન છે. ૭-૮

કૃપાની ઓથ જેને છે, તેના જીવનની ખૂબી
—ન્યારા પ્રકારની કોઈ ગૂઢ અજાયબીભરી. ૯

કૃપાની ઓથ જેને છે, તેની નિશ્ચિતતા સદા
—કદી ઘવાતી ના કેમે, રહે તે સાબદો સદા. ૧૦

કૃપાની ઓથ જેને છે, કૃપા પરત્વેની ઊંડી
—તેની સભાનતા નિત્યે જીવતીજાગતી નરી. ૧૧

કૃપાની ઓથના જેને થયા અનુભવો હશે,
'તેને માથે ધણી મોટો છે બિરાજેલ.' ધારશે,
તેનાં 'શાં પ્રેરણા, હૂંફ, સહાનુભૂતિ જીવને,
તે રણકાર દેતાં હો જીવંતા' એમ લાગશે. ૧૨-૧૩

કૃપાની ઓથ જેને છે, તેનામાં હામ જીવને
—શ્રદ્ધા, વિશ્વાસ ને શક્તિ શાં તરવરતાં હશે ! ૧૪

કૃપાની ઓથ જેને છે, તેવો નિશ્ચિત જીવને
—સંજોગોમાં ગમે તેવા શો મર્દાનગીથી જીવે ! ૧૫

કૃપાની ઓથ જેને છે, તેનામાં કોઈ રીતનું
—યદ્વાતદ્વાપણું સ્હેજે વર્તાતું નથી ક્યાંય શું !
કૃપાની ઓથ જેને છે, જેને એવા અનુભવો,
તેવો પ્રેરાયેલો હૈયે એકધારો રહ્યા કરે. ૧૬-૧૭

કૃપાની ઓથ જેને છે, તેની ખબરદારી શી !
નિર્ભીત શો બધી રીતે, વર્તાતી મસ્તી તેની શી ! ૧૮

કૃપાની ઓથ જેને છે, તેની વાણીતણો ઊંડો
—કેવો તે રણકો ઊઠે ચેતનાત્મક શો રૂડો ! ૧૯

કૃપાની ઓથ જેને છે, ટકોરાબંધ જીવતો,
તેવો તો પરવારેલો સર્વદા દિલ લાગતો. ૨૦

કૃપાની ઓથ જેને છે, તેની આંખતણો નશો,
રણકો વાણીનો તેની ન્યારા કોઈ પ્રકારનો. ૨૧

કૃપાની ઓથ જેને છે, તેની ખુમારી જીવને
—નદીનાં પૂરની પેરે શી ધસમસતી વહે ! ૨૨

કૃપાની ઓથ તેવાંને જે પ્રશ્ન જીવને ઊઠે
—ઉકેલ કાઢવા તેની હૈયાસૂઝ અપાર છે. ૨૩

કૃપાની ઓથ જેને છે, તેને સંગ્રામ ખેલવા
—યોદ્ધા પરાક્રમી જેવી શક્તિનો પાર ક્યાંય ના. ૨૪

આરપાર જવા જેની પાર ધગશનો ન છે,
કૃપાની ઓથ તેવાંને પાર વિનાની હોય છે. ૨૫

જીવને પાર સંપૂર્ણ થવાનું છે કૃપાબળે,
કૃપાથી શો હું પોષાયો ! નભ્યો ટક્યો કૃપા વડે. ૨૬

કેવાં જોખમ ભારે જે શાં ભયંકર સાહસ !
—કૃપાબળે કરાવ્યાં છે ભીડાવી હામ જીવને. ૨૭

હૂંફ ને ઓથ કોઈની જો વ્યવહારમાં હોય છે,
તો શી સભાનતા તેની વર્તાયે નિજ અંતરે !
બૂમ તો પાડનારા છે વારંવાર કૃપાની જે,
તેને ઉષ્મા કૃપાની તે ટકોરાબંધ કાં ન છે ?

અનુભવો થયેલા છે જેને કૃપાતણા હૃદે,
ખુમારીનો જ ઉછાળો તેનામાં મસ્ત ઓર છે ! ૨૮-૩૦

કૃપાની ઓથ જેને છે, ઝીણું ઝીણું જ કાંતવા
—કદાપિ ના જતો બેસી, મેળે એને કરે સ્ફુર્યા,
તર્ક પરંપરાથી તે કશું વિચારતો નથી,
તેના વિચારનું સાચું ધોરણ, માત્ર શ્રીહરિ ! ૩૧-૩૨

કૃપા બોલ્યે કૃપાભાન દિલ ના વરતાય છે,
કૃપા એવીથી શું જોમ ઊગે મર્દાનગીય તે ?
કૃપાથી ભાવ સામર્થ્યે જીવન તેજ થાય છે,
કૃપા તે દિવ્ય શક્તિનું સાચું સ્વરૂપ જાણજે. ૩૩-૩૪

કૃપાનો સ્વાર્થ લાગે છે જેને જીવનમાં ખરો,
આરજૂ આર્દ્ર તેવાંની કેવી ભીનાશવાળી હો,
લળી લળી નમી ભાવે શી શી તે પ્રાર્થના કરે !
કૃપાનું જીવતું ઊંડું ત્યારે મહત્ત્વ જીવને. ૩૫-૩૬

કૃપાનો સ્વાર્થ લાગે જ્યાં કૃપાની તે સભાનતા
—જીવતીજાગતી કેવી ચેતનાત્મક ર્હે તદા.
હૈયે સભાનતા તીવ્ર તેવી તે લાગતાં ઊંડી,
કૃપાના કરનારાનું સાથે ભાન ઊગે સહી. ૩૭-૩૮

પ્રકાશ ફેડતો કેવું અંધારું એકસામટું,
કૃપાયોગ્ય થવાતાં તો અજ્ઞાન ફીટતું બધું. ૩૯

હરિના ભાવમાંથી જે કૃપા ફળંતી સાચી તે,
કૃપા તેથી હરિભાવતણો એક પ્રકાર છે. ૪૦

ગુણધર્મો હરિકેરા વર્તાય જો અનુભવે,
એક તે ગુણ તેમાંનો કૃપા પ્રત્યક્ષ જીવને. ૪૧

સૂર્યનો જેમ પ્રત્યક્ષ પ્રકાશ વરતાય છે,
તેવી રીતે કૃપાનું છે હરિનો શો પ્રકાર તે ! ૪૨

કૃપાનું ઑર સામર્થ્ય શક્તિ અનંત મસ્ત છે,
કૃપા આશ્રય શો પાત્ર ભક્ત માત્ર જ एक છે.
ચહે કૃપાશ્રયે માત્ર જીવન તે ચલાવવા,
બાવડાં પગ તો હાવાં એને ચલાવવાનું ના. ૪૩-૪૪

કૃપામાં જીવવાકેરો ભક્તનો યજ્ઞ હોય છે,
સર્વ પ્રકારનાં કર્મ ભક્તનાં, કર્મયજ્ઞ તે. ૪૫

કૃપામાં મા'લતાં પૂર્ણ જીવન નિજનું બધું,
'કૃતાર્થતા શી તેવાંની !' મુશ્કેલ તેવું કલ્પવું. ૪૬

શરણાગતિ સંપૂર્ણ પામેલ હરિભાવથી,
તેવાં માત્ર કૃપામાં શાં જીવવા પાત્ર દિલથી ! ૪૭

કૃપાની જે પ્રસાદી છે, છો ભયંકર હો ભલે,
વેગળા થવું તેનાથી ભક્તથી ના બની શકે.
કૃપાપ્રસાદીરૂપે જો જે તે કંઈ મળેલ છે,
ગળે જ વળગાડીને જીવને ન્યાલ થાય છે. ૪૮-૪૯

ભક્ત કૃપાપ્રસાદીને આરજૂ ભાવથી હૃદે
—નમ્રતાથી સ્વીકારીને, વારંવાર સ્તવી નમે. ૫૦

હૈયે હરિની તો ઊંડી મસ્ત સભાનતા જ તે
—કૃપાભાન પ્રવર્તે છે, કૃપા અસ્તિત્વ તેથી છે. ૫૧

કૃપા ચેતનના ભાવે કૃપા અનુભવાય છે,
તેવી કૃપાનું સામર્થ્ય અપરંપાર ઑર છે. ૫૨

જીવનમાં કૃપા શક્તિ મા'લવી હોય જો હૃદે,
હરિ અસ્તિત્વનું ભાન જાગી ગયેલ જોઈશે. ૫૩

હરિ વિના કૃપાનું તો ક્યાંય અસ્તિત્વ છે જ ના,
શો પ્રગટાવવો તેથી હરિભાવ જરૂરી ત્યાં ! ૫૪

હરિ આધારથી જીવે કૃપા પોતે નિરંતરે,
હરિ વિના કૃપા પોતે સાવ પાંગળી, લૂલી તે. ૫૫

કૃપાના ભાનથી કેવું મસ્તક મસ્ત, ઉન્નત !
માલદાર થતું શ્રેષ્ઠ કૃપાથી કેવું જીવન ! ૫૬

ભાવની લક્ષ્મીથી કેવું ભર્યું ભર્યું છલોછલ
—જીવન થાય છે મસ્ત, કૃપાનું માત્ર કારણ. ૫૭

હરિની ભક્તિ સંપૂર્ણ જીવને ઑર લાગી છે,
ત્યારે મહત્ત્વ જીવતું કૃપાનું દિલ થાય છે. ૫૮

બેસવું પરવારીને નિરાંત પગ વાળીને,
કૃપાને ગમતું હૈયે, એવો એનો સ્વભાવ છે. ૫૯

શાતા ને શાંતિ, આનંદ, પ્રસન્નતા શી મસ્તીની !
કૃપા અનુભવાતાંમાં મો'રે તે તે બધાં વળી. ૬૦

કૃપા જ્યાં થાય સંપૂર્ણ સર્જન શક્તિ મૌલિક
—જીવને પ્રગટે ત્યારે કૃપાનો તે અનુભવ. ૬૧

વૈભવપૂર્ણ ઐશ્વર્ય ભવ્ય વિપુલતા નરી
—કૃપા સૌંદર્ય શક્તિમાં અનુભવાય આપથી. ૬૨

સંપૂર્ણતા બધા ભોગતણી શી દિવ્ય જીવને !
સાથે સાથે જ પાછી છે નિષ્કામ ભૂમિકા હૃદે,

સ્પૃહા છે સર્વ સંગાથે છતાં સંપૂર્ણ નિઃસ્પૃહી,
વિરોધાત્મક શાં પાસાં કૃપાના જીવને સહી. ૬૩-૬૪

કૃપામાં જીવવા જેને આકાંક્ષા અગ્નિ જેવી છે,
ભભૂકતી અભીપ્સા છે તેના કેંદ્રિત જીવને,
શો અવતારવા કાજે કૃપાને જીવને ઊંડે
—કીમિયો શ્રેષ્ઠ તો માત્ર 'हरि રસે રસાય જે.' ૬૫-૬૬

કશી ઊર્ધ્વ ભૂમિકાનું કૃપા તો પરિણામ છે,
આપમેળેનું અસ્તિત્વ છતાં કૃપાનું હોય છે. ૬૭

ભૂમિકા એવી જો ના છે છતાંય ત્યાં કૃપા શી છે !
દેખીતી રીત વર્તાતી લાગે ત્યાં ના કૃપા જ તે. ૬૮

કૃપાને કેવી ભૂમિકા પોષાય, યોગ્ય નિજને,
તેનો વિવેક તો યોગ્ય કૃપાને માત્ર હોય છે. ૬૯

આપમેળે જ શોધી લે પોતાને યોગ્ય જે, કૃપા,
એનાં કારણ જે તે હો કૃપા પ્રમાણતી તદા. ૭૦

ધારો કે આપણાથી હો અયોગ્ય જે પૂરી રીતે,
કર્યો પસંદ હો એને કારણો છે કૃપા કને. ૭૧

પરીક્ષા કરવા યોગ્ય કૃપાની આપણે નથી,
યથાયોગ્ય થવા, યોગ્ય કૃપા કને કસોટી શી ! ૭૨

ફલાણાંને કર્યું આમ તેને શેં તેમ તે કર્યું ?
કૃપાનો તોળવા ન્યાય આપણું માપ દોદળું. ૭૩

પસંદ કરવો કોને કૃપા પોતે સ્વતંત્ર ત્યાં,
કૃપાનાં કારણો સૂક્ષ્મ, યોગ્યતા ના પિછાણવા. ૭૪

પોતાની મેળ તે પ્રીછે, ભૂમિકા કોની કેવી છે ?
કૈં ડખાડખી ના ચાલે આપણી તેની આગળે. ૭૫

ધર્મરાજા હતા કેવા સત્યવાદી ખરેખરા,
છતાં અર્જુનને પોતે દેખાયા વિશ્વરૂપમાં. ૭૬

આપણાં ધોરણે માપ્યે, કોઈનેયે મપાય ના,
છતાં માનવી તે કેવાં મિથ્યા ત્યાં માપવા જતાં ! ૭૭

સમજ યોગ્ય સંપૂર્ણ પોતાની લાયકાતની
—પસંદ કરવાકેરી કૃપાને કેવી આગવી ! ૭૮

છાનીમાની કૃપા પોતે પ્રવેશી જતી ના કદી,
પ્રવેશાતાં નશો એનો ચઢે કેવો કૂદી કૂદી ! ૭૯

કૃપાના સ્પર્શની મસ્તી અનોખી સર્વ રીતથી,
અલખ કોઈ જોગીડો એને પ્રમાણતો નમી. ૮૦

'રીતરસમ કેવાં છે કૃપાનાં' તે જ પ્રીછવા
—જાણકારી યથાયોગ્ય તે પ્રકારની હો તદા.
તો તો થોડું ઘણું કૈંક કૃપાનું સમજાય તો,
બાકી કિંતુ વિના તેના પૂરો ધબડકો જ શો ! ૮૧-૮૨

પોતાને તો કૃપા પોતે વરે, તેવું થવા પરે
—જેને મહત્ત્વનો ઝોક તેવાં ના પૂછવા દડે.
તેવાં આચરવામાં તો નિત્યે શાં મશગૂલ છે !
પોલું બોદું જ જે હોય અવાજ બહુ તે કરે. ૮૩-૮૪

કૃપા અસ્તિત્વનું ભાન જેને સંપૂર્ણ દિલ છે,
તેના જીવનને કોઈ ઓળખી શકશે ન તે.

જેમ ઈશ્વરને કોઈ પ્રીછી ઓળખી ના શકે,
હરિને તેમ સંપૂર્ણ કોઈ પામી શકે ન તે.
કૃપાના ભક્તને તેવી રીતે કોઈ પ્રકારથી
—યોગ્ય ભાવથી કેમે ના જાણી શકાય બુદ્ધિથી. ૮૫-૮૭

આડુંઅવળું દેખાવું લાગે આપણને બધું,
જીવદશાની બુદ્ધિથી યોગ્ય ના તે પ્રમાણવું.
કૃપાનો લાગતો એવો સ્વચ્છંદ વ્યવહાર તે,
કૃપાનાં ધોરણે એને ઘટે સમજવો હ્દે.
ધારાધોરણ જેવું છે જીવદશાનું જીવને,
તેવાં ધોરણ ને માપ કૃપાનાં વર્તતાં ન છે.
પાપીમાં પાપીને કેવી કૃપા વરેલ છે ખરે !
'તો एणे કેમ એવું તે કર્યું ? જાણવું શી રીતે ?' ૮૮-૯૧

વિશ્વના વ્યવહારોથી એવાંનું ન્યારું વર્તવું,
મર્યાદા, સર્વ સંકોચ, રીતરસમ, તે બધું
—ધોરણો જે બીજાં એવાં, નેવે સૌ મૂકવાં જ તે,
ભલે સ્વચ્છંદ રીતેયે એનામાં શક્તિ ઑર છે.
શાણા, ડાહ્યા કહેવાતા સામાન્ય માનવીથી તે,
એવી રીતે ન વર્તાશે શું અલૌકિક તેનું છે ! ૯૨-૯૪

કૃપાનું મૂળ, કૃપાનાં તે પાસાં જે અનેક છે,
દર્શાવવા કરેલું છે કૃપાને પ્રીછીને હ્દે.
કૃપાએ શો હથિયાર મને બનાવીને ધર્યો !
હ્દય પ્રેરીને શો ત્યાં તૈયાર લખવા કર્યો !

કૃપા પ્રાપ્ત થવા મારી ઝંખના કૈં નહોતીયે,
મેં અનુભવવા હૈયે હરિને, કર્યું સર્વ તે.
એ પંથે ત્યાં દૃઢાવાતાં હૈયે જાગ્યો જ ભાવ જ્યાં,
કૃપા પોતે શી સાક્ષાત વરવા આવી છે તદા. ૯૫-૯૮

કૃપાને વર્તવા રીત શી સમૂળગી આગવી !
થતાં થતાં ધ્યાનસ્થ હરિમાં, ત્યાં કૃપા મળી. ૯૯

જીવદશાની જેવી હો જે વર્તણૂક જીવને,
અનોખી કોઈ જુદા તે પ્રકારનું જ વર્તને,
એવાં જે જે જુદા કેવા વ્યવહારે તરી આવતા,
તેવાંમાંના વરે પોતે કોકને ચહીને કૃપા. ૧૦૦-૧૦૧

એવાં કોઈકને હોંશે કૃપા વરે તે માનવી,
સંસારે સાવ નોખો છે, સૌ અભડાય સ્પર્શથી ૧૦૨

* * *

## કૃપાનો ભક્ત

કૃપાનો ભક્ત તો કેવો મર્દમાં મર્દ વીર છે !
કૃપાના ભક્તનું કેવું પરાક્રમ અગાધ છે ! ૧૦૩

કૃપાનો ભક્ત સંગ્રામો તત્પર ખેલવા જ છે,
કૃપાનો ભક્ત ઓળંગી હિમાદ્રિ ટોચ પ્હોંચશે. ૧૦૪

કૃપાના ભક્તને કોઈ આડખીલી ન ખાળશે,
કૃપાના ભક્તને વિઘ્નો ના રોકી શકશે કશે. ૧૦૫

ઉપાધિ, આધિ ને વ્યાધિ ભલે હો ભક્તને છતાં,
વેગળું માથું મૂકીને રણે ઝઝૂમતો તદા. ૧૦૬

સામનો કરવા જેનું શૂરાતન, ઝનૂન જે
—ખાળ્યું ખળાતું ના છે તે, ધસમસ્યું જતું જ તે. ૧૦૭

કૃપાની ઓથ ને હૂંફ જેને છે નિજ જીવને,
તેનાં ખમીર, ખુમારી ★નેણાં, વેણાં જુદાં જ છે. ૧૦૮

કૃપાના ભક્તની ઑર નમ્રતા કોઈ ન્યારી છે,
સિંહની ગર્જના જેવી તેજસ્વી કદી હોય છે,
કોઈ રીતે નમાલો તે લાગતો નથી અંતરે,
ઘેટાંના જેવી ના એની નમ્રતા કદી હોય છે. ૧૦૯-૧૧૦

કદી અવગણે છે ના કૃપાનો ભક્ત કોઈને,
સર્વ પરત્વે તે ધારે સદ્‌ભાવ દિલમાં ઊંડે,
ઉવેખે કોઈનેયે ના સ્વપ્નમાંયે કદી પણ,
છતાં કૃપાતણો ભક્ત રાચે છે સર્વને હિત. ૧૧૧-૧૧૨

ઉદ્‌વેગ પામતો હૈયે કશા કોઈથીયે ન તે,
સંતુષ્ટ કૈં મલે જેથી ગણે પોતે પ્રસાદી તે,
ગમે તેવા પ્રસંગેયે આડોતેડો થતો ન તે,
વહ્યા કરે પ્રભુનામાં એકધારો અખંડ જે. ૧૧૩-૧૧૪

કૃપાના ભક્તની કેવી જીવને બલિહારી છે !
એનો સત્સંગ જે સેવે ભક્તિએ, તે તરી જશે. ૧૧૫

એના જેવું જ સંસારે તાકાત વર્તવાની ના,
સંસારી ધોરણે એવો ગાંડો, ગુંડો ભલે તહાં.
છતાં વર્તણૂકે એવો બ્‌હાર સમાજ વર્તુળે,
કૃપા તોયે શી એવી તે વરી કોઈકને જ લે. ૧૧૬-૧૧૭

---

★ નયન, વાચા

આપણે આપણી રીતે જીવને વર્તતાં નકી,
કૃપા પણ શી પોતાની રીતે તે વર્તતી સહી. ૧૧૮

હોવા છતાં ન જો દોષ આપણું ઊંધું બોલતા
—કોઈથી સાંભળ્યું જો છે કેવા ઊંચાનીચા થતા !
તો પછી વર્તવું એમ કૃપાની સાથ જીવને
—યથાર્થ આપણા માટે, લેવા દો ફોડી एहने. ૧૧૯-૧૨૦

સ્ખલનો, પાપ ને દોષ બેસે જોવા કૃપા ન કૈં,
કૃપા આકર્ષી શી લે છે ! કૃપા શમાવી પૂર્ણ લે. ૧૨૧

કરે પસંદ તેનામાં તેને एकत्व एकता
—કરાવ્યા વિણ ઝંપે ના સ્વભાવે એવી શી કૃપા ! ૧૨૨

દેખીતી રીતથી યોગ્ય લાગતો હો ન છો ભલે,
આભડછેટ શી કિંતુ કૃપા તો રાખતી ન છે. ૧૨૩

કૃપા વિચારથી કામ લેવાનું શીખી તે નથી,
ભાવથી કર્મ પોતાનું કૃપા યોગ્ય પતાવતી. ૧૨૪

કૃપાને માનવાનું ના, કૃપાને ધારવાનું ના,
પ્રેરણાના સ્વભાવેથી પ્રીછી લેવા સમર્થ ત્યાં. ૧૨૫

કૃપાને ઉપલી આંખ એકે પ્રકારની નથી,
અંતઃચક્ષુ જ્ઞાને છે જેનાથી કામ લેતી શી ! ૧૨૬

જેનામાં ભળવાનું છે સ્વતઃ તેને કૃપા હ્રદે
—ઓળખી ભાવથી લે ને માપી લે અંતઃચક્ષુએ. ૧૨૭

અદબ हरिની एने ભાવ સાથે શી મૈત્રી છે !
સંબંધ ભાવ જેવો તો एना ના કોઈ સાથ છે.

ભાવની સાથ તો પ્રેમ અલૌકિક કૃપા કરે,
ભાવ વિના કૃપાને તો ચાલે ના ઘડીવારયે. ૧૨૮-૧૨૯

અજંપો, ક્લેશ, સંતાપ, સંઘર્ષણ, અશાંતિમાં
—કૃપાને કરવું કામ ફાવતું યોગ્ય ના કદા. ૧૩૦

શાંતિ, પ્રસન્નતા, શાતા, સ્વસ્થતા, ભાવ તે બધાં
—સાથે સહીપણાં કેવાં કૃપાને દિલ લાગિયાં ! ૧૩૧

મનસ્વી શી કૃપા લાગે છતાંયે તેવી તે નથી,
કળી કોઈ શકે એવું કૃપાને માત્ર, ભાવથી. ૧૩૨

કૃપાને પૂર્ણતા માત્ર ગમે અંતઃસ્વભાવથી,
एक કરાવવાનો તો ધર્મ કૃપાતણો વળી,
હરિના કેટલા કેવા અનેક ગુણધર્મ છે,
તેમાંનો એક તો ખાસ કૃપા તો ગુણધર્મ છે. ૧૩૩-૧૩૪

કૃપા અમરતાવાળી ચિરંજીવી કૃપા શી છે !
અમૃતફળ દેનારી હરિની લાડલી શી તે !
હરિને પામવા કોઈ યોગ્ય સાધન હોય જો,
તે કાજે યોગ્યમાં યોગ્ય કૃપા સાધનમાત્ર તો. ૧૩૫-૧૩૬

કૃપા ના કોઈને તાબે, સ્વતંત્ર एनी ચાલ છે,
બીજાને રાખવા તાબે પાછી કૃપા ચહે ન છે.
તત્પર સા'ય દેવાને દેખે તત્પરતા જહીં,
જેનું સ્વીકારવા હૈયું કૃપા પેસી જતી તહીં. ૧૩૭-૧૩૮

કૃપા વાર લગાડે ના ઈશારો જ્યાં થતો હૃદે,
રસે ડુબાડવાનું છે કૃપાનું કર્મ જીવને,
ફળ સ્વરૂપ પ્રત્યક્ષ કૃપાનું રસ માત્ર તે,
અંતર્બાહ્ય રસાતી છે રસે કૃપા નિરંતરે. ૧૩૯-૧૪૦

કૃપા વિના નર્યું લાગે ખાલી જીવન શુષ્ક શું !
એકવાર કૃપાસ્પર્શ થતાં, છે હરિયાળું સૌ. ૧૪૧

કૃપાથી સર્વ ખીલે છે, મો'રે છે સૌ કૃપા થકી,
ઊગે છે સૌ કૃપાથી ને જન્મે છેયે કૃપા થકી. ૧૪૨

અતિશયોક્તિ આ લાગે ઘણાંને દિલ તે ભલે,
કિંતુ તારતમ્ય તે જોતાં કૃપા શી મૂળમાં જ છે ! ૧૪૩

કૃપા મંગલદાતા શી ! કૃપા કલ્યાણકારી તે,
કૃપાના સ્વામીને ભાવે ભજતાંમાં કૃપા ફળે. ૧૪૪

કૃપા તો સત્પુરુષોની સોબતે રંગતે ખીલે,
રાજીપો સત્પુરુષોની કૃપાને પાંગરાવશે. ૧૪૫

હૈયાના ભક્તિ ભાવેથી સેવા ભક્તોની તો થતાં,
તેવા જ્ઞાનતણો ભાવ ઉદ્‌ભવાવે કૃપા તદા. ૧૪૬

શુભેચ્છા સત્પુરુષોની આપણી તે પરત્વેની,
ભરી ખુશનસીબીથી કૃપા શી ખેંચી લાવતી ! ૧૪૭

ભાવેથી સત્પુરુષોની થાય છે જ્યાં પ્રસન્નતા,
કૃપા પ્રસન્નતાથી તે જન્માવાની શી શક્યતા ! ૧૪૮

ભક્ત ને જ્ઞાની આત્માને સંતોષ જો અપાય છે,
સેવા થતાં જ ભક્તિથી કૃપાને નોતરાવશે. ૧૪૯

મનનચિંત્વને હૈયે એકાગ્ર જ્યાં થવાય છે,
તેવી એકાગ્રતા પૂર્ણ જ્યાં કેંદ્રિત, કૃપા જ છે. ૧૫૦

એકાગ્ર દિલ સંપૂર્ણ થતાં કેંદ્રિતતા વિશે,
પ્રસન્નતા ઝરે મુગ્ધ કૃપા પ્રત્યક્ષ ત્યાં જ છે. ૧૫૧

જન્મવું, જાગવું, મોટું થવું, પોષણ પામવું,
જીવને એવી રીતેથી છતી પોતે થઈ કૃપા. ૧૫૨

જાગવું, જીવવું પૂર્ણ કૃપામાં, ઑર રીતનું,
સ્થૂળ આહ્‌લાદની સાથે સરખાવાય ના કશું,
પ્રકૃતિ ક્ષેત્રનાં મોજ, શાંતિ, પ્રેમ, પ્રસન્નતા,
ટકે ઘડીક, વિલાય, કેવાં તે છીછરાં બધાં ! ૧૫૩-૧૫૪

કૃપા પોતે રમે જ્યાં છે પોતાની સાનુકૂળતા,
બધાંનેયે પડે લાગુ એવો નિયમ શો જ તે ! ૧૫૫

કૈં અળખામણો, વા'લો કૃપાને નવ હોય છે,
સમત્વ શું બધાં સાથે જીવને તો કૃપાનું છે,
છતાં પાછી કૃપા પોતે વરવા મસ્ત ઉત્સુક,
તાલાવેલીથી તે કેવી હૈયાથી ચહી તત્પર. ૧૫૬-૧૫૭

卐

હરિ:ૐ

## અધ્યાય : ૧૫

## સાવધાન !

: અનુષ્ટુપ :

કૃપા ભક્ત થયા વિના પરખાય કૃપા ન તે,
ને મૂલ્યાંકન સંપૂર્ણ તેવાં માત્ર કરી શકે. ૧

શકીએ પારખી કેમ કૃપાને આપણે હૃદે ?
જતાં પારખવા પોતે પરખાઈ જતાં ખરે. ૨

મૂકી પારખવું એને ચાહવાનું કર્યા જતાં,
કૃપા યોગ્ય થવાતાંમાં ચા'શે તો કેવી તે કૃપા ! ૩

કોઈનું પારખું લેવું કર્મ સજ્જનનું નથી,
અનાડી માત્ર કોઈક જતા પારખવા તહીં. ૪

કૃપા મેળવવા યોગ્ય ભૂમિકા જીવને થવા,
તૈયારી જેની સંપૂર્ણ તેનાથી તે બન્યા કરે. ૫

કૃપા કોઈકનામાં તો સોંસરી સે'લ ઊતરે,
જ્યારે કોઈકનામાં શો પા'ડ્યે કોચવો પડે ! ૬

કૃપા શી આત્મલક્ષી છે ! કૃપાની અભિમુખતા
—છે શી હરિ પરત્વેની ! કૃપાનું કર્મ ક્ષેત્ર ત્યાં. ૭

પ્રકૃતિ ક્ષેત્રમાં એને જો કો સાંકળવા ચહે,
મિથ્યા પ્રયત્ન તેવાંનો લાડલી તે પ્રભુની છે ! ૮

બિલકુલ પડી ના છે જેની હોવા છતાં કને,
તે તે દેખાય ના તેને જેનો ના ખપ કેમ કે. ૯

મુદ્દલે ઉપયોગે જે કશુંયે આવતું નથી,
હોવા છતાં ન લાગે છે તેનું અસ્તિત્વ દિલથી. ૧૦

કૃપાનું એકલીનું ના હરિનું પણ તેમ છે,
એને સંભારવા કોણ સંસારે નવરું જ છે ? ૧૧

ઊંડો કશાકનો સ્વાર્થ કે ભારે દુઃખ આવતાં,
મુશ્કેલી કે વિપત્તિમાં ઘડીક વાર યાદ ત્યાં. ૧૨

બાકી ભાવ પૂછે કોણ એનો કોઈ ચહી હ્રદે ?
બધાંને પોતપોતાના સ્વાર્થની તે પડી જ છે. ૧૩

કોઈની પછવાડે ના પડવું એકધારું તો,
અડૂક દડૂકિયા ખાલી વાતોમાં રસ છીછરો. ૧૪

યાહોમ ઝંપલાવાની સંપૂર્ણ ત્યાં થવા ફના,
કોઈ સંસારી બચ્ચાની તૈયારી છે કશી ન ત્યાં. ૧૫

વલોવવાનું જાણે હો સમુદ્ર કરતાં જ કૈં,
ડહાપણ છતાં ડો'ળે કેવું એવું અગાધ જે ! ૧૬

પોતાને કરી જોવાને પ્રયોગ જીવને ચહી,
તમન્ના સે'જયે જેને લાગેલી ના ખરેખરી. ૧૭

છતાંયે તે કૃપા વાતો કેવી કેવી કર્યા કરે !
લાચારી શી કૃપાનેયે પ્રગટે સાંભળી હૃદે ! ૧૮

શો બકવાદ મિથ્યા તે જેમાં દમ કશો ન છે,
પાણી વલોવવાથી તો માખણ કૈં ન નીકળે ! ૧૯

મિથ્યાચારી નકામા તે પોતાને સાવ છેતરે,
એને ઊગરવા વારો કદી ના આવનાર છે. ૨૦

જીવવાની કૃપા સાથે જેને હોંશ અપાર છે,
તેવાંનાં લક્ષણો છાનાં કેમેયે ના રહી શકે. ૨૧

સંસારે આ નવાજેલાં કૃપાએ શાં અનેકને !
પ્રસિદ્ધ ઈતિહાસે શાં થયાં જીવી જ તે રીતે ! ૨૨

શહૂર, હીર, ઉત્સાહ, ઉદ્યમ ને પરાક્રમ,
એવાંનાં શાં છતાં કેવાં પ્રત્યક્ષો નિજ જીવન ! ૨૩

ખાલી ખાલી કૃપા બોલ્યે કૃપા દોડી ન આવશે,
થવું પડે કૃપા ભક્ત જાન આપી દઈ હૃદે. ૨૪

રેઢું પડ્યું કશુંયે ના એમ ને એમ ના મળે,
કશું જો કરવું ના હો તો કૃપા છાનીમાની છે. ૨૫

તમારે કરવું જે હો તે ના કૈં પૂછવા જતાં,
કોઈને પૂછી પૂછીને તમે ના કરતાં કદા. ૨૬

તો પછીથી કૃપાને કાં ગોદા માર્યા કરે જનો ?
કૃપાને તેથી કાંઈ ના ખોટ આપણને જ તો. ૨૭

કૃપા સ્વચ્છંદી પોતે ના કૃપાનું કોઈ ધોરણ
—બુદ્ધિમાં આપણીયે ના બેસવાનું કદી પણ. ૨૮

કૃપાના યોગ્યતાવાળાં ધોરણ યોગ્ય તો થતાં,
કૃપા પોતે જ સાક્ષાત આવશે આપમેળ ત્યાં. ૨૯

'જાણવું કેવી રીતે તે ધોરણ તે કૃપાનું શું ?
જણાવવા કૃપા ના'વે તો પછી કરવું જ શું ?' ૩૦

નીકળેલી હરિમાંથી હરિની તે સુવાસ છે,
હરિની તે ભૂમિકામાં પ્રવેશાતાં કૃપા શી છે ! ૩૧

જાણવું, વર્તવું જેને તેના બધા ઉપાય છે,
કિંતુ કર્તવ્યમાં શૂરા જે ના, તેને પ્રણામ છે ! ૩૨

કૃપાને પ્રીછવા કાજે કોરી બુદ્ધિનું કામ ના,
ભક્તિ રંગ વિના લાગ્યા કૃપા કળાય ના કદા. ૩૩

કૃપા તો ખુદ તૈયાર તૈયાર આપણે નથી,
ટેવાયેલ બીજાનું તો જોવાને, થાય શું પછી ? ૩૪

સંપૂર્ણ આપણું પોતે કેવાં તો આપણે છીએ
—જોવા તત્પરતા જ્યાં ના મિથ્યા કૃપાનું જોવું છે. ૩૫

'કેટલી કેટલી વાર કૃપા કેવી થયેલ છે !'
કહેતા સાંભળેલા છે, એવું તો કેટલાકને. ૩૬

તો જે કૃપા થયેલી છે તેની સભાનતા હૃદે
—ઊંડી સઘનતાવાળી તો કાં તે જીવતી ન છે ? ૩૭

જો હો સઘનતાવાળી એની સભાનતા ઊંડી,
પછી અસર તો એની શાને વરતાતી નથી ? ૩૮

જીવને કૈં પ્રસંગો જે ભારે મુશ્કેલ સાંપડે,
જોગાનુજોગ રીતે ત્યાં જે મળેલ જ સા'ય તે. ૩૯

કૃપા તે માની લીધેલી, કિંતુ તે સાથ જીવતો
—જાગતો દિલ જો ના હો ભાવ નકામું સર્વ તો. ૪૦

કૃપા ખરેખરી બાકી જીવને જો થયેલ છે,
ભર્યું ભર્યું નર્યું કેવું મસ્ત જીવન હોય તે. ૪૧

ભાવ વિનાનું ખાલી તે માની લેવાનું અંતરે,
કશો અર્થ ન સારે છે એનો ઉઠાવ ના થશે. ૪૨

કૃપા વર્ષા થતાં કેવું હરિયાળું જ થાય સૌ,
તેવું થતાં જ પ્રત્યક્ષ કૃપાનું પરિણામ સૌ. ૪૩

વૃત્તિનું જો પરિણામ, ભાવનું પરિણામ છે,
તો પછીથી કૃપાનું તે પરિણામ ન કેમ છે ? ૪૪

ઉપકાર કર્યો હોય ભુલાતો તે કદી નથી,
તો કૃપા કરનારાની યાદ કાં ઝળકે નહીં ? ૪૫

કોઈક તો કહે છે કે, 'કૃપા શી અમને થતી !'
કૃપા થયાની તે છાપ દિલ કાં ઊઠતી નથી ? ૪૬

કેટકેટલી તે વાર જેને કૃપા થયેલ છે,
તેવા અનુભવોની તો કાં ના સભાનતા જ છે ? ૪૭

સંસારે માનવી કોઈની જો કૃપા થયેલ છે,
તો તેની હૂંફ વર્તાતી અંતરે કેવી જીવને ! ૪૮

કૃપા અનુભવોની તે જેને પરંપરા જ છે,
તેને શંકાકુશંકાની વિચારસરણી ન છે.
તર્ક દલીલથી શો તે પીંજવા બેસી ના જતો,
અંતે ઉકેલ ઓચિંતો જેનો તેનો ઊગ્યે જતો. ૪૯-૫૦

કૃપાની ઓથ જેને છે તેને છે રસ અંતરે
—એકમાત્ર કૃપા જેની થયેલી દિલ, તે પરે. ૫૧

જેમાં તેમાં જ શો માત્ર કૃપાના કરનારને
—વારંવાર કરી યાદ સ્તવી ઊંડું, લળી નમે. ૫૨

વર્ષા પૃથ્વી પરે વર્ષે ભીંજવી દે જમીનને,
વાવેલાં બીજને કેવું ઉગાડી દે જ તુર્ત તે,
વર્ષા વર્ષાયેલી જો હો પ્રત્યક્ષ વરતાય છે,
તો પછી શું કૃપા વર્ષા ખાલી એમની એમ ર્‌હે ? ૫૩-૫૪

વારંવાર કૃપાના છે જેને અનુભવો ખરા,
એકાકાર, લગાતાર પૂરા ર્‌હે ના થયા વિના
—એકધારા હરિનામાં કૃપાનો શો પ્રભાવ તે !
કૃપાનાં લક્ષણો એવાં ગાયાં અનુભવી જ તે. ૫૫-૫૬

કૃપાને વરવા ઇચ્છા પૃથક્કરણ તેમણે
—પોતાનું સર્વ બાજુથી કરી, સ્વસ્થ થવાનું છે. ૫૭

પોતાને જાણતાં ના જે સમગ્રતાથી જીવને,
કૃપાને તો પછી એવાં કેવી રીતે પિછાણશે ? ૫૮

એના તો કરતાં, જેમ કૃપાને વર્તવું ગમે
—જેમ તે રીતમાં રાજી ખુશી થવાનું રાખજો. ૫૯

ન્યાય અન્યાયનાં જે તે સમજ ધોરણ રીત
—પ્રકૃતિ ક્ષેત્રનાં સર્વ, કૃપાનું નવ તેમ છે. ૬૦

કૃપા તો હરિનો ભાવ હરિનો તે પ્રકાશ છે,
હરિની વ્યક્તતાની તે સુવાસ આપમેળ છે. ૬૧

કોઈક ભૂમિમાં સોનું, હીરા કોઈકમાં જ છે,
ધાતુ જુદી જુદી કેવી જુદી જુદી ભૂમિ વિશે,
ત્યાં કુદરતને કોઈ કૈં પૂછતુંયે ન છે,
તેથી શાણા થઈ, યોગ્ય વર્તવું તો કૃપા વિશે. ૬૨-૬૩

આમતેમ કર્યું કેમ કૃપાનું ના વિચારવું,
નિર્ણય યોગ્ય લેવાને યોગ્યપણું કૃપાનું શું ! ૬૪

ડહાપણતણો પોતે સમુદ્ર હોય, ધારીને
બુદ્ધિ સંપૂર્ણ જાણે કે પોતામાં શી ભરેલ છે !
ન્યાયને તોળવા તેવાં શાં એકદમ તત્પર !
ખાટલે ખોડ એવાંને પોતાની શેં સૂઝે દિલ ! ૬૫-૬૬

કૃપાને પ્રીછવા યોગ્ય ના સામર્થ્ય, ન પૂર્ણતા,
નકામા તે ઉધામા છે સામાન્ય માનવીતણા. ૬૭

卐

હરિ:ૐ

## અધ્યાય : ૧૬

## અનુભવ કથન

: અનુષ્ટુપ :

સ્મરણ, પ્રાર્થનાદિમાં લાગતાં દૃઢ ભાવ તે,
લગની લાગતાં ઊંડી હરિ ભાન પ્રવર્ત્યું છે. ૧

હરિ ભાન થતાં તીવ્ર જાગે સહજ ભાવ તે,
ભાવની જાગ્રતિમાંથી કૃપા ફોરમ મે'કશે. ૨

હરિ લીધે કૃપાકેરું અસ્તિત્વ જીવને ટકે,
હરિને સ્મરવા પ્રત્યે ઝોક દિલ દીધેલ છે.
પ્રાર્થના કીર્તનાદિનાં સાધનો સૌ કર્યા કર્યે,
તેમાંથી ભાવ લાગંતાં કૃપા સમજ સ્ફુરી છે. ૩-૪

કૃપા જ્યાં હાથ લાગી છે એની શક્તિ જણાઈ છે,
એને અનુભવાતાંમાં કૃપા પ્રત્યક્ષ થૌ જ છે. ૫

સાધનાભ્યાસમાં લાગી એકધારું પડાયું જે,
તેમાંથી જાગૃતિ જાગી કૃપા કેવી સ્ફુરેલ છે ! ૬

સાધનાભ્યાસનો ઝોક, મહત્ત્વે મોખરે, હૃદે
—થતાં સંપૂર્ણ જીવંતો કૃપા ત્યાં તુર્ત ઊભી છે. ૭

અભીપ્સા લાગી શી ત્યારે કૃપા પરત્વેની હૃદે,
થતાં ચેતનવંતી તે કૃપા મસ્ત ખીલેલ છે. ૮

સ્મરણ, કીર્તનાદિ ને પ્રાર્થના ને નિવેદન
—વારંવાર કરી યાદ સન્મુખતા, સમર્પણ,
અનેક સાધનો એવાં ઉત્સાહે હેતુપૂર્વક
—થતાં રહેતાં કૃપા પોતે બઢંતાં ભાવ જાગ્રત. ૯-૧૦

શરણાગતિ સંપૂર્ણ કૃપા પરત્વેની થવા,
કેવો ઉદ્યમ માંડેલો ધીરજ, ખંતથી તદા. ૧૧

હાર્યો કદીક, થાક્યો ના, પૂરો મંડ્યો રહ્યો પથે,
ચીલો ના છોડી દીધો છે, કૃપા ત્યારે શી વર્ષી છે ! ૧૨

કદીક હું લપેટાયો ખરડાયો કદીક હું,
પથે શો મરડાયો છું, છતાં શો પુરુષાર્થી હું !
એકધારો જ એકાગ્રે હરિ પંથે મથ્યા જતાં,
ભાવ નીગળતાં, કેવી કૃપા સા'ય કરે તદા. ૧૩-૧૪

'કેવા છૂટાછવાયા તે યત્ન તો કરવાથી તે,
કશું ના ફળ પાકે છે.' ઊતર્યું તે ગળે મને.
એકભાવે જ તલ્લીન જ્યાં મશગૂલ હો હૃદે
—ભાવ ઊછળતાં ત્યારે કૃપા હાજર ત્યાં જ છે. ૧૫-૧૬

શી કેટકેટલી વાર ભુલાયો પંથ જીવને !
છતાં પાછું વળાયું છે, ચમત્કારિક શી રીતે !

ઓચિંતું ભાન જાગ્યું છે જોશ ઓચિંતું છે સ્ફુર્યું,
કૃપાનો તે ચમત્કાર કેવી રીતે ભૂલું હું તે ? ૧૭-૧૮

વારેવારે પડી ભૂલા જવાતું જ્યાં હતું પથે,
નિશ્ચયાત્મક સંપૂર્ણ થવાયું'તું ન મુદ્દલે,
નિર્ધાર મરણિયો શો ઓચિંતો પ્રગટ્યો હ્રદે !
કૃપાની પ્રાર્થનાએ શો ઉગારી, ચઢવ્યો પથે. ૧૯-૨૦

સ્મરતાં, સ્મરતાં ભાવે, હરિને મનમાં ઊંડું,
પ્રાર્થના હરિને ભાવે થતાં જ, મન શું ડૂબ્યું !
એકાગ્ર મન કેંદ્રિત જ્યારે જ્યાં થતું તે ગયું,
ભાગ ત્યાં ભજવ્યો કેવો કૃપાએ તે સમે રૂડો ! ૨૧-૨૨

ભીંજાવાને કૃપાથી તો તપશ્ચર્યા કરેલ છે,
ઊગેલાં સાધનો તેથી કરાયાં શાં કૃપાથી તે !
ઉત્તરોત્તર એમાં ને એમાં દટાઈ શો જતાં,
થતાં ત્યાં યોગ્ય ભૂમિકા કૃપા શી છતી આપ ત્યાં ! ૨૩-૨૪

સ્તવતાં, સ્તવતાં ઊંડું હરિને દ્રવતે દિલે,
વારંવાર કરી યાદ, સ્તવ્યા હરિ કરેલ છે.
પ્રાર્થના એવી હૈયાથી થયા જતાં, થયા જતાં,
હરિની સ્મૃતિનો ભાવ ખીલતાં જ, કૃપા તહાં. ૨૫-૨૬

કૃપાની શક્તિનો પાર અપરંપાર નિશ્ચયે,
અનુમાને ન ગાયું આ પરંપરા અનુભવે. ૨૭

પ્રવેશાયાથી તે ઉચ્ચ ઊર્ધ્વનાં ક્ષેત્રમાં હ્રદે,
કૃપાના મર્મનું હાર્દ હાથ આવ્યું તહીં મને. ૨૮

દૃશ્યો બિહામણાં ઉગ્ર કારમાંયે ઘણાં ઘણાં,
કૃપાની હામથી ત્યાંયે ર્‌હેવાયું છે ટટાર ત્યાં. ૨૯

માર્ગ લપસણામાંયે કૃપા આધારથી ખરું
—ઊભું ટકી શકાયું છે અનંત શક્તિવાળી શું ! ૩૦

ભાવના જાગતાં હૈયે સંપૂર્ણ દિલ કેંદ્રિત
—તેમાં થતાં, કૃપાએ શો સ્પર્શી લીધો મને દિલ ! ૩૧

ન્યોછાવરી જ સંપૂર્ણ ઉત્કટ લગનીથી તે
—ઉદ્‌ભવી દિલ જ્યારે તે કૃપાએ ઊંચક્યો જ છે. ૩૨

કૃપાને આવતાં વાર થતી નથી જરીકયે,
હૈયે ઉતાવળાં કેવાં આપણે તે વિશે છીએ,
તપાસવાનું એવું તે ભાન જીવનમાં મને
—તપશ્ચર્યાથી જે જાગ્યું મૂક્યું તે ચરણે હવે. ૩૩-૩૪

વજ્ર જેવા થઈ હૈયે પંપાળ્યો ના મને જ મેં,
થવા આદર્શ સાકાર કેવું કેવું મથ્યો હૃદે ! ૩૫

કૃપાને વરવા કાજે મોરાં બોલી ગયાં જ શાં !
છતાં ઉદ્યમ ના છોડ્યો અંત સુધી ગયો મથ્યા. ૩૬

શું શું થયા કરેલું છે પ્રસંગ લખવા ન આ,
છતાં જે જે કૃપા યોગ્ય લખાયા તે ગયું તદા ! ૩૭

ફૂંકવાં બણગાં હૈયે હિંમત મુજમાં નથી,
છતાંયે ધૃષ્ટતા કૈંક થઈ હો દો ક્ષમા ચહી. ૩૮

ચૂરેચૂરા થયા કેવા ! એવા તે ઇતિહાસને
—મારા જીવનના, તેને આજ ખુલ્લો મૂકું પદે. ૩૯

કૃપાએ શો નવાજ્યો છે ! કૃપાએ તારવ્યો મને,
જેવો છું આજ, તેવો તે કૃપાથી હું થયેલ જે. ૪૦

કૃપાએ જીવને જ્યારે વળાંકો શા ભયંકર
—આવ્યા ત્યારે મને કેવો સાથ આપ્યા કર્યો હૃદે ! ૪૧

જ્યારે જ્યારે પડી ગૂંચ કૃપાએ સમજાવીને
—જગાડ્યો છે મને કેવો ! કૃપા અદ્‌ભુત ન્યારી છે ! ૪૨

'કૃપા તે વરસે કે ના' એવુંયે જાણવાતણી
—ખેવના તે નહોતી, મેં કર્યા કર્યું બધું ચહી. ૪૩

મથ્યા તે કરવું જાણ્યું અંત તે લાવતાં સુધી,
ક્યાંયે ના અટકાયું છે, એ તો એની કૃપા ઘણી. ૪૪

ભીનામાં સૂઈને પોતે સુવાડી હૂંફમાં મને,
શાતા, પ્રસન્નતા, શાંતિ કૃપાએ અર્પિયાં હૃદે. ૪૫

કૃપાએ જ કરાવ્યો છે હરિ પ્રત્યક્ષ જીવને,
બીજો એના સમો કોઈ ઉપકાર કશો ન છે. ૪૬

ગમાર, અવિવેકીને કૃપાએ શો સુધારીને
ચઢાવી, યોગ્ય ઠેકાણું પાડ્યું જીવનમાં શું તે ! ૪૭

જન્મતાં જન્મતાં એને કેટલી વાર લાગી છે,
મોટી થતાં થતાં, મારે માથે ઝાડ ઊગેલ છે. ૪૮

સમત્વ, શાંતિ, સાક્ષિત્વ વ્યાપ્યે પ્રસન્નતાદિ છે,
કૃપા પ્રત્યક્ષ ત્યારે શી ફૂટીને નીકળેલ છે ! ૪૯

કૃપાને વરવા જેવી તે ભૂમિકા શી હોય સૌ !
વિચારી બુદ્ધિથી તેને શો પ્રગટાવવા મથ્યો ! ૫૦

બુદ્ધિથી કારી ના ફાવી રંગાતાં બુદ્ધિ ભક્તિથી,
શું દર્શન કૃપાનું ત્યાં થયું, અદ્‌ભુત રીતથી ! ૫૧

વફાદારીથી સંપૂર્ણ હૈયાની ભક્તિથી દ્રવી,
જેવું થવું જ ધારેલું તેવું થવા મથ્યો ચહી.
શો પ્રામાણિક સંપૂર્ણ કર્મ પ્રત્યે ઊંડો રહી,
પ્રભુ પ્રીત્યર્થ હેતુથી વર્તાયું છે સભાનથી.
માંડેલાં કરવા ત્યારે કૃપાએ ડોકિયાં ખરાં,
તેનાથી પ્રેરણા શી શી મળી છે ચઢવા તહાં ! ૫૨-૫૪

પા પા પગલીથી પંથે જવાવાને મથાયું છે,
ખેલવા તો પડેલા છે મહાસંગ્રામ જીવને
—કટોકટીતણા કેવા ! બુદ્ધિ ચાલી શકે ન જ્યાં !
શ્રદ્ધા આધારથી ત્યારે વર્તાવાનું કર્યા કર્યું.
કો'ક વાર ડગાયું છે ફસાવાયું કદીક છે,
છતાં એકંદરે પંથે દૃઢતાથી ચલાયું છે.
તેવી વેળા કૃપા સા'ય જીવને પ્રગટેલ છે,
માહિતગાર ત્યારે શો કૃપાનો કૈં થયેલ જે. ૫૫-૫૮

કૃપાથી ચાલવા લાગ્યો જ્યારે જીવનપંથમાં,
શ્રદ્ધા સંપૂર્ણ જીવંતી ચેતનાત્મક ત્યાં સદા. ૫૯

* * *

## કૃપા અને શ્રદ્ધા

શ્રેયના પંથમાં શ્રદ્ધા વિના ડગ ભરાય ના,
શ્રદ્ધા જે એવી જન્મી તે ચમત્કાર કૃપાતણા. ૬૦

શ્રદ્ધા જે જીવને જ્યારે સંપૂર્ણ પક્વ જ્યાં થતી,
કૃપા પ્રત્યક્ષ વર્તંતી વર્તાય જીવને તહીં. ૬૧

શ્રદ્ધા પાક્યા વિના પૂર્ણ કૃપા ડોકાય ના કદા,
ચાલવા માંડતાં શ્રદ્ધા પાકતી જતી છે તદા. ૬૨

જેમ જેમ જ શ્રદ્ધાનો ઉપયોગ થયા કર્યો,
શ્રદ્ધામાં પ્રાણ ઊગીને થયો ચેતનવંત શો ! ૬૩

શ્રદ્ધા એમ પરિપક્વ થતાં થતાં શી જીવને !
કૃપા દર્શન શાં ત્યારે થવાં લાગ્યાં જ અંતરે. ૬૪

કૃપા અવતરતાં પહેલાં શ્રદ્ધા પક્વ થવી ઘટે,
પૂર્ણ તેમ થયા વિના કૃપા પ્રત્યક્ષ ના થશે. ૬૫

'શ્રદ્ધા લીધે કૃપા પોતે' એવું માનવું ના કદી,
ઊલટું તો કૃપા લીધે શ્રદ્ધા શી દિલ જાગતી !
ભૂમિમાં સાવ નીચેમાં નીચે વહેણ જેમ તે,
શ્રદ્ધા સાથે કૃપાનો શો છૂપો સંબંધ તેમ છે. ૬૬-૬૭

ઊર્ધ્વક્ષેત્રતણા ગુણો, ભાવ, શક્તિ, જરૂરનાં,
ખીલ્યા કરે બધાં તે તે શ્રદ્ધા પક્વ થતાં થતાં,
શ્રદ્ધા કૃપાતણો ગૂઢ સંબંધ શો પરસ્પરે,
એકબીજા વિના ચાલે ના, ઘડી પળ એકયે.

શ્રદ્ધામાં તળિયે ગૂઢ છુપાયેલ કૃપા શી છે !
શ્રદ્ધા પોતે શી જાણે કે જે શક્તિ, તે કૃપાની છે. ૬૮-૭૦

શ્રદ્ધા પોતે જ માને છે 'પોતાનામાં રહેલ જે
સૌ પ્રેરણાદિ શક્તિ તે' કૃપાનું પરિણામ છે. ૭૧

શ્રદ્ધા, કૃપા શું બન્નેયે છે આવિષ્કાર આત્મના !
કૃપામાં છતી છે શ્રદ્ધા શ્રદ્ધામાં કિંતુ ગૂઢ તે. ૭૨

કૃપા શ્રદ્ધાતણો સૂક્ષ્મ ગૂઢ સંબંધ જીવને
—ચેતના તત્ત્વનો ઊંડો શો પ્રેરાયેલ આપ તે ! ૭૩

* * *

મોંઘામૂલું કૃપા જેવું સાધન શ્રેષ્ઠ કોઈ ના,
ફરી ફરી, વળી એને લીધો મને શું બાથમાં ! ૭૪

કૃપાને કેટલી વાર આમંત્રી દિલ અંતરે,
શો નિરંતરનો દેવા સાથ, પ્રાર્થી કૃપા હૃદે. ૭૫

સ્મરણ પ્રાર્થનાદિથી હરિમાં જીવ ચોંટતાં,
કૃપાનું ભાન જાગેલું, કૃપાથી કામ લીધું ત્યાં. ૭૬

કૃપાનું જીવને મેં તો આવાહન કરેલ છે,
અંતરે ભક્તિથી ચાહી કૃપાને મેં નિમંત્રી છે. ૭૭

કૃપા તો હરિમાંથી જે ગંગા વહેતી નીકળી,
સ્નાન કરી કરી ભાવે એમાં, નાહ્યા કર્યું ચહી. ૭૮

કૃપા સર્વસ્વ આધાર જીવને જ્યાં થયેલ છે,
કૃપાની મસ્તીનો રંગ ભર્યો, નાચતી મસ્ત એ. ૭૯

હૈયે કૃતજ્ઞતાભાવે ભાવભીનો થઈ હૃદે,
લળી લળી કૃપાને હું સ્તવી હૃદે, નમું પદે.
કૃપાના ઉપકારોને ભુલાઈ ના શકાય છે,
એણે ઊંચે ચઢાવીને જગે 'મોટો' કર્યો મને.
જેનું કોડીતણું મૂલ્ય નહોતું જીવને કશું,
પુછાતો જગમાં એને કરાવ્યો શો ખરેખરો !
પિવડાવી કૃપામાએ પોતાનું દૂધ પ્રેમથી,
ઉછેરીને કર્યો 'મોટો' એને શેં ભૂલું દિલથી ?
વારંવાર થતાં દોષ અનેક વાર ભૂલ જે
—થયા કરી છતાંયે તો કૃપા સે'જે ડગી ન છે.
કદીક ટપલાં માર્યાં કદીક શો ચૂમી લીધો !
નવાડી પ્રેમથી કેવો મને ન્યાલ કરી દીધો ! ૮૦-૮૫

હૃદે લાડકવાયો તો કૃપાએ ગણી મુજને,
હૈયે ચાંપી દઈ, ભેટી કૃપાએ વા'લ બક્ષ્યું છે. ૮૬

તેથી આજે થયો 'મોટો' બાકી ક્યાંનોય ક્યાંય તે
—હું હતે, સર્વ હિસાબ તેનો કૃપાની આગળે. ૮૭

卐

હરિઃૐ

## અધ્યાય : ૧૭

# કૃપા આનંદ

: અનુષ્ટુપ :

કૃપાએ સિદ્ધ સંકલ્પ કરાવ્યા કેટલા જગે,
કૃપાની દિવ્ય શક્તિનું દર્શન તે કરાવ્યું છે. ૧

માનવાતીતનાં કેવાં કૈંક દર્શન જીવને
—પ્રત્યક્ષ તે કરાવ્યાં છે, છતાં ખ્યાલ ન કોઈને.
એમાં મહત્ત્વ છે મોટું કૃપાની માત્ર શક્તિનું,
શક્તિ વિના કૃપાની તો હાલી શકે ન પાંદડું. ૨-૩

કૃપા છે તો બધુંયે છે કૃપા સોબત ઝંખતો,
જીવવુંયે કૃપા વિના ભલે સ્વર્ગ, ન ઈચ્છતો. ૪

કૃપાની બલિહારીની ખૂબી શી શી હું ગાવું તે ?
અડપલું કરેલું છે આ તો માત્ર કૃપા પદે. ૫

સમુદ્ર કેટલો મોટો એનાથીયે અપાર છે,
કલ્પનાતીત શક્તિ છે કૃપાની ગૂઢ, સૂક્ષ્મ તે. ૬

કરંતાં પ્રાર્થના માત્ર કૃપાની, આવડે મને,
તે વિના બીજું કૈં મોટું દર્શન ના કૃપાનું છે. ૭

જાગતાં જાગતાં રૂહેતાં કૃપા કેવી મળી ગઈ,
ભેટો કૃપાતણો થાતાં આંખો મૂળગી શી ફરી ! ૮

ઊતરાયું ઊંડું ઊંડું અંતરે અંતરે પડે*
—તેનાથીયે ઊંડે ઊંડે કૃપા અવતરતી તળે. ૯

અજવાળું થયું તેથી પ્રકાશ તેજવંત શો !
ચર્મ આંખ શકે જોઈ ના, તે સમુદ્ર તેજ શો ! ૧૦

માતા, પિતા, સખા, પત્ની સૌ સહોદર છે બધું,
સગપણ કૃપાનું તે અમર તપજો રૂડું. ૧૧

કૃપાની સોડમાં કેવો આનંદ તે અપાર છે !
કલ્પના જેમ ના'વે છે એવો ઉત્સાહ ગાઢ છે. ૧૨

કૃપા ના નમવા દે છે કૃપા શી બાથમાં લઈ
—ભેટી ભેટી કરી શમાવે નિજમાં વળી* ! ૧૩

કૃપાનું ગાન ગાતાં. હું કદીયે થાકતો નથી,
પ્રસન્નતા હ્દે વાધે ધોધ ઊછળતા સમી. ૧૪

સ્તુતિયે કરવા જાતાં કૃપા સામે ઊભે ન છે,
અંતરે તે લપાઈને કૃપા તાદાત્મ્ય થાય છે. ૧૫

---

*પડે=થર-(Layer)માં.

*પોતામાં છેક અંદર વળીને.

કૃપામાં નિત્ય નાહીને, કૃપા ભોજન ખાઈને,
કૃપામાં સૂઈને નિત્યે, જગાયું છે કૃપાથી જે. ૧૬

કૃપા વિના બીજો આરો જીવવાને કશો નથી,
કૃપા શી માત્ર સર્વસ્વ આધાર મૂળ આપથી. ૧૭

સંબંધ હરિ સાથેનો કૃપાનો શો અકલ્પ્ય છે !
એકબીજા થકી જુદો એને ના કલ્પાય છે. ૧૮

અસ્તિત્વ એકબીજાનું પરસ્પરે શું एक છે !
एकમાં एक તે પોતે વિસ્તાર एकનોય તે. ૧૯

સખી, પુત્રી, હરિની તે જન્મી હરિથી આપ જે,
છતાં પાછી હરિથી ના જુદી ક્યાંય જરાય છે. ૨૦

કૃપા માહાત્મ્ય છે ગૂઢ છતાં સ્પષ્ટ કરી દઈ,
સમજી તે શકાયે, તે રીતે ગાયું જ દિલથી. ૨૧

જ્ઞાનનો કોઈ આધાર કોઈ પ્રકારનો નથી,
કૃપાનો માત્ર આધાર પ્રકાશવા હૃદે ચહી. ૨૨

કર્મ ને જ્ઞાન ભક્તિનો સંગમ તે ત્રિવેણીનો
—થતાં, તેવી કૃપા પોતે આધારે સ્પષ્ટ एक તો. ૨૩

કૃપા જ્યારે છતી થાય જીવને રણકાર તો,
કેવો ને કેટલો મોટો ઉદ્‌ભવીને ઝબૂકતો ! ૨૪

પૂર્ણ ખબરદારી ને ટટારી મસ્તીથી ભરી,
સાવધાની શી તેજીલી ચમકે છે કૃપાથી શી ! ૨૫

ભારેમાં કર્મ ભારે છો ને છો અટપટાં ભલે,
કૃપા સામર્થ્યથી તેને સિદ્ધ કરી શકાય છે. ૨૬

ગપ્પાંની વાત ના આ તો કરી બતાવ્યું સિદ્ધ તે
—અનેક ભક્ત જ્ઞાનીએ પોતાના જીવને જ જે. ૨૭

કૃપામાં નિત્ય જાગે જે શંકા, સંદેહ જીવને
—તેને ઊડી જતાં સર્વ, પોતે પ્રકાશરૂપ છે. ૨૮

છતાં તેવો ન તે લાગે શો ચમત્કાર એ જ છે !
हरि જેમ બધાંનાંમાં છતાં દેખાય તે ન છે ! ૨૯

કૃપાના ભક્ત એવાને કોઈ પારખી ના શકે,
ભેળો, ભેગો રહે તોયે અનોખું એનું રૂપ છે ! ૩૦

પૃથક્કરણ એવાંનું કોઈએ ના કરી શકે,
પારખવાની તો વાત અધ્ધર લટકી પડે. ૩૧

જે કલેવર તો બાહ્ય કૃપાનું સ્પષ્ટ કોઈ ના,
છતાં જેને કૃપા થૈ છે આંખોનું નૂર ઑર ત્યાં. ૩૨

પીડાકારી બહુ રોગો શરીરને ભરપૂર છે,
પ્રસન્નતા છતાં શાંતિ કૃપાનું પરિણામ છે.
ઉત્કટ વેદના કેવી ભયંકર થતી છતાં,
શું લલકારવા પ્યારું સર્જન, શો ટટાર ત્યાં ! ૩૩-૩૪

છો પીડાયેલ રોગોથી છતાં જન્માવવા નવું,
કેવો સજાવવા હોંશે ઉદ્યત રંગથી ભર્યો ! ૩૫

કૃપાની શક્તિ ઊગેલી તેનું તે પરિણામ છે,
કૃપા શી જ્ઞાન પ્રેરે છે, છતી તે થઈ અંતરે ! ૩૬

મૂર્ખમાં મૂર્ખને કેવો વિદ્વાન તે કૃપા કરે !
અનેક દાખલા એવા બનેલા છે જ જીવને. ૩૭

કૃપાનું આ સ્તુતિ ગાન જેણે લખાવવા મને
—પ્રેર્યો, તેને નમસ્કાર, પ્રેમ ભાવે કરું હૃદે. ૩૮

બાકી લખાયું ના હોત ચીંધ્યું ના હોત એમણે,
કૃપાને લખવા શક્તિ માનજો એમને લીધે. ૩૯

કૃપામાં સારું જે કૈં હો એનો સૌ જશ એમને,
નગારું માત્ર હું ખાલી દાંડીથી શો અવાજ છે ! ૪૦

દોષનો ટોપલો મોટો અણસમજનો બધો
—મારે માથે ગણી લેજો ક્ષમા દેવા હું પ્રાર્થતો. ૪૧

કૃપાનું જે લખાયું હો યોગ્ય, ઉત્તમ તે બધું,
સર્જાયેલું કૃપાથી તે તો તેનો યશ ત્યાં બધો. ૪૨

卐

હરિઃૐ

## અધ્યાય : ૧૮

## કૃપા અર્ચન

: અનુષ્ટુપ :

અંતમાં હું કૃપામાનો મૂર્ખ નાદાન બાળ શો !
છતાં માએ મને કેવો કર્યો કૃતાર્થ, ધન્ય તો ! ૧

મૂર્ખામી મારી ના જોઈ નાદાનપણું મારુંયે
—માએ ના લક્ષ લીધું છે, કેટલી મા ઉદાર તે ! ૨

લૈ ઉચ્છંગ શો માએ ! ઊછળી ઊછળી મને
—માએ પ્રેમ કર્યો કેવો ! જેથી ન્યાલ થયો હ્દે ! ૩

પ્રણામો ભક્તિ ભાવે હું કૃપામાને કરું સદા,
ચરણામૃત માનું હું પીતાં પીતાં ધરાઉં ના. ૪

છતાં સંતોષ દીધો છે કૃપામાએ સ્વીકારીને,
જેવો તેવો જ અજ્ઞાની તારે પડેલ પાદ જે,
ટપારીને ટપારીને એને મા ઘડવા મથી,
નરકે ખરડાયેલો તેને સ્વચ્છ કર્યો ચહી. ૫-૬

માએ દોષ ન જોયો છે માએ રોષ કર્યો ન છે,
કૃપામાએ સ્વીકારીને તપશ્ચર્યા કરાવી છે. ૭

તેવી માને હું શો આજે ગાવા ઉદ્યત તો થયો !
પામ્યો મા થકી જે કંઈ માનાં તે ચરણે ધરું. ૮

માનો ખોળો બગાડ્યો છે આ મૂર્ખાએ અજાણમાં,
કૃપામા શી કદી તોયે મારા પરે રૂઠી જ ના. ૯

માએ તો ધવરાવ્યો છે, ઉછેર્યો લાડકોડથી,
માની સેવા કશી કાંઈ કરી શક્યો ન હેતથી. ૧૦

માએ કરી લીધેલું છે જે તે સૌ મારું પ્રેમથી,
કરી શકું શું માનું તો રાખ્યું એણે કશું નથી. ૧૧

સેવા તો કરવા વારો મારે ના આવિયો જ છે.
અઘ્યું ને મૂતર્યું મારું માએ સાફ કરેલ છે. ૧૨

કેવો સ્વચ્છ બનાવીને માએ સોંપ્યો હરિ પદે,
શું પ્રોત્સાહન પ્રેરીને દઢાવ્યો પાદ પદ્મપે ! ૧૩

પાપ, દોષ કદી મારાં મા જોવા નવ બેઠી છે,
લૈ ઉચ્છંગમાં માએ કીધાં અપાર હેત જે,
કૃપાની મહેરબાનીથી જેવો તેવો હું આજ જે,
કૃપા લીધે જ સંસારે ઊભવાને સમર્થ તે. ૧૪-૧૫

બલિહારી કૃપામાની દર્શાવી છે જ જીવને,
જેથી કરી કૃપા માએ ગાવા તત્પર આજ જે.

કૃપા જેવો ઘણો સૂક્ષ્મ વિષય ડોળવાતણી
—નાદાનિયત તે જો હો ક્ષમા, મા, કરજે રીઝી. ૧૭

કાલાઘેલા બધા બોલ માના આગળ બોલવા,
અધિકાર શિશુકેરો આજે વ્યક્ત થયો ભલા. ૧૮

બીજાને કેવું લાગે તે બાળ જોવા ન બેસતાં,
તેવું જ ગાંડુંઘેલું, મા, બકેલું મુજ ધારજો. ૧૯

આપમેળે લખાઈ જે ગયું કૃપાની બાબતે,
કૃપામાને ધરી પાદે કૃતાર્થ થાઉં જીવને. ૨૦

માને ઓળખી લૈ હૈયે કિંતુ વર્ણવવા જતાં
—યોગ્યતા માની સંપૂર્ણ બતાવી તે શકાયું ના. ૨૧

જેવો તેવો ભલે છોને, અધૂરો શો પ્રયત્ન છે !
છતાં આગળ માની તો બાળ નાનકડો જ તે. ૨૨

શિશુનું ગાંડુંઘેલું તો દે ના મા લક્ષ તો કશું,
શિશુને બોલતું જાણી માને હર્ષ અપાર શું ! ૨૩

છાતીની સરસો ચાંપી હેત મા બાળને કરે,
એવું હેત પિછાનીને મારો તો આ પ્રયત્ન છે. ૨૪

અપાર હેત આવ્યું છે કેટકેટલી વાર તે
—કૃપામાની પરે હૈયે જાણે ઉદધિ ઊછળે ! ૨૫

બતાવ્યા કરતાં કેવું હેત તો કરવું ગમે,
માને દર્શાવવામાં તો એટલું હેત ના ઝરે. ૨૬

માને કેવી રીતે મૂર્ખ બાળ વર્ણવી તે શકે ?
એવા પ્રયત્નમાં ઝાઝી કૈં ના ગુંજાશ હોય છે. ૨૭

તે ભાવે સજ્જનો આને જાણી તેમ ગ્રહી હૃદે,
આડુંતેડું ઊંધુંચત્તું ના કૈં વિચારવાનું છે. ૨૮

તો તો કૃપા થયેલી છે મારા પરે શી સર્વની,
એમ માની તમારોયે ઋણી થઈશ દિલથી. ૨૯

દેખાય ના કૃપા કો'ને વારી કોની પરે કૃપા,
કૃપા પ્રત્યક્ષ ક્યારે તે, તે તે કૃપાથી ગાયું છે. ૩૦

સૌ બાજુથી તપાસીને ઇચ્છા ગાવા કૃપા હતી
—કેટલા કાળથી હૈયે, આજે મૂર્તસ્વરૂપ થૈ ! ૩૧

卐

## પરિશિષ્ટ

# ઉદ્‌બોધન

(પૂજ્ય શ્રીમોટાએ 'કૃપા' વિશે હરિઃૐ આશ્રમ, કુંભકોણમ્‌માં લખ્યું. એ બધું જ લખાણ તેઓશ્રીએ મને ટપાલથી મોકલાવ્યું. કૃપા પરના એ શ્લોકો વાંચીને મને જેવું સમજાયું એવું એ અંગે મેં લખ્યું. પૂજ્ય શ્રીમોટાએ એનો પ્રત્યુત્તર વાળ્યો.

પૂજ્ય શ્રીમોટાએ એ બન્ને પત્રો આ પ્રકાશનમાં સામેલ કરવા સૂચવ્યું, ત્યારે મને એમ સમજાયું કે જીવદશામાં જે કંઈ અનુભવાય છે, એ પૂરતું હોતું નથી. એથી એ દશામાં આપણાથી જે વ્યક્ત થાય છે, એમાંય નરી પોકળતા હોય છે. ઘણી વખત તો જીવ પોતે જે કંઈ બોલે છે, એના મૂળ ભાવને એ સમજતો પણ હોતો નથી. આવો જીવ જ્યારે કોઈ અનુભવી પુરુષ સાથે વહેવારમાં આવે છે, ત્યારે એ જીવની પોકળતા ખુલ્લી પડી જાય છે. આત્મનિષ્ઠનો શબ્દ માત્ર અર્થને જ પ્રગટ કરતો નથી, પણ એ 'ભાવ'માં ઝબોળાઈને આવતો હોવાથી અનેક રીતની ગૂઢ અર્થ છાયા ધારણ કરતો હોય છે.

અંતર્મુખતા પ્રેરે એવો આત્મનિષ્ઠનો પડકાર પૂજ્ય શ્રીમોટાના પત્રમાંથી કોઈ પણ શ્રેયાર્થી સાંભળી શકશે. શ્રેયાર્થીએ તો પોતે જે કંઈ બોલે એવું અનુભવવા મથવાનું છે. માનની કે પૂજ્ય ભાવની અનુભૂતિ હૃદયસ્થ ના રહ્યા કરે તો માત્ર શબ્દો આત્મનિષ્ઠનું જાણે કે ખૂન કરતા હોય એવા વિરોધી-ભાવવિરોધી પણ બની રહે છે.

**- સંપાદક**

## સંપાદકનો પત્ર

: અનુષ્ટુપ :

'કૃપા' જ્ઞાન, વળી ભક્તિ કૃપા કાજ જરૂરની,
દિલથી વ્હેવરાવ્યાં તે કૃપા શક્તિ જ આપની. ૧

કૃપાને સ્તવતાં આપે ભાવ શો વ્હેવરાવિયો !
વળી એ સમજાવાને શો અનુગ્રહ તો થયો ! ૨

રસની પ્રક્રિયા, આપે, ભાવ જેને પ્રમાણવા
—સાથ શી સમજાવી છે ! માત્ર બાર જ પંક્તિમાં ! ૩

વળી આપે ટપારી છે અમારી ભીતરે પડી
—રહેલી વૃત્તિઓ ઊંધી જેથી જગાય જો જરી. ૪

પ્રમાદે સૌ પડેલાં ને વળી બુદ્ધિ થકી રૂડા
લડાવી કૈંક તુક્કા ને ફાંકામાં શા ફરી રહ્યા !
એવા મારા સમા કૈંને જગાડવા કરી કૃપા. ૫

કૃપા શ્રદ્ધાની વચ્ચેનો સંબંધ સ્પષ્ટ શો કર્યો !
પ્રકાશ એથી બુદ્ધિમાં અનેરો મેં અનુભવ્યો. ૬

કર્મ આ સોંપીને આપે લખ્યું છે સ્પષ્ટ એમ કે,
'તો ઉપકાર એ કાજે સન્મિત્રો માનવો ઘટે.'
માત્ર આ કાજ શું બોલું ? કોટિ ઉપકાર આપના. ૭

કૃતજ્ઞતાતણો ભાવ રખાજો મુજ દિલમાં.
મથાજો પ્રેમભાવેથી ભળવા આપ સંગમાં,
ને વળી કરણો મારાં ગળાજો ભાવગંગમાં. ૮

અમદાવાદ, **- રમેશ**

તા.૬-૮-૧૯૭૨

*  *  *

હરિ:ૐ

## પૂજ્ય શ્રીમોટાનો પ્રત્યુત્તર

**કુંભકોણમ્**

: અનુષ્ટુપ :

કૃપા, કૃપાની તો વાતો ઘણાંને કરતાં દીઠાં,
કિંતુ સભાનતા ઊંડી વર્તાતી ના કૃપાની કાં ! ૧

લોકને સાંભળ્યાં કેવાં ગાતાં કૃપાનું ગાન શાં !
આધારે તેમનામાં તો કૃપાનું સ્થાન ક્યાંય ના. ૨

ઉપકાર કરેલો હો કોઈએ આપણા પરે,
તેની સભાનતા ઊંડી જાગેલી હોય છે હ્દે. ૩

લોકો વાતો કરે તોયે હૈયે ઊંડું કૃપાનું તે
—તેમને ના વસેલું છે ચીરી* જોતાં જણાય તે. ૪

કૃપાનું કેટલું લોક મારતાં ઠોકી તાણીને,
કૃપા જો આવીને કે' કે, 'વખાણો છો તમે મને !
મારે લીધે તમારું સૌ તો એવા ભાવને લીધે,
તમારા દિલમાં ઊંડું મારું કાં નવ ભાન છે ?
આધારમાં તમારા તે ક્યાંયે ડોકાતી છું ન કૈં,
પછી બોલવું મિથ્યા તે મારે વિશે તમારું તે.' ૫-૭

માથે ઊંચે ચઢાવો છો, અંતરે તો તમે મને
કશામાં ગણતાં ના છો, જીવતું ના મહત્ત્વ છે,

---

*પાઠાંતર : ચહી

તમારા લોકનું ખાલી ખાલી તો બોલવાનું છે,
તેમાં ઊંડાણ ક્યાંયે ના સાચી વાત કરેલ છે. ૮-૯

જેના અસ્તિત્વને લીધે તમારું કાંઈ સર્વ જો,
છતાં ના ભાન તે વિશે, બોલવાનો જ અર્થ શો ? ૧૦

ક્યાંયે જોડકણાંમાં તો વર્તાય ના પ્રસાદી તે,
પ્રસાદી તે વિના લૂખું લૂખું વર્તાય સર્વ તે. ૧૧

કેટલો શ્રમ આપ્યો છે જુદું તારવવા બધું,
મૂર્ખને ખ્યાલ ના આવ્યો સાવ, બોથડ, મૂર્ખ છું.
શો અણઘડ સંપૂર્ણ જાણીને મુજને ખરે,
તમારું કો'ક જાણીને જતું સૌ કરજો તમે. ૧૨-૧૩

'મને ઊંચે ચઢાવીને નાહક મૂર્ખને તમે
મોટું માન જરા ના દો,' પ્રાર્થના મારી એવી છે. ૧૪

સીધી સાદી જ ભાષામાં કૃપાને લખવાતણું
—માહાત્મ્ય જો કશુંયે હો તો ત્યાં છે તે કૃપાતણું. ૧૫

- **મોટા**

卐

॥ હરિઃૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

# આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા ટેપવાણી | ૧૨ |
| ૪. | પ્રવચન વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનંસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | | |
|---|---|---|
| ૧૩. | આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. | અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. | જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. | ભાવ | ૧૯૭૧ |
| ૧૭. | જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. | જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. | જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. | જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. | શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. | જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. | જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. | જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. | જીવનઆહ્લાદ | ૧૯૭૨ |
| ૨૬. | રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. | નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. | ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. | જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. | જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. | જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. | જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. | જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. | પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. | મોહ | ૧૯૭૩ |
| ૩૬. | કૃપા | ૧૯૭૩ |
| ૩૭. | સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. | શ્રીસદ્દગુરુ | ૧૯૭૩ |
| ૩૯. | કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. | જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. | જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. | જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. | જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. | ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. | ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. | ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. | ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. | ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. | જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. | જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. | મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | દાંપત્ય ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

•

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | મોટા - મારી મા | ૨૦૦૩ |

•

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

•

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મમૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

૧૭. દુર્લભ દેહ મનુષ્યનો ૨૦૦૭
૧૮. દૈવાસુર સંગ્રામ ૨૦૦૭
૧૯. પ્રસાદી (ગુજરાતી) ૨૦૦૮
૨૦. પૂજ્ય શ્રીમોટાના બે બોલ ૨૦૧૪
(તમામ પુસ્તકોમાંથી
લેખકના બે બોલનું
સ્વતંત્ર પુસ્તક)
૨૧. જીવનયોગ ભાગ ૧
અને ૨ ૨૦૧૬
૨૨. બુદ્ધિ ૨૦૧૭

●

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા ‘ભાઈ’ શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

●

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના મોટા | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટા ચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટા ચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

●

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तिका का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम – श्रीभगवान के अनुभव का स्थान | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के मोटा | २०१२ |
| ११. | विद्यार्थी मोटा का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

## હરિ:ૐ આશ્રમમાં ઉપલબ્ધ અંગ્રેજી પુસ્તકોની યાદી. જાન્યુઆરી - ૨૦૨૦

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet (Tuj Charane) | 1948 |
| 2. | To The Mind (Man ne) | 1950 |
| 3. | Life's Struggle (Jeevan Sangram) | 1955 |
| 4. | The Fragrance of a Saint (Paraslila) | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-interest (Swarth) | 2005 |
| 9. | Inquisitiveness (Jignasa) | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals (Vidhi-Vidhan) | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children (Balako na Mota) | 2008 |
| 14. | Against Cancer (Cancer ni Same) | 2008 |
| 15. | Faith (Shraddha) | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human to Divine (Bhagat ma Bhagwan) | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace (Krupa) | 2012 |
| 20. | I Bow at Thy Feet (Tuj Charane) | 2013 |
| 21. | Attachment and Aversion (Raag Dhwesh) | 2015 |
| 22. | The Undending Odyssey - My Experience of Sadguru Sri Mota's Grace | 2019 |

●

॥ હરિ:ૐ ॥



‘જરા તરા વિશે માગે કૃપા’ એ તો નકામું છે,
‘શાક લેવા હીરો વેચે’ એવા સંસારી મૂર્ખ છે.

❁

પરિચય થયા વિના જેમ માગી શકાતું ના,
તેમ શો ગાઢ સંબંધ થતાં, માગવું ઠીક ત્યાં.

❁

એવો હૃદય સંબંધ હરિ સાથે થયા પછી,
જે તે કૈં માગવું ઈષ્ટ, તે વિના ઈષ્ટ તે નથી.

❁

સંબંધ દિલનો ઊંડો ચેતના સાથ જીવતો,
એકધારો પૂરેપૂરો થતાં, માગી તમે શકો.

❁

કૃપા રેઢી પડેલી ના એને મેળવવા ભલા,
સંબંધ કેળવાયા તે વિના, મગાય ના કૃપા.

- શ્રીમોટા

*‘કૃપા’, ચોથી આ., પૃ. ૩૨,૩૩*

કિંમત : રૂ. ૨૦/-